—ગુમ ચપેટી—

મોતીની માળા
ને હીરાનોહાર.

એક		કીમત
કલ્પીત		૦-૮-૦
વાર્તા.		આના.
ભાગ ૧ લો.		૦-૪-૦.
1911.		As.

ખાસ વાંચવા લાયક,

Written and Published by
PARIKH MANILAL DWARKADAS.

આ ગુમ ચપેટી મોતીની માળા ને હીરાનોહાર નામની કલ્પીત નોવેલ છપાવી બહાર પાડનાર-પરીખ મણીલાલ દ્વારકાદાસ, રહેવાશી-લાખી ગેરી-ખેડાના. હાલ મુકામ કોઠારી મોતીલાલ મોહોલાલને ત્યાં, દેશાઇ પોળ—અહેમદાવાદ

છાપનાર-શાહ હુરજીવનદાસ અમરસીએ, ધી શારદા વિજય પ્રીન્ટીંગ પ્રેસમાં છાપી-પાંચકુવા પોળ-અહેમદાવાદ

પાનામાં છાપવામાં આવશે.

ચાર ચોપડી સાથે ખરીદનારને એક ચોપડી વધુ આપવામાં આવશે.

ખરીદનારે નીચેની લાઇનોમાં પોતાનું ઠેકાણું ચોખ્ખા દસ્કતે અને સહી થી લખી ટીકીટ ચોડી મોકલવા કૃપા કરવી.

નામ ______________________

ઠેકાણું. ______________________

ગામ કે શહેર ______________________

રેલ્વે સ્ટેશન. ______________________

નોવેલમાં જાહેરખબરની છપામણીનો
ભાવ નીચે પ્રમાણે છે

૧ પેજના	રૂ.	૨–૦–૦
૦ાા ,,	રૂ.	૧–૦–૦
૦ા ,,	રૂ.	૦–૮–૦
ચાર લાઇનના		૦–૪–૦

છપાવી બહાર પાડનાર
પરીખ મણીલાલ દ્વારકાંદાસ
દેશાઇ પોળ.
મહેમદાવાદ.

શ્રી સારદા વિજય પ્રીન્ટીંગ પ્રેસ–મહેમદાવાદ

આ નોવેલ સરકારમા રજીસ્ટર કરાવી સરવે હક છપાવનારને સ્વાધિન છે.

તા. ૧૫-૭-૧૯૧૪ મહેમદાવાદ.

Hand to Hand
Good reading
Novel

કિમત રૂ. ૦-૮-૦
પ્રત ૧૦૦૦



ગુમ થયેલા

મોતીની માળા



ને

હીરાનો હાર,

એક કલ્પીત વાર્તા.

લખનાર તથા છપાવી પ્રસીદ્ધ કરનાર—પરીખ મણીલાલ દ્વારકાંદાસ
નવી વહુ ગુલાબના ફૂરસનો લખનાર
ઠે-દેશાઈ પોળ—મહેમદાવાદ.

ધી શારદા વિજય પ્રીન્ટીંગ પ્રેસમા શા હરજીવન અમરસીએ છાપી-મહેમદાવાદ.

ૐ

ગુમ થયેલી

મોતીનીમાળા

ને

હીરાનોહાર.

એક કલ્પીત વાર્તા.

પ્રકરણ ૧ લું.

મોતીનીમાળા અને હીરાનાહારની પહેલીજ મુલાકાત!

સ્થલ.–મુંબઇ બંદર.

વિક્ટોરિયા ગારડનમાં મોતીનીમાળા.



Long Live The Emperor and Empress of India

This Novel is Written by—

Parikh Manilal Dwarkadas—

Desai Pole--Mehmedabad.

Was an English Compositor in 'Gujarati Punch', 'Praja Bandhu' 'Satya Vijaya' 'Satya Narayan' and Victoria Press Ahmedabad, and in 'Ajinkya' 'Jainodaya Co. Ltd' and 'Daily Parsi' Paper and many other Presses in Bombay, Surat and Baroda,-an inhabitant of-- Long Street-Kaira.



MOTINIMALA

ગાયન.

ચીત ચોરી ચાલો એ— ૧ ૨
ચટક મટકતી એ ચાલ ચાલતી,
શરમાતી જાતી એ મદમાતી,
જરી ગભરાતી ને એ શંકાતી,
પ્રેમના મંડળમાં એ પંકાતી,
મદન તણાએ ગુણ ગાતી ગાતી,

જતીજ રહી—અશ્રુમતી નાટક.

મુંબઇમાં જી. આઇ. પી. રેલ્વેના ભાયખલા સ્ટેશનની સામે આવેલા વિકટોરીયા ગાર્ડનમાં એક દીવસ સાંજના ઉનાળામાં—એક બંર જોબનના વેગમાં તણાતી-સૌંદર્યની પુતળી-પ્રેમના મંડળમાં પંકાતી-નવયૌવન બાળા—જુવાનીના મદમાં ડોલતી—પ્રેમ હંચોળાની સાંકળ હાથમાં

આલી ઝુલવા માટે તરફડીયાં મારતી—કોઇ પ્રેમી જનની શોધ કરવા માટે— પોતાના હૈયાનો હાર બનાવવા—દુનાયામાં પડતા સુખદુઃખમાં ભાગ લેનારને—પોતાના ભર જોબનના રંગમાં રંગવાને—તથા પ્રેમ હીંચોળે સાથે હીંચવાને—- પોતાના સોળે સણગાર સજી, સરખી સાહેલીઓ સાથે પ્રેમની વાતો કરતી, આડી આંખે પોતાની સાહેલીઓને છેતરતી હતી.—! ! !

પ્રેમ આંધળો—દીવાનો—કે ગાંડો—કે કોઇ નહી કળી શકે—કે કોઇ નહી વર્ણવી શકે તેવો હશે? ગમે તેવો પ્રેમ હોય, પણ પ્રેમ શબ્દમાં મીઠાશ તો ઘણી લાગે છે. જયાં જુવો ત્યાં કોઇપણ જાતનો કોઈને કંઇપણ પ્રેમ હોય, હોયને હોય, પછી જોયેતો ખરો કે ખોટો; પણ પ્રેમ શબ્દ તો પ્રેમીઓના મોંમાં પાણી છોડાવ્યા વિના રહેતો નથી.

તે નાજુક અને કોમળાંગી કુમારીકાએ માથામાં ફુલનો અંબોડો ગુંથી—હાથમાં ખરા હીરાની (બનાવટી રેટના હીરાની નહી હો) બંગડીઓ તથા કાને હીરાનાં ચળકતાં એરીંગ પહેર્યાં હતાં. ખરા હીરાની વીંટી તેના કોમળ હાથની નાજુક આંગળી ઉપર ચળકી રહી હતી કે જે વિંટીના નંગની નીચે પોતાના નાના ફોટાને જડાવી

લીધો હતો. આ વીંટી જોનારનું મન હરણ કરતી હતી, અને તે જોનારા કદાચ એવી ઇચ્છા રાખતા હશે કે આ વીંટી આપણને ભેટ મળે તો નશીબ ફરી જાય, તે હીરાની વીંટીની કીમત લગભગ લાખ રૂપીઆની હતી. (ઝળકે તો લાખની, નહીતો કાખની).

સોનેરી બુટ્ટાવાળી સફેદ રેશમી સાડી કે જે સાડીની કીનાર પર પોતાના નાના ફોટાઓ થોડે થોડે છેટે કાળી મખમલની પટી ઉપર સોનેરી ઝીકથી ફરતા ભરી લીધા હતા. તે સાડી તેના નાજુક અને સફેદ ગુલાબી બદન ઉપર હવામાં ફરફરી રહી હતી. ગુલાબી રેશમી પોલકુ પોતાની જાતી દેખરેખ નીચે ફેસન બંધ સીવડાવી પહેરેલું હતું કે જે પોલકાની બાંયની કીનારપર છેલ્લામાં છેલ્લી શોધ અને ફેશન મુજબ ફુલની માફક સાચાં મોતીની શેરો ટંકાવેલી હતી કે જે ગુલાબી રેશમી પોલકુ તેણીના મોતી સરખા ગોરા બદનને દીપાવવાને કમી નહોતું. તે ફેન્શી પોલકાપર લોકેટમાં પોતાના નાજુક ફોટાને સુદી પીન મારી લટકાવાને ચુકી નહોતી. રેશમી સાડી નીંચે પહેરેલો ચણીઓ કે જે ચણીઆની નીચે ફુલ ટાંકવામાં આવી હતી તે ફુલ હવામાં સાડી ફરફરતી વખતે સ્હેજ સ્હેજ દેખાતી હતી કે જે ફુલને તદન ખરા

મોતી વડે આછી આછી ભરાવનારામાં આવી હતી. આ ફેશનેબલ પોષાક સાથે હાથના કાંડાપર નાજુક ફેન્સી લેડી વોચ સ્પ્રીંગની બંગડીમાં જડાયેલું પહેરવાને ભુલે તેવી તે કુવારીકા નહોતી. તેના તેજસ્વી કપાળમાં કુમકુમનો ઝીણો ચાંદલો કર્યો હતો અને તે ઉપર માથાની લટોમાં ગુંથેલી સાચાં મોતીની શેરો તેના તેજસવી લલાટ પર લટકી રહી હતી. વાહ.વાહ.

શું ફોટોગ્રાફ લેવા લાયક મોતીની માળાનો આ વખતનો દેખાવ. મારી પાસે આ વખતે છુપો કેમેરા હાજર નહોતો નહીતો તે ફોટોગ્રાફ લેવાને કદાચ હું ચુકત નહીં અને આપ સાહેબ વાંચનારની દીલની ઉમેદ બર લાવવાને આ નોવેલમાં છાપી બતાવત.

હશે જે થયું તે થયું, વળી આગળ ઉપર જોઈ લઇશું ચાલો હવે આપણે આપણી નોવેલની ચાલતી વાત પર આગળ વાંચીએ. અરે હજુતો જરાક લખવાનું મોતીની માળાના દેખાવ વીશે રહી ગયું.

ગળામાં સાત શેરોની મોતીની માળા પહેરેલી હતી કે જે મોતીની માળા ઉપર વીજળીનું બટન ટાંકવામાં આવ્યું હતું કે જે બટનનો પ્રકાશ મોતીની માળા ઉપર પડતો જેથી મોતીની માળા વધારે સુંદર ઝળકતી હતી અને જોનારને ચમકાવતી હતી.

(પેલા જન્મમાં જે સ્ત્રીઓએ પોતાના સાચા દીલથી અને ખરા જીગરથી પતી સેવા કરી હોય અને ઇશ્વર ઉપર ભરૂંસો રાખી સારે રસ્તે પોતાથી બનતો ધર્માદમાં હાથ લંબાવ્યો હોય તે સ્ત્રીઓને આવો વૈભવ મળે એમજ અમારૂં તો ધારવું છે) તે ગૌરવદની બાળાએ કમરે સોનાનો રત્ન જડીત કીમતી કંદોરો પહેરેલો હતો. પગમાં ઉંચા કોઈ હુંશીયાર કારીગરના હાથના બનાવેલા નરમ, સુંવાળા ભુરા મખમલના સ્લીપર પહેરેલા હતા. સ્લીપરની આગલના ઉપલા ભાગ ઉપર સાચાં સાત સાત મોતીનો એક એક ઝુમ્કો ટાંકેલો હતો. રેશમી ફ્રેન્સી બારીક મોજાં પહેરવાને ભુલી નહોતી હાથમાં રેશમી રૂમાલ (સેંટ છાંટેલો સુવાશીક) હવામાં હલાવી રહી હતી. આ બાળાને સાચાં મોતી ઘણાં પ્રિય લાગતાં હતાં. પોતે ભરવા શીવવામાં ઘણીજ કુશળ અને ચતુર હતી. અને ભણીને પણ વધારે ચતુર થતી હતી. મોતી ઉપર તેનું ઘણુંજ વ્હાલ જોઇને, તેની ફોઇએ તેનું નામ મોતીની માળા પાડયું હતું કે જે બાળાને; હવે આપણે આપણી વાર્તાની નાયીકાને, મોતીની માળાના નામથી ઓળખીશું. મોતીની માળાનો સ્વભાવ શાંત હતો, અને પોતે હમેશાં ખુશ મીજાજમાં રહેવાનું પસંદ કરતી હતી.

હાવ ભોળીતો નહોતી. કારણ કે પોતે પોતાના દીલની વાત કે ઈને એકદમ કહી દેતી નહોતી. વખતનો સારો ઉપયોગ કરી જાણતી હતી; આળસે પોતાનું ઘર તે બાળામાંથી તજ્યું હતુ. પોતાની સાહેલીઓને પણ વખતોવખત બે સારી શીખામણની વાતો કહેતી હતી, તેનું દીલ ઉદાર હતું અને તેનો ઉપયોગ સારે રસ્તે કરી જાણતી હતી. આટલો વૈભવ તથા ગુણ હોવા છતાં તેને ઘણો હદ બાહેર અભીમાન નહોતો. હવે ફક્ત તેની એકજ ઇચ્છા અત્યારે પુરી થાય તે માટે તે શોધમાં વખતે વખતે પડી જતી અને મનમાં હવાઈ કિલ્લા આશાઓના ફળિભુત થવાના બાંધતી હતી. કારણ તે બાળા સમજતી હતી કે મનુંષ્ય પ્રયત્નને ઇશ્વર શીવાય બીજો કોઈ પુરેપુરી શહાય કરી શકતો નથી. મોતીની માળા પોતાના ભભકાબંધ ફેશનેબલ બંધ બેસતા પોષાક સાથે વિકટોરીયા ગાર્ડનમાં પોતાની સરખી સાહેલીઓ સાથે વિનોદ કરતી દાખલ થઈ.

પ્રકરણ ૨ જું,

મોતીનીમાળાનું બગીચામાં પ્રવેશ કરવું,

વિકટોરિયા ગારડનમાં બેન્ડ.

આજે મુંબઇના વિકટોરીયા ગાર્ડનમાં બેન્ડ (વાજુ) વાગવાનું હતું અને તે જોવાને, સાંભળવાને, અને બાગમાં ફરવાને માટે હરેક માણસ દીઠ પ્રવેશ ફી બે આના રાખવામાં આવી હતી. છોકરાઓ અને નાનાં બાળકોને માટે એક આનો ફી રાખવામાં આવી હતી. આથી મોટા અમીર માણસોને વધારે લાભ થતો હતો, અને તેઓ સાહેબને ફરવાને ઝાઝી હરકત પડતી ન્હોતી કારણકે ફી રાખવામાં આવ્યાથી જુજ માણસો અને શોખીન પુરૂષો અંદર દાખલ થયેલાં જેથી મન પસંદ ફરવા હરવા નીરૂટ મલતી હતી.

આપણુ લક્ષ્મી દેવીનો એક નાનકડો ચમત્કાર હતો.

ગરીબડાં બીચારાં તે દીવસે બહારથી અંદર જોવાને વલખાં મારી રહયાં હતાં, પણ આ દાખલ થવાની ફી હમેશાં રાખવામાં નથી આવતી. થોડાક મહીનાના અઠવાડીઆમાં એક દીવસ રાખવામાં આવે છે. મોતીનીમાલાએ તરતજ ત્યાં ઝાંપા પાસે ઉભા રહેલા ટીકીટ કલેકટર પાસેથી ટીકીટો લેવાને પોતે બહારથી પાટીયા ઉપર લખેલી ફી મુજબ ટીકીટના પૈસા આપવા માટે ઝડપથી પોતાના ફેશનેબલ પોલકાના નાજુક ખીસામાં હાથ ઘાલી મનીપર્સ (પૈસા મુકવાની ભુરી મખમલની પાકીટ) માંથી એક ગીની કાઢી પોતાની સાથે ઉભેલી સાહેલીઓમાંથી એક સાહેલીના હાથમાં આપી. ટીકીટો લેઈ બાકીના પૈસા સાથે પાછલ આવવા હુકમ કરતી તરતજ રૂવાબથી બાગમાં દાખલ થઇ તરતજ તે સાહેલીએ ટીકીટો અને ચેઇન (પરચુરણ) લઇ મોતીનીમાલાને આપ્યું કે તરતજ મોતીનીમાલાએ તે પાછું પાકીટમાં નહી મુકતાં પોતાની જોડેની દરેક સાહેલીને એક એક રૂપીઓ પોકેટ એક્ષપેન્સ (ખીસ્સા ખરચી) માટે આપ્યો. ટપ દઇને ગરીબ બીચારી સાહેલીઓએ ગવનના છેડે બાંધી કેડમાં ખોસી દીધો. ગરીબાઇનો પણ આ એક સારો નમુનો છે પણ જો શેઠાણી મળે તો તેમને આવીજ મલજો કે જે વખતોવખત પોતાનો હાથ લંબાવવાને અને કદર કરવાને ચુકતી નથી. મોતીનીમાળા

તે તો મોતીનીમાળાજ રહેવાની તે ના ગણકે તો પછી તેનું પાણી કયાં રહ્યું.

જેવી મોતીનીમાળા પોતાની સાહેલીઓ સાથે બગીચામાં ટીકીટો લઇ પ્રવેશ કર્યો ને થોડો વખત થયો નહી તે દરમ્યાનમાં તો તેનાં પગલાંના પ્રતાપથી ત્યાં રાખવામાં આવેલી કેશ બૉક્ષ (પૈસા મુકવાની પેટી) કે જે ટીકીટોના વેચાણના પૈસાથી અને રૂપીયાથી ચીકાર ખનનનન સાથે ભરાઇ ગઇ. ટીકીટ કલેકટર પેટી ઉપાડતો કે ઓફીસમાં દાખલ થયો અને જલદી નોકરીનું કામ તે દીવસે ખતમ થતાં તેને કેશ મેલવી ઓફીસના એકાઉન્ટન્ટને કેશ આપી દીધી. સાથે બેશી હીસાબ મેલવી બે ઘડી આરામ લેવા બગીચામાં બેઠો

આજના ટીકીટરોગમાં વધારે પસંદગી તેને મોતીનીમાળાના રૂવાબને આપી હશે. કારણ કે મોતીનીમાળાની એટીકેટ પણ ભલભલો માણસ બે ઘડી જોયાજ કરે તેવી હતી, પણ તેથી કોઇને કોઇપણ જાતનો ગેરલાભ નહી થતાં લાભ થવાનો વિશેષ સંભવ હતો.



પ્રકરણ ૩ જું,

બગીચાનો દેખાવ.

તેમાં ગોઠવેલું જોવાલાયક સંગ્રહસ્થાન,

વિકટોરીઆ આરડનની ચારે તરફ ફરતો લોખંડી મજબુત અને ઉંચો કઠેરો ગોઠવવામાં આવ્યો છે. જેની અંદર દાખલ થવાના મોટા બે દરવાજા રાખવામાં આવ્યા છે. આ બે દરવાજાની વચમાં વખત જોવાને માટે ટાવર બનાવવામાં આવ્યો છે. જેની અંદર મોટી ઘડીઆળ વાગતા ટકોરા સાથે રાખવામાં આવી છે. દરવાજામાં દાખલ થઈ આગળ જતાં ડાબે હાથે એક છોબંધી લંબ ચોરસ બંગલો બંધાવેલો છે જે બંગલાને સંગ્રહસ્થાન તરીકે ઓળખાય છે. તે બંગલામાં થોડાં લાંબા પગથીઆં ચઢી ટાઇમસર દાખલ થવાય છે વખત થતાં તે સંગ્રહ-સ્થાનના દરવાજા સીપાઇઓ ઉઘાડે છે એક સીપાઇ બહાર

લોકના બુટ સાચવવા બેસાડવામાં આવે છે બીજો સીપાઇ લોકોની છત્રીઓ લઇ તેમના હાથમાં પતરાનો ગોળ કટકો નંબરવાળો દોરીથી બાંધેલો છત્રીનો નંબર ઓળખવાને આપવામાં આવે છે જે સંગ્રહસ્થાનમાંથી જોઇને બહાર નીકળતી વખતે તે નંબર સીપાઇને પાછો આપતાં જોવા જનારની છત્રી કે લાકડી પાછી આપવામાં આવે છે તે સંગ્રહસ્થાનને ચોતરફ ફરતો માળ લોખંડી સોનેરી કઠેરા સાથે અને ચડવા ઉતરવાની બે સીડીઓ સાથે બનાવવામાં આવ્યો છે અને છેક ઉપરની છટ સોનેરી બુટ્ટાથી રંગીન ચીત્ર કામથી ઉંચી કારીગરીથી બનાવવામાં આવેલી છે સંગ્રહસ્થાનમાં વચ્ચોવચ બાવળુ મુકવામાં આવેલું છે.

નીચેના ચોગાનની ચોતરફ ફરતાં હારદોર કાચનાં ઢાંકણાનાં ઉપરથી ઉઘાડવાનાં કબાટો ગોઠવેલાં છે જેની અંદર જાતજાતની દરીયાઇ ચીજો અને જનાવરો ગોઠવવામાં આવ્યાં છે. પેસનાં બે બાજુ બે હોલ આવે છે તેમાં જોવા લાયક રંગીન દેખાવ બનાવવામાં આવ્યા છે સીડીની બંન્ને બાજુ બે હોલ બીજા આવેછે તેમાં ઉંચી કારીગરીથી બનાવેલાં પથ્થરઅને આરસનાં નાનાં પુતળાં કાચના ગોળ ફરતા કબાટમાં મુકવામાં આવ્યાં છે. બીજી બાજુના હોલમાં અસલની હાથ આવેલી પથ્થરની સીલાઓ લેખ સાથે શોધી

કાઢી ગોઠવવામાં આવી છે ઉપર ચડતાં જાતજાતનું રેશમી તથા સુતરાઉ ભરતકામ સેતરંજી, ગાલીચા, પાઘડીઓ, સોના રૂપાના દાગીના તથા આરસ, પથ્થર, અને માટોના જુદીજુદી વસ્તુઓના ઘાટ બનાવી નમુના મુકવામાં આવ્યા છે. અસલી જુનાં લડાઇનાં હથીઆરો એક ભીંત ઉપર લટકાવામાં આવ્યાં છે. એક કનાટમાં સીતાજીની પાછળ રાવણે જે ચોકી મુકી છે અને ઝાડ ઉપર હનુમાનજી બેઠેલા જોવામાં આવે છે. બીજા કનાટમાં ખેતીવાડી અને નાનાં ગામડાનો દેખાવ મુકવામાં આવ્યો છે. ગામડાનાં લોક મોટા લાકડાના કટકા ખભા ઉપર મુકી ખેતરમાંથી ઘેર લાવે છે એક બાજુ હળ ચાલે છે બીજી બાજુ ખેડુતોની સ્ત્રીઓ માથે ટોપલા મુકી કોઇ ઢોર હાંકે છે કોઇ છાણા થાપે છે કોઈ ખેડુત તાડીના ઉંચા ઝાડ ઉપર છેક ચડી તુમડાં બાંધી ને પાછા નીચે ઊતરે છે. કોઇ વાવેતર કરે છે.

એક કનાટમાં હીંદુની જમણુ વારની નાતનો દેખાવ બનાવવામાં આવ્યો છે પતરાળા ને પડીઆ કોઇ આપે છે કોઇ લાડુની ટોપલીઓ ઝાલી લાડુ પીરસે છે કોઇ દાળ પીરસે છે ને કોઇ શાક પીરસે છે એક બાજુ જમીનમાં ખોદી રસોઇ ગરમ કરવાના ચુલા બનાવવામાં આવ્યા છે. એક બાજુ બાઈડાઓ છાંડેલુ જમન પાછુ લેવા ટોપલીઓ

હાથમાં લઇ ફરે છે, એવા નાના નાના વિધવિધ પ્રકારના મનને આનંદીત કરનારા દેખાવો, કાચના કબાટમાં ગોઠવવામાં આવ્યા છે.

વાંચનારનો વધારે કીમતી વખત નહી રોકતાં, ચાલો આપણે સંગ્રહસ્થાન જોઇ, નીચે ઉતરી બાગમાં શું છે તે જોવા આગળ વાંચીએ.

બગીચાની અંદર દાખલ થતાં ડાબે હાથે હાલ નવા બાંધેલા એક ચોગરદમ ફરતા જાળીવાળા મકાનના આગલા ભાગમાં સરકારે લડાઇમાં કબજે કરેલી તોપ વીઝીટરોને જોવા માટે ગોઠવવામાં આવી છે, ને અંદરના ભાગમાં ચડઉતર રસ્તા કરી, ફરતા કુમળા છોડવાઓ રોપી લીલોતરીવાળી સુંદર બેડક બનાવી છે; ત્યાંથી આગળ ચાલતાં, સીંહનું મોટું પાંજરૂ આવે છે જેમાં સીંહને છુટા મુકવામાં આવ્યા છે. ઉંચા લોખંડી સળીઆ, તીક્ષ્ણ ધારવાળા, ઉપરથી ગોળ વાળી જમીનમાં સજજડ બેસાડેલા છે અને પાંજરામાંથી સીંહો બહાર છટકી જવા ન પામે તેવા પાકા બંધોબસ્ત સાથે મઢી લેવામાં આવ્યા છે. સીંહને રહેવા તથા ખાવાને માટે નાની નાની છાપરાંધી ઓરડીઓ અંદર બનાવેલી છે. ત્યાંથી આગલ ચાલતાં હાથીખાનું આવે છે, જયાં એક હાથી છે તેપર બેશી બાગમાં ફરવા માટે ફ્રી રાખવામાં આવી છે. જે ત્યાં ફરવા અને જોવા આવતા વિઝિટરો, એની

મોજ પડે તે ફી આપી પોતાનાં નાનાં બાળકોને હાથીપર બેસાડે છે, પછી માવત તે હાથીને બાગમાં ફેરવે છે, બાગ જોયા પછી બાળકોને સાચવીને, બે બાજુની બે સીડીઓ ઉપરથી નીચે ઉતારે છે, ત્યાંથી સ્ટેજ આગળ ચાલતાં રીંછનું પાંજરૂ આવે છે, જેની અંદર નાનાં પથ્થરનાં ચોરસાં ચણી, અંદર પાણી પીવાની અને રહેવાની ગુફાઓ કરી ડુંગરનો દેખાવ બનાવેલો છે અને તે ડુંગરને ફરતા મજબુત ઉંચા લોખંડી સળીઆઓને સજ્જડ જમીનમાં બેસાડેલા છે; આ રીંછના પાંજરાની સામે વાઘનું પાંજરૂ છે.

આ શિવાય, બીજાં જોવા લાયક જનાવરો છે, જેવાંકે-ચિત્તા, હંસ, વરૂ, શીઆળ, હરણ, માંકડાં, જંગલી બીલાડી, સફેદ ઉંદર, સસલાં, લોંકડી, શિકારી મોટા જાફરીઆ કુતરા, કાચબા, ભુંડ, તરતાં બગલાં, મેનાપોપટ, કાકાકૌઆ, જાત જાતની રંગીન ચકલીઓ, બુલબુલ પક્ષી, વિગેરે, વિગેરે, તમામ જાતનાં નાનાં મોટાં જનાવરોને, પાંજરામાં તેઓની પુરતી જેવી જોઇએ તેવી ખાવા પીવાની અને રહેવાની સગવડો સાથે રાખવામાં આવ્યાં છે; અને તેઓની તપાસ માટે ખાસ ડાકતરને પણ રોકવામાં આવેલ છે. આ બગીચાની વચ્ચે, ખુલ્લી જગામાં એક નાની સુંદર બેઠક 'બેન્ડસ્ટેન્ડ' માટે બનાવવામાં આવી છે, આ શિવાય, નાના, નાના, લાકડાના પુલ, બતકોને તરવા માટે નાના નાના પાણીના

વ્હેરા, માંકડાંને નાચવા, કુદવા, અને હીંચકા ખાવાનું મકાન, હરણોને નાસવાનાં છુટાં કઠેરાવાળાં મેદાનો, શાંત અને મગજને ઠંડક આપે તેવી લીંલોતરીવાળી જગા, અજગરને રહેવાનો કુવો, મોરને કળા કરવાની જગા, ઘાસને ચકતાકાર કાપીને તેની અંદર બગીચામાં 'વિક્ટોરિયા ગાર્ડન' એવા મોટા હરફો પુરેલી ઝીણી વચ્ચે, તેમાં બનાવેલા છે. આ બગીચામાં પાણીનાં તળાવ, નળની પણ ગોઠવણ સારી રાખવામાં આવી છે. જાતજાતનાં ઝાડો, ગુલ પીચકારી ફુવારા દોડતા અને રેલા, પાણીમાં તરતાં કમળનાં ફુલો, મોટાં ગોળ તરતાં લીલા પાંદડાંવાળા અને પોયણીના વેલાઓ, અને ચંપો, ચમેલી, ગુલાબ, જાઇ, કેતકી કેવડો, ગુલાબ અને બટ મોગરાની હવામાં ફેલાઇ રહેલી ખુશબો, બે ઘડી, મગજને તર કરી, મનને આનંદ આપી, દીલને વધારે ઉત્સાહી બનાવી, ખુશખુશ કરી નાંખે છે.

વાહવાહ ! (મને તો આવા બગીચાઓમાં ફરવું ઘણુંજ ગમે છે જયાં જાતજાતના અને દેશવિદેશના લોકનો હર હમેશ આનંદી સમુહ જોવામાં આવે છે).

મોતીનીમાળા, હવે આ બગીચામાં પ્રવેશ કરતાંની સાથેજ, પ્રેમની માળા ગુંથવા તૈયાર થઇ. તરતજ તેણીએ પોતાના ફેશનેબલ મોતી ટાંકેલા ગુલવાળા ગુલાબી રેશમી પોલકાના નાજુક ખીસામાં હાથ નાંખી, બહાર ભુરી મખમલની નાજુક ફેન્સી પાકીટ કાઢી, તે ઉઘાડી, તેમાંથી

એક ગીની લઇ, એક સાહેલીને આપી બગીચાની ઓફીસમાં, ગુલાબનાં તાજા ફુલ વેચાતાં લેવા માટે મોકલી; પોતે પાકીટ બંધ કરી સાચવીને, પાછુ ખીસ્સામાં મુક્યું. તે સાહેલીએ ઓફીસમાં જઇ, મેનેજરને મળી, ફુલ વેચાતાં લેવા સબંધી વાતચીત કરી, માળી પાસે ફુલ મંગાવી, તેની કિંમત આપી, પહોંચ લઇ, રૂમાલમાં ગુલાબનાં તાજાં ફુલ સાથે, પોતાની બાસાહેબ મોતીનીમાળા પાસે હાજર થઇ.

તરતજ તે ફુલનો ઉપયોગ કરવામાં આવ્યો, હાર ગુંથવાનાં સાહીત્ય, એક સાહેલીએ હાજર કર્યાં, તેઓ સર્વે એક ઘટાદાર ઝાડની છાયા નીચે, જ્યાં એક બેન્ચ ગોઠવવામાં આવી હતી, ત્યાં તે બેન્ચપર, તેની એક સાહેલીએ નાની ફેન્સી જાજમ બીછાવી જેની ઉપર ફક્ત એકલી મોતીનીમાળા, સામે ફુલ મુકી, પોતે ગુંથવાની તૈયારી કરવા બેઠી. બીજી એક સાહેલી વીણા સાદે ગાવા લાગી, બે પાછલથી પંખો નાંખવા લાગી, અને બાકીની સાહેલીઓ તેણીના હુકમની રાહ જોઇ ઉભી રહી હતી. મોતીનીમાળાએ હવે પ્રેમથી, ગુલાબના ફુલનો હાર ગુંથવા શરૂઆત કરી, ગુંથતાં ગુંથતાં તેણી કંઈ સજજડ વીચારમાં લીન થઈ ગઇ, સાહેલીઓનાં મોં ઉતરી ગયાં, અને અંદર અંદર પુછવા લાગી કે આજ બાસાહેબ આમ કેમ કરે છે,

અત્યાર સુધીતો હુંશીયાર હતાં, અને આ હાર ગુંથતાં ગુંથતાં આ શું થયું; પણ કોની તાકાત કે આ વખતે આપણી વાર્તાની નાયીકા મોતીનીમાળાને હુંશીયારીમાં લાવે



પ્રકરણ ૪ થું,

મોતીનીમાળાનું હુંશીયારીમાં આવવું,

સાહેલીઓનું શોધમાં જવું.

પ્રેમબીજ.

પણ જયારે નેળનાં ગાડાં, નેળમાં ને નેળમાં હોઈનાં રહ્યાં નથી અને કદાચ રહેશે પણ નહીં ત્યારે આપણે આ વખતે એમ કેમ કહી શકીશું કે, મોતીનીમાળા આ સ્થીતીમાંજ રહેશે ? કુદરત પોતાનો રસ્તો પળે પળે લેતી હતી, અને આ

વખતે પણ, તે પોતાનો રસ્તો લેવાને ભુલી ન્હોતી. જોત જોતામાં તે મોતીનીમાળા હુંશીયારીમાં આવતી ગઇ; પણ વખતે, વાંચનારને જાણવાની આતુરતા રહેતી હશે કે— મોતીનીમાળા હુશીયારીમાં આવી, તેનું કંઇપણ કારણ હોવું જોઇએ. હા; કારણ તો એ હતું કે વિચારમાં લીન થયેલી મોતીનીમાળાના કાનપર, કોઇએક શોખીન જુવાન, કે જે જુવાન ઇંગ્લીશ ઢેબમાં સજ્જ થયો હતો, અને જેને શરીરે ઢાકાની મલેમલનું બારીક પહેરણ પહેરી તે ઉપર પાલીશનું આપન કોલરનું ચળકતું ખમીશ અને તેપર ડબલ ચેસ્ટનું, ચાઇના શીલ્કનું જાકીટ અને હાફકોટ પહેરી, પગે બારીક પીળાં સોનેરી લીટીવાળાં મોજાં ગેટર સાથે ને તે ઉપર બોસ્ટોકના ચળકતા ઇંગ્લીશ હોલબુટ ચઢાવી ચાઇના શીલ્કનું પાટલુન પહેર્યું હતું. ખમીસપર પાલીશ કરાવેલો સફેદ ચળકતો કોલર પહેરી અને તે કોલરમાં સોનેરી ટાઇ લગાડી ખમીશ સાથે ટાઇને, ખરા હીરાની સફેદ ચુનીવાળી સોનાની પીનથી, ફીટ કરી હતી. જાકીટના નીચલા બે ખીસાઓમાં, એકમાં નાનુ સોનાનું ઘડીઆળ ઘાલી બીજા ખીસામાં સોનાના અછોડાનો છેડો ભરાવ્યો હતો. ખમીશની બાંયની અંદર, સેંટ છાંટેલો સુવાસીત બારીક ફેન્સી રૂમાલ, સહેજ બાંયમાંથી બ્હાર દેખાય તેમ રાખ્યો હતો. હાથમાં વોકીંગ સ્ટીક કે જેના હાથામાં

વીજળીક બત્તી ગોઠવવામાં આવી હતી તે ઝાલી હતી. જમણા હાથની આંગળીપર નાજુક ખરા હીરાની ચળકતી લાલ ચુનીવાળી વીંટી પ્હેરી હતી. હાફકોટના ખીસામાં અડધો ડઝન સોનેરી દસ્તકવાળાં સફેદ સોનેરી કીનારવાળાં વીઝીટીંગ કાર્ડ પોતાના એડ્રેસનાં છાપ્યાં હતાં. હાફકોટ ઉપર પોતાના નાના ફોટાને સોનેરી લોકેટમાં લટકાવી દીધો હતો, અને એક બાજુ સોનાનું સોનેરી ફુલાવર સાત ભુરી ચુનીઓવાળું ખોસ્યું હતું. ચાંપવાળી પેન્શીલ અને ઈન્ડીપેન્ડન્ટ પેન, ખીસાની બ્હાર ચાંપો દેખાય તેમ રાખી હતી. હાફકોટના અંદરના ખીસામાં ચાંપવાળી પાકીટ હતી, જેમાં થોડી સોનાની ગીનીઓ, નોટો તથા ફેન્સી ડાયરી મુક હતી. પાટલુનપર પટાને બદલે સોનાનો નકકુર કંદોરો પ્હેરી, માથે ઇંગ્લીશ હેટ (ટોપી) મુકી હતી. ખમીસનાં ચાર બટન હીરાનાં હતાં. કોલરનાં બટનમાં વીજળી ગોઠવવામાં આવી હતી. તે ડબલ બ્રેસ્ટના જાકીટ અને હાફકોટનાં તમામ બટન સોનાની ગીનીઓનાં હતાં. આ યુવાનના મુખમાંથી, નીચે લખેલા ગાયનના, નિકળતા સ્વરનો મધુર અને આકર્ષણ કરતો અવાજ મોતીનીમાળાએ કાને પડયો; જેવો તે ગાયનનો મધુરસ્વર તેણીના કાનપર પડયો કે તરતજ તેણી જોવા લાગી કે આ ગાનાર કોણ છે એમ કહેવો છે.

તે ગાયન નીચે પ્રમાણે હતું.

નયન મીલાવી લે, ઓ છબીલી, નયન મીલાવી લે,
ચટપટી ચીતમાં લાગી ચતુરા, ચુંબન કરવા દે,
મોતન માળા, જરીયન સાડી, જે ઇચ્છએ તે લે,
લગની લલના લાગી રહી, તુજ ચ્હેરો જોવા દે,—છબીલી
મદન અગન તનમાં લગેલી, તરત બુઝાવી દે,
આલીંગન આપી અલબેલી, ભેટ પ્રેમની લે,
અધરામૃત રસપાન કરાવી, મધુર વચન રસ મુખ કહે,—છબીલી

પવિત્ર લક્ષ્મી.

તે યુવાન ગાતો ગાતો વગર ખચકાએ એકી ટસે મોતીનીમાળાને નિહાળતો પસાર થયો; જો તે ત્યાં ઉભો રહેતો, તેનાં પોઝીશનમાં ખામી આવે; પણ હવે કયાં જવું અને શું કરવું અને એ મનમોહિની કોણ હશે તે શી રીતે જાણવું; તેનો ચ્હેરો તો મ્હારી જ્ઞાતીની સ્ત્રીઓના જેવો લાગે છે, કપડાં પણ છેલ્લામાં છેલ્લી શોધ અને ફેશનબંધ શીવડાવેલાં છે, ઠાઠ તો જાણે ઠાકોરની કુંવરીબા નાહોય તેવો લાગે છે, કદાચ હીમત રાખી ઓળખાણ કરીશું; અને તેમ કરતાં જો તે અપમાન કરી બેસશે તો પોઝીશનમાં ખામી પડશે.

(! ! ! ! ! ! શું પોઝીશન ત્હારી પણ બલીહારીજ જોવા જેવી છે; ફક્ત દહેશત તો એટલીજ રહેછે કે રખેને પોઝીશનનું પેટ ફુટે ને જોડે આપણું નહિં હોં ! ! ! કેમ હંગો છો ? ! ! !).

વિગેરે વિગેરે અનેક તરંગો દોડાવતો બાગમાંના છેક અંદરના ભાગની એક બેન્ચપરના હાથાપર માથું મુકી લાંબો થઇ સુતો; પણ તે પોતાની ચક્ષુ આગળથી મોતીનીમાળાનો ચિતાર દૂર કરી શક્યો નહિં. થોડીવારમાંજ તે નિંદ્રાદેવીને આધિન થઇ ગયો; અને મધુરા સ્વપ્નમાં ઝુલવા લાગ્યો. (અહા ! શું મધુરૂ સ્વપ્ન તે યુવાનને આવ્યું હશે; મને તો એમજ લાગે છે કે આ વખતે મોતીનીમાળાજ તેની આંખ આગળ તરતી હશે).

Alright——God knows this matter.

Please let us see what happens in future.

મોતીનીમાળા હવે સ્નેહ દ્રષ્ટીથી, અરે આતુરતાથી, ખાસ પોતાના ખરા જીગરથી, અરે જુવાનીના મદમાં શીંપલાવવાની આશાથી, થોડી પળ, તે યુવાનની પુઠ જોતીજ રહી. અહા ! શું, આ કેવી પાવરફુલ વીજળી હશે.? અરે આ તે કઇ જાતનું પ્રેમચુંબક (લોહચુંબક નહીં હોં) હશે? હજુ એક ખાલી તદન અજાણ્યો, કોઇ રહેલ સપાટા

મારવા અને ફરવાને બ્હાને આવેલો, ધીમે રાગે ગાતો પસાર થતો યુવાન, પોતાની પાસે કેવી જાતની આકર્ષણ શક્તિ ધરાવતો હશે, કે કોઈ ફરેસ્તાએ તેના ઉપર લાકડી ફેરવી જાદુ કર્યું હશે, કે વખતે, જો હું ના ભુલતો હઉં ને કદાચ કોઈ આસમાનની પરી આ લોકમાં ઉતરી હવામાં અદ્ધર રહી, મોતીનીમાળા ઉપર જાદુ ચલાવી, તેણીના ભવ્ય-મતિને નિહાળવા, શીખતી હશે. ગમેતેમ હોય, જોયેલો નિર્બળો હોય, ફરેસ્તો હોય, પરી હોય, કે કોઈ જાદુ હોય પણ ખાસ આટલી વાત તો ખરીજ હતીકે મોતીનીમાળાનું મન તે યુવાન તરફની બાતમી અને ચ્હેરો જોવાની આતુરતા ધરાવતું બની આવ્યું, એમાતો કોઇ જાતનો શક ન્હોતો.

મોતીનીમાળા હુંશીયારીમાંજ આવતાં, તે ઝડપથી પસાર થઈ ગયેલા યુવાનની દુરથી તપાસ કરી તેની સાથે વાતનો પ્રસંગ કોઈ સાહેલી ના પાડે તેવો હુકમ કરી બહુજ ચાલાકીથી તે યુવાન ચેતી ના જાય તેવે રસ્તેથી તે યુવાનની તપાસમાં બે સાહેલીઓ શિવાય બાકીની તમામ સાહેલીઓને હુકમ કરી શોધમાં મોકલી દીધી. ગરીબ બીચારી સાહેલીઓ, એક તો તે જાતે જુવાન દાસીઓ અને તેમાં આજે ખાસાહેબ મોતીનીમાળા સાથે તેમને આવવું પડ્યુ હતું, જેથી તે સાહેલીઓ પણ,

પોતપોતાનાં સારાં લુગડાંમાં સજજ થઈ આવેલીઓ હતી. અને ચ્હેરે પણ તેઓ કંઈ છેક ઉતરે તેવીઓએ નહોતી. મોતીનીમાળાની સાહેલીઓ તેમાં વળી પુછવું શું ? ખાસ મોતીનીમાળા ચુટી ચુટીને અને વીણી વીણીને એકેક સાહેલીને પોતાની હજુરમાં મનમાનતા યોગ્ય પગારથી અને પોતાના પીતાની ખાસ પરવાનગીથી રાખવામાં આવતી હતી, એટલે એમાં કંઈ ભુલ તો કાઢવા જેવી હોયજ શેની. તરતજ સાહેલીઓ બીચારી ત્યાં જતા આવતા વિઝીટરોથી દૂર દૂર ચાલતી, વખતે દોડતી, વખતે સંતાઇ ચોગરદમ તપાસતી, શોધમાં નીકળી પડીઓ. પાંચ, દશ મીનીટ થઇ અને તેમ રખડવા છતાં બીચારીઓ તેઓમાંની એક શીવાય બાકીની તમામ ધીમે ધીમે ગભરાતીઓ, મોતીની માળા પાસે આવી જવાબ આપવાની હીમત તેઓની નહીં હોવાથી, શરમાતીઓ, ગભરાતીઓ, દૂર ઉભી રહીઓ. મોતીનીમાળા તુરતજ વગર પુછે સાહેલીઓનો જવાબ મનમાં સમજી ગઈ અને ચુપ બેસી રહી, પણ પ્રભુ કોઇનું ગાડુ ઠેઠ સુધી અચકવા દેતા નથી. તરતજ મોતીનીમાળાને મનગમતો જવાબ લઇ એક પાછલ શોધમાં રહેલી નાની સાહેલી બગીચામાં છેક ખુણાની બેન્ચપર તે સુતેલા મી. ઓલ્વરાઇટને થોડે દૂર ઉભી રહી, બરાબર તપાસી પોતાની બાસાહેબ મોતીનીમાળાને ખબર આપવા

દોડતી આવી. પોતાને શાબાશી મળવાના ઉમંગમાં ને ઉમંગમાં એકદમ કડેકાટ તમામ ઠેકાણુબંધ અને સાથે તે સુતેલા ઉંઘી ગયા છે, વિગેરે કહી દૂર ઉભી રહી. તરતજ મોતીનીમાળાએ એક ગીની તે નાની સાહેલીને ઈનામ આપી. તે નાની સાહેલીએ તે ઈનામી ગીની પોતાની એકલીની પાસ નહિં રાખતાં સરખે ભાગે તમામ સાહેલીઓને વ્હેંચી પોતાનો ભાગ લીધો, આથી તે નાની બહુકડી સાહેલી તે સર્વે સાહેલીઓમાં વધારે પ્રેમપાત્ર થઇ ગઇ.

ચોમાસામાં જો વર્ષાદની વીજળી પોતાનો ચમકારો બતાવ્યા વિના રહે તો આ વખતે મોતીનીમાળા પોતાની બાંકપરની બેઠકપર બેસી રહે. તરતજ વિજળીની ઝડપથી તે ઉભી થતાંનીજ સાથ પોતાની સાહેલીના હાથમાંથી એક નોવેલ લેતાં તે સાહેલીઓને પોતાથી અડધો કલાક દૂર ફરવા હરવાને રજા આપી દીધી, અને એક સાહેલીને બહુ પોતાની વિકટોરિયા પાસે જઇ કોચમેનને વધારે થોભી રહેવા જણાવ્યું. ગરીબ બીચારી સાહેલી તો તે બાસાહેબના હુકમની ફકત રાહ તો જોઇજ રહી હતી, તેમાં હુકમ મલતાં પોતાની બાસાહેબ મોતીનીમાળાના મોંપરની લાલી ખીલતી જોઇ ગાયનની અંદર ટકોર કરવા લાગી તે સર્વે સાહેલીઓને એક વખત પોતાની બાસાહેબ

સાથે કોટમાં બોરીબંદર સ્ટેશન સામે આવેલી 'મુંબઇ ગુજરાતી નાટક મંડળીનો 'કામલત્તા' નું નાટક' જોવાનો પ્રસંગ પડયો હતો અને પોતાને કોક વખત તે ગાયન ઉપયોગી થશે એ ઇરાદાથી નીચેનું ગાયન મોઢે ગોખી રાખ્યું હતું. આ ગાયન મોતીનીમાળા એકલી એકલી ઘણીવાર પોતાના ખાનગી રૂમમાં બેસી ગાતી હતી.

સાહેલીઓ— ગાયન.

વાટ જુવે છે વહાલી રસિકવર, રજા અમેનો લઇશું બા, ર.

પ્રેમ ગુંથણી ગૂંથો છાનાં, દૂર અમેતો થઇશું બા,

મોતીનીમાળા— સખી તું ?

સાહેલી— અમે જઇશું બા,

મોતીનીમાળા— અલી તું ?

સાહેલી— હવે આવજો બા,


મોતીનીમાળા— અલી વાહરે વાહ !

સાહેલીઓ— કરો અમન ચમન હવે જઇશું બા,...વાટ.

(મુંબઇ ગુજરાતી નાટક,—કામલત્તા).

(જનસ મોગ, તાલીઓ, વાંચનાર આ વખતે તાલી પાડવાની તરફી લક્ષ કે-જવાબ, મહેરબાની કરી મનમાં રાખજો).

મોતીનીમાળા તરતજ ત્યાંથી પોતાની વહાલી સાહેલીઓને નખરાંથી રક્ષિત થતાં પોતાના કોમળ કરમાં નેવેલ લઈ હરો વદને ઈશારો કરતી, સર્વ સાહેલીઓને હસાવતી પસાર થઈ ગઈ.



પ્રકરણ ૫ મું

મોતીનીમાળનો નાની સાહેલીને ઈશારો;

મી. ઓલરાઈટની [illegible] ભોંયપર
[illegible],

માળીનું આવવું,

પ્રેમની શેતરંજ,



મી. ઓલરાઈટને, તે નાની સાહેલીએ દુરથી, તે જગા, બાક, અને વળી સુતેલા નજરો નજર બતાવી ત્યાંથી મોતીનીમાળાના ઈશારા સાથેજ તે નાની સાહેલી

બગીચામાં બીજી સાહેલીઓ જ્યાં ફરવા હરવા ને રમવા ગઇ હતી ત્યાં જતાં તે બધીઓની ભેગી હળી ગઇ. પણ કંઇ બોલી નહી. પેલી સાહેલીઓએ પુછ્યું કે બા ત્યાં શું કરે છે ને ક્યારે આવશે ને હમણાં બાગ બંધ થશે. વિગેરે વિગેરે વાતો પુછવા લાગી તેમની બધી વાતો અત્યારે તો મોતીનીમાળાનીજ ચાલતી હતી. પા કલાક વાતોમાંને વાતોમાં પસાર થઇ ગયો પણ કોઇની હીંમત ત્યાં જવાની ચાલી નહી, ને પેલી નાની બટુકડી દાસી તો આ વખતે, ખુબ ખીલી હતી. અને ગપાટા સપાટા ને ટચાકડા બોલાવતી, રમતી, ગમ્મત બધાંને કરાવતી હતી. આપણુ એક નાનું નાજુક સુંદર રમકડું જોવા લાયકજ હતું. તે ઘણી હશમુખી હતી.

મોતીનીમાળા નાની સાહેલીથી છુટી થતાંજ પેલા ઓલરાઇટ પોષાકમાં સજ્જ થઇ જે બાકપર સુતેલા તેની સામેનાજ બાકપર હાથમાં નોવેલ રાખી વાંચવાનો ઢોંગ કરતી પોતાની સીટ લીધી. જોતા જોતામાંતો બગીચાનો માળી બેલ (ઘંટ) વગાડતો વગાડતો અને મોંઢેથી બોલતો કે ચાલો, બહાર નીકળો, બગના દરવાજા બંધ થાય છે. આવી બુમ મારતો ત્યાંજ આવી પહોંચ્યો; ને જોરથી ઘંટ વગાડ્યો કે તરતજ મધુરા સ્વપ્નમાંથી આપણી વાર્તાના નાયક મી. ઓલરાઇટ એકદમ ઝબકી

હડ્યો, અને આમતેમ જોવા લાગ્યો તે દરમ્યાનમાં તો તેનો કોચમેન સાંજ પડી જવાથી અધીરો થઇ શેઠની ખોળ કરતો, ત્યાં આવી પહોંચ્યો; તેને જોતાંજ આંખો ગુસ્સામાં ચડાવી કહ્યુંકે.—

મી. ઓલરાઇટ—કેવો જંગલી માણસ છે?

Dham you bloody fool Jungli ?

કોચમેન—શું સાહેબ? જંગલી ફુલ? એ કેવું?

હાં, હાં, જી, અમદાવાદના બીલાડીબાગમાંનું જંગલી ફુલ?

મી. ઓલરાઇટ—

Stupid man, what a rascal you are ?

કેમ વિકટોરીયા (બગી) સુની મુકીને અહીં આવ્યો?

જાવ, હું આવું છું, વિકટોરીયા સંભાળ?

આ સાંભળી કોચમેન તો સજ્જડ થઇ ગયો, અને ત્યાંથી પલાયન કરવા મંડ્યું, કે તરતજ તેને પાછો બોલાવી મી. ઓલરાઇટે પાકીટમાંથી દશનું નોટ કાઢી તેને આપતાં કહ્યું કે લે, તારા છોકરા માટે નવાં કપડાં શીવડાવી તેને પહેરાવ્યા પછી મ્હારી પાસે તેને બંગલે લાવજે, જાવ.

કોચમેન—જી સાહેબ, (મનમાં) પ્રભુ એનું સારૂં કરે અને,

ખુશી થતો બગી બાગે આવી, હાથમાં સોનાના હાથાવાળી ઘોડાની મચ્છરદાની લઇ મછરાં ઉડાડવા લાગ્યો.

મી. ઓલબરાઇટ—[માળીને] કેમ, પા કલાક તો બગીચો ખુલ્લો રહેશે ને ?

માળી—હા જી, પણ હવે બંધ થવાની તૈયારી છે, (સલામ કરી ખુશી થતો તે ગયો).

મી. ઓલબરાઇટે વાતતો માળી સાથે કરી પણ તેમની આંખ તો મોતીનીમાળાનેજ નીહાળવાને સ્હેજ પણ આડી અવળી ખસી નહોતી.

આ દેખાવ મોતીનીમાળા તો ચોપડીમાં મોં રાખી જોઈજ રહી હતી, અને મનમાં વિચાર્યું કે આ મીસ્ટર છે તો કોઇ પહોંચેલી બુટ્ટી. કેવી હુંશીયારી વાપરી પોતાનો મતલબ સાધી લીધો.

(ચોપડીમાં મોં રાખી મી. ઓલબરાઇટ સાથે વાતનો પ્રસંગ પાડવા સારૂ તેની છેડતી શરૂ કરી,—)

મોતીનીમાળા—

વાહ ! મી. ઓલબરાઇટ વાહ !
તમે પણ બગીચામાં શીકાર તો ઠીક પકડવા આવ્યા લાગો છો ?

અહીં શું ઉંઘવા આવ્યા છો?

કેમ મુંગા બેસી રહ્યા છો?

બેસવું છે કે, જવું છે?

બોલતાં નથી આવડતું?

બોબડતો નથીને?

કયાં રહો છો?

વિગેરે, વિગેરે, એક ઉપર બીજો અને બીજા ઉપર ત્રીજો સવાલ મોતીનીમાળાએ, મી. ઓલરાઇટની સાથે, વાતનો પ્રસંગ પાડી ઓળખાણ કરવા સારૂ, ચોપડીમાં મોં રાખી પુછવા લાગી, અને તેની છેડતી શરૂ કરી.

આ વખતે મી. ઓલરાઈટનો મીજાજ હાથ તો નહોતો રહેતો પણ કરેશું, બીચારો મોતીનીમાળાને જોતાંજ ટાટુ [redacted] જેવો થઇ ગયો હતો તો તેની સાથે બોલવાની હીમત તો કયાંથી રહે. પણ આખરે હાથથી મીજાજ જતાં અને ઉપલા શબ્દો સહન નહી થતાં આબરૂ ભેર ઉડતો સવાલ કર્યો—જાણે કે મોતીનીમાળા બોલી તે તેને સાંભળ્યુંજ નથી તેવીજ રીતે બોલ્યો:-

મી. ઓલરાઈટ—

હાં જી. મને પુછોછો કે? (મોતીનીમાળા જરાવાર

ચોપડામાં મોં રાખી બોલી કે વળી તમને નહી ત્યારે બીજા કોણે? અહીં વળી તમારા વગર બીજું કોણ બેઠુ છે, વળી અજાણ્યા કેવા થાય છે ? આ વોજ હમ જ્યાં મોતીની માળાએ ચલાવ્યો કે મી. ઓલરાઈટે મીજાજ ખોતાં આંખો માંચી, ટકોરા કરવા માંડયા. મનમાં ભાઈ સમજયા કે જ્યારે જેમ નમનતાઇ વાપરીએ છીએ ત્યારે તો વળી જાણે મોટી ઠકોરની કુંવરીબા ના હોય તેમ માથે ચ્હડી ભાગેછે મોટી તો એના ઘરની, તેમાં મને શું (એવો મનમાં વિચાર કરી મી ઓલરાઇટે 'માર તોપ કોણ પુછે છે' તેવી રીતે વાતની શરૂઆત કરી).

હાં. હાં. અત્યાર સુધી હું તો એમ સમજતો હતો કે તમે બહુ સભ્યતાવાળા અને કોઇ મોટા આબરૂદાર કુટુંબના હશો; પણ આતો આંધળી બેસાં ફોડે તેવુ થયું.

આમ કહી મી. ઓલરાઇટ બોલ્યા— માફ કરજો ! તમને વાત કરતાં શીખવવાને કોઇ મારા જેવા ઇંગ્લીશ ભણેલા માસ્તરની ખોટ જણાય છે, પણ હા. હા હું ભુલ્યો, તમે બીચરાં કોઇ ગરીબડા કુંટુંબનાં હશો અને વળી આ ભભકો-સભકો ભાડે-ભાડે મન રાજી કરવા લાવ્યાં હશો, એટલે તમારામાં વાતચીત કરવાની સભ્યતા હોય એવી આશા રાખવી ફોકટ છે.

(આટલું ટુંક ભાષણ દમ ભારી દીધું તો ખરૂં પણ વળી મનમાં વિચાર્યું કે રખેને તે રીસાય)

મોતીનીમાળા—

(પોતે મોં સામે રાખેલી ચોપડીને ખસેડી ખોળામાં રાખી અને એક હાથથી રૂમાલ વડે પવન ખાવા લાગી જાણે પોતાને બોલતાં ઘણો શ્રમ થવાથી પરસેવો થયો છે તેવું બતલાવતી અને પોતે વાતના પ્રસંગમાં ફાંસમાં સપડાઇ ગએલી સમજી છુટવાની બારીઓ ખોળતી, અને મનમાં વળી એમજ વિચારતી કે વખતે વાતમાં ખોટું લાગ્યું તો તો મારા બારજ વાગવાના છે. માટે લાવ હવે કંઇ તેપર આનંદની શેતરંજ બીછાવી, તેમને માન આપી, બીરાજમાન કરાવી, દાવમાં લઇ સોગટી મારૂં; છેવટે આજ નિર્ણય લાવી શરમાતી, હશમુખો ચ્હેરો રાખી, તે બગીચામા ઉડતા પોપટને ફળની લાલચ બતલાવી, પોતાના કોમળ હસ્તથી ગુલાબનો ગુંથેલો હાર તે બોલતા પોપટના ગળામાં નાખી, સાચાં મોતીથી ભરેલા પ્રેમ-પીંજરામાં પુરવા પ્રયત્ન કરતી, કોમળ કંઠે બોલી.

જી, હાં ખોટું તો નથી લાગ્યું ને ? પણ આપણું કહેવું તો તદ્દન વ્યાજબીજ છે, કારણ કે હાલના

કેટલાએક હેભાણુ (અધુરા ભણેલા) માસ્તરોથી કંટાળી મારે હાલ તમારા જેવાજ કોઇ વિદ્વાન, ચાલાક, અને શોખીન માસ્તરની ઘણીજ જરૂર છે. જો કદાચ આવી વ્યાજબી ગોઠવણી થાય તો તો મને તમો કહો છો તેમ થોડુંક વધારે વાંચતાં, બોલતાં, અને વાતચીત મઝાની કરતાં શીખું, એથી પછી મને બીજી હાલ વધારે જરૂર જણાતી નથી; અને કદાચ આવા વાતના પ્રસંગમાં મારી સાથે વાત કરનારને પણ આનંદ થાય.

કેમ તમારો શું મત છે?

મી૦ ઓલરાઇટ—

(મનમાં વિચાર્યું કે બાજી પલટાતી જાય છે માટે હવે રંગમાંને રંગમાં ધુળ નહી ઉડાડતાં જરીક થોડોક રંગ આપણે પણ છાંટવો જોઇએ. ઠીક છે હોળીના તહેવારની કયાં વાર છે? માટે હવે કંઇ વિલંબ નહી કરતાં છાંટવા દે રંગ, આમ વિચારતાં વાતના રંગમાંને રંગમાં આછો રંગ છાંટવાની શરૂઆત કરવા માંડી).

(પોતાને ચડેલા ગુસ્સાને મનમાં કાબુમાં રાખી મી. ઓલરાઇટે વાતમાં ભંગ નહીં પાડતાં રંગ છાંટવો શરૂ કરી આનંદીત ચ્હેરે પોતાની બેઠક, ત્યાંથી છોડવાનો વિચાર કરી, બગીચા બહાર આબરૂભેર જઇ, હવેલીમાં

આંદ બતલાવી, પોતાની ઉંડી સારી સજજડ છાપ મોતીનીમાળાના મનપર પડે એમ ધારી, થોડો આછો રંગ છાંટવા લાગ્યો.

મી. બોલરબટ—

જી હા, તમારૂં કહેવું બોલવું હવે મને કંઇક ઠીક લાગ્યું, હું તો કંઇ મનમાં વાત રાખું તેવો માણસ નથી, પણ જુવો, મ્હારી સાથે, આટલી ટુંક વાતના પ્રસંગમાં, તમે કેવા કોઇ ડાહ્યાં, ચતુર, અને જરા થોડાં વિવેકી (વધારે વિવેકી નહીં હોં) પણ થયાં, માટે એતો જગ જાહેર છે કે સારા માણસની સંગતમાં કંઇને કંઇ સારો લાભ થવાનો સંભવ જરૂરજ રહે છે, માટે હવે જો તમારે વધારે અહીં ના રોકાવું હોય તો ચાલો આપણે આ બેઠક છોડી બહાર જઇએ, કારણ કે હવે બગીચો બંધ થશે.

કેમ તમારો શું વિચાર છે ?

[જવાબ મળતા પહેલાં તો પાછુ લેક્ચર શરૂ કર્યું]. જો કંઇ મ્હારી સાથે બહાર આવવા અડચણ ના હોય તો ખુશીથી હું તમારો સંગાથ કરીશ, કારણ કે તમો મને અહી ફરવા માટે એકલાં આવ્યાં હોય એમ લાગે છે, (એટલે મોતીનીમાળાને તેની સાહેલીઓ સાથે

બગીચામાં ગુલાબના ફૂલનો હાર ગુંથતાં તેને જોઇને, આ હાલ અત્યારે તો થયા હતા; પણ દુનીયાંજ દોરંગી છે, ત્યાં મી. ઓલરાઇટને શું કહેવું, એ તો મારે તેની તલવાર; કંઇ કમ્મરે બાંધી એટલે કાર્ય સીદ્ધી થઇ જઇ, એમ તો છેક છેજ નહી; તોપછી શેતરંજીપર રમવા બેઠા પછી સામાની રંગીન સોગટી માર્યા વગર કેમ ચાલે.

મોતીનીમાળા—

જી, હાં, તમારૂં કહેવું વ્યાજબી છે. પણ હું કાંઈ એકલી આવી નથી, મ્હારી સાહેલીઓ, બગીચા બંધ થતો સાંભળી; મ્હારી પાસે આવવાની તેઓની હીંમત નહીં હોવાથી, તે સર્વે બહાર બગી પાસે ઉભી રહી મ્હારી વાટ જોતી હશે. માટે ચાલો હવે બહાર જઈએ. મને કંઈ આપ જેવા લાયક અને સદ્‌ગુણી મહાપુરૂષ સાથે બગીચા બહાર આવવા બીલકુલ હરકત નથી.

(ચાલો કહેતાં તો બન્ને જણુ પોતાની બેઠક એકી સાથે છોડી ચાલ્યાં, વચમાં થોડી થોડી જગા રાખતાં અને વાત કરતાં રસ્તો કાપવા લાગ્યાં)

પ્રકરણ ૬ ઠું.

અરસપરસ વીઝીટીંગ કાર્ડનું આપવું!
બન્નેનું બગીચા બહાર આવવું

મોતીનીમાળાની બગીમાં મી. ઓલરાઇટની
પધરામણી.

એમપાયર શીનેમેટોગ્રાફ.

મી ઓલરાઈટનું મન ક્યારનુંએ મોતીનીમાળાનું એડરેશ જાણી લેવા આતુર થયુ હતું, અને સાથે એવો પણ વિચાર થયો કે હમણાં બગીચા બહાર પ્હોંચી જઈશું અને જીતમાં આવેલી બાજી હારી જઇશું તરતજ રોફમાંને રોફમાં લેકચર ચલાવ્યું.

મી, ઓલરાઈટ—

કેમ અત્યારે હવા તો સ્હેજ ઠંડી છેને ?

મોતીનીમાળા—

જી, હા, હું તો જરાક બંગલેથી ન્હેલી ફરવા નીકળી

ગઈ, કારણકે હું ઉતાવળમાં આ વોચમાં ટાઈમ જોતાં ભુલી, એમ કહી પોતાનો નાજુક હાથ કે જે હાથે ફેન્સી લેડી વોચ અને રીંગ પેહેરેલી હતી, તે લાંબો કરી બતલાવી તે તરફ મી. ઓલરાઇટની નજર ખેંચી. હું તો તાપથી ઘણીજ અકળાઇ ગઈ હતી, પણ હવે કંઇ મનને આ ઠંડી હવાથી (તમારા દર્શનથી) આનંદ થયો.

મી૦ ઓલરાઇટ—

(મનમાં વિચાર્યું કે આમ વાતમાંને વાતમાં મુદ્દાની વાત રહી જશે ને જેમ લોક કહે છે કે લલ્લુભાઇ શેઠે વાતમાંને વાતમાં ભરૂચ ગુમાવ્યું, તેમ હું પણ આ મનમોહીનીથી અજાણ રહી જઈશ. તરતજ તેણે મોં મલકાવી અગત્યની વાત છેડી, મી. ઓલરાઇટે અત્યાર સુધીતો મોતીનીમાળાના મુખનાંજ દર્શનમાં લિન થઇ ગયા હતા પણ જ્યારે મોતીનીમાળાએ વોચની વાત કહી કે તરતજ તે બાબુસાહેબની નજર તે તરફ ગઇ પણ પોતે શું જુવે છે, એક તો નાજુક ફેન્સી ગોલ્ડન લેડી સ્પ્રીંગ વોચ અને બીજુ તો તે અમુલ્ય હીરાની ચળકતી વિંટી. તેણીના નાજુક કોમળ કરની નાજુક આંગળીપર ઝળકી રહી હતી. તે વિંટી ઉપરથી નજર પાછી ખેંચવા જો કે મન ના કબુલ કરતું

હતું પણ અત્યારે કરે શું? ચિઠ્ઠી ઉપર લલચાઈ તો વીંટીની પહેરનાર નશીબદાર મોતીની માળાના એડરેશથી પોતે અજાણ્યુ રહી જાય, તેથી ભાપણુ બંધ નહીં કરતાં મુદ્દાની વાત પર લક્ષ આપી પોતાના મનનો ઉભરાટો એકદમ વીજળીની ઝડપે કરી દેતાં બાબુ સાહેબ બોલી ઉઠયા કે—

મી૦ ઓલરાઇટ—

જી, તમોને આનંદ થયો તેથી જાણે મને પોતાના મનને વિશેષ આનંદ થયો એમ માનુ છું પણ જો આપનું મુબારક એડરેશ જણાવવાને કંઇ હરકત નાહોય તો જણાવવા તસ્દી લેશો કારણ કે કદાચ કોઈ વખતે અચાનક તમારી મુલાકાત કોઈ સારા પ્રસંગે થઇ જાય તો તે હું ભુલી જઉં નહિ. (એ બાબુસાહેબ આ વખતે ગુજરાતીમાં તેમનું મુબારક નામ, ઠામ, ઠેકાણું આ બધુ પુછવાનું રામાયણ ચલાવે ને વખતે મોતીની-માળા છેડાઇ જઇ અને બાબુ સાહેબ માટે મનમાં હલકો વિચાર લાવી તેનું અપમાન કરી બેશે તે બ્હીકથી એકજ ઇંગ્લીશ ટુક શબ્દમાં ' એડ્રેશ ' કહી પતવી દીધું ને પોતાનું પોઝીશન સાચવી લીધું)

મી૦ ઓલરાઇટ—

કેમ શું વિચારમાં પડયા, ના, નહીં તો કંઇ જરૂર

જેવું નથી, એતો મેં સ્હેજ તમોને પુછ્યું, મારી કં
તેમાં મતલબ સમાયલી નથી. હાં ?

મોતીનીમાળા—

ના, ના, હું તે વિચારમાં પડી નથી, મારૂં એડ્રે
તો તમને મ્હારી ખુશી અને ઘણા આનંદ સા
આપના હાથમાં જે આ એક નજીવા વીઝીટીંગ કયાર
માં છે તે આપું છું પણ મહેરબાની કરી મને તમ
જો કદાચ એડ્રેસનું વીઝીટીંગ કયાર્ડ હાજર હોય
તે આપવા કૃપા કરશો, કેમ મન સકોચાય છે ? ભ
એમ હોય તો, કદાચ તે માટે મારો વધારે આગ્રહ
તો તમને તે રૂચે કે વખતે ના પણ રૂચે, ખરૂં
કેમ બોલોને ?

મી. બોલરાઇટ—

લો, આ મારા એડરેસનું વીઝીટીંગ કયાર્ડ, એ
કહી, મોતીનીમાળાના હાથમાં, સાચવીને, પોતાન
આગળાં મોતીનીમાળાના હાથનાં આંગળાને ન લાગે
પોઝીશનમાં ખામી ન આવે તેવી રીતે આપ્યું,
મોતીનીમાળાએ નામ વાંચતાં, સાચવીને, મી. બો
સાહેબના જોવામાં ન આવે તેવી રીતે હોઠ પર હ
હલવેથી ચુમ્યાં, પોતાના ખીસ્સામાં સાચવીને મુક્યું.

વાતમાંને વાતમાં બગીચાની બહાર આવ્યાં, તરત

મોતીનીમાળાએ પોતાની સાહેલીઓને ભાડાની વીકટોરીયા કરાવી ઘેર જવા કહયું.

(આ બનાવ છાનો રાખવા વિષે તેમને કંઇ કહેવું પડે તેમ નહોતું કારણ કે બધી હાશીઓ ચતુર હતી અને વાતમાં બધાને ઉડાવે તેવીઓ હતી).

તરતજ મોતીનીમાળાએ મખમલની ફેન્સી પાકીટમાં થી એક ગીની કાઢી તે નાની સાહેલીના હાથમાં તે બધીઓને રાત્રે નાસ્તો કરવા તથા વિકટોરીયાના ભાડના પૈસા ચુકાવવાને આપી. સર્વે સાહેલીઓને જ્યારે સાદુતી વિકટોરીયા માં બેસીને રસ્વાર થતાં જોઇ કે તરતજ સામેની ફુટ પાયરીપર મી ગોલ્ડરાઇટ શું થાય છે તે જોતા પોતાની બગી પાસે ઉભા રહી આમ તેમ ફરતા હતા. તરતજ મોતીનીમાળાએ તેમને આંખના ઇશારાથી પોતાની પાસે બોલાવી તેમના ગાડીવાનને ઘેર જવાની વાત કરી અને પોતે મોતીનીમાળાની બગીમાં બેસી એક બે ચકકર ખઈ ઘેર જવા વાત હસ્તે મ્હોંડે કહી, બાણુસાહેબને તો આટલુંજ જોઇતું હતું તરતજ તે સાહેબે પોતાના કોચમેનને ઘેર બગી લઇ જવા હુકમ કર્યો. ચાબુકના અવાજ સાથે બગી ચાલી ગઇ, તે કોચમેનને પણ કંઇ શીખવાડવું પડે તેવું નહોતું. કારણ કે, એક તો બીચારો કોચમેન

બાબુસાહેબના ટપકાથી ખર્દતો હતો, અને બીજુ મી. ઓલરાઈટ વખતો વખત તે કોચમેનને ચેરીમેરી છુટા હાથે આપતો હતો.

તરતજ બાબુસાહેબ [મી. ઓલરાઈટ] ની મોતીની-માળાની બગીમાં પધરામણી થઇ ગઇ. કોચમેન મોતીની માળા તરફ મોં રાખી હાથમા ઘોડાની લગામ પકડી ઉચી બેઠકપર બેઠો બેઠો હુકમની રાહ જોતો હતો. મોતીનીમાળાએ ઝડપથી પોતાના સુંદર ગુલાબી રેશમી પોલકામાંથી રેશમી રૂમાલ તે બગીમા પોતાની બેઠકથી થોડુ અંતર રાખી જોડે બીછાવી દેઇ ઇશારાથી મી. ઓલરાઇટને હસતે ચ્હેરે તે ઉપર બેઠક લેતા સુગ ી કોચ-મેનને એમ્પાયર સીનેમેટોગ્રાફ તરફ બગી હાંકવા હુકમ કર્યો. હુકમ થતાંની સાથેજ કોચમેને એક હાથથી દાબનુ બટન દબાવ્યું, બગીના બે સુંદર નાના ટટ્ટુઓના માથાપર ત્રિ ળીક ગુલાબી ને ઉદી રોશનીની બત્તી થઇ ગઇ જાણેકે તે ટટ્ટુ ઉપર આસમાનમાંથી બે નાના રંગીન તારા ખરીને ના પડ્યા હોય તેમ ઝળકવા લાગી. જેવી કોચમેને પોતાના પગની ઓડી ગાડીના પાટીયાપરની ચાંપ ઉપર અફાળી કે (બેલ) ઘંટડી ટમટમનો સુંદર અવાજ કરતી વાગવા લાગી ને ઘોડા પુરપાટ સોફ્ળથ દોડવા લાગ્યા.

આ વખતે સાંજ પડી ગઇ હતી, અને જણુ ઘેર

જવાની ચીંતામાં હતાં, પણ છુટાં પડવાનું દીલ એક બીજાનું ના કબુલ કરવાથી સીનેમેટોગ્રાફ પાસે આવી ઝડપથી મી. બાબુસાહેબે ખીસામાંથી રૂપીઆ દશની નોટ કાઢી પ્રાઇવેટ રૂમ સીટની ટીકટો લઇ મોતીનીમાળા પાસે હસતે વદને આવી મેડા ઉપર બાગની અંદરથી બારોબાર ચઢી જઈ બીજે દાદરે ઝરૂખામાં બેઠક લીધી. પણ કોણ આ વખતે બેમાંથી એક પણ સીનેમેટોગ્રાફ જોવા તરફ લક્ષ આપે. ફક્ત એકજ કલાકનો પ્રોગ્રામ, અને આ એક કલાકમાં હજુ જે કંઈ તેમને હીસાબ કીતાબ પતવવાનુ હશે તે તેમને મન ઘણો થોડો વખત હોવાથી મેનાપોપટની પેઠે વાતોના ગપાટા સપાટા મારવા લાગ્યાં, બન્ને જાણે એકબીજાનું પોઝીશન અત્યાર સુધી તો સાચવીનેજ વાતચીત કરતાં હતાં પણ મી. ઓલરાઇટ (બાબુ સાહેબ) ને એકદમ શું થઇ ગયું કે મોતીની-માળાના હાથમાં જે રૂમાલ હતો, તેની ભુલથી કહો કે જાણી જોઇને માગણી કીધી, તુરતજ મોતીનીમાળાએ તે રૂમાલ ઉપર બીજુ સેંટ છાંટી તેને તાજો સુગંધીદાર બનાવી મી. બાબુસાહેબને આ વખતે તો હાથોહાથ આપ્યો. આપ્યો તો ખરો, પણ બેઉના શરીરને કંઇ વીજળીક કંપારો થઈ ગયો.

તે ઉંચા સેંટથી છાંટેલો રૂમાલ હાથમાં લઇ મી.

બાજુ સાહેબ પવન ખાવા લાગ્યા, કે જે રૂમાલમાં છાંટેલા સેંટની સારી સુગંધીદાર ખુશબો આખા થીએટરમાં એક વખત પસરી ગઇ—

મોતીનીમાળાની ચક્ષુઓ કમ બાજુસાહેબ (ગી. ઓલરાઇટ) ને નીહાળી તૃપ્ત થઇજ ન્હોતી, તે તો હસ્તી જાયને રહેરો અટકોટસે જોતી જાય. અહા! પ્હેલંહેલીજ સ્નેહમુર્તિને નિહાળીને કોણ તૃપ્ત થયું હશે કે તે આ વખતે તૃપ્ત થાય.

પ્રેમ, પ્રેમ, પ્રેમ, તું ખરેખર એક વિજળીથી પણ વધારે તેજસ્વી અને આકર્ષણ શકતી ધરાવે છે તેમાં કોણ ના કહી શકે તેમ છે. તેં ભલભલાને ઠેકાણે લાવી દીધા, ભલભલાને ભુલાવ્યા, કંઇકને હસાવ્યા, કંઇકને રડાવ્યા, તુ જેમ ચ્હાય તેમ કરી શકે છે. છાણાં થાપતીને પણ એક વખત રાજાની પટરાણી બનાવી દે છે. જોગીને તું ભોગી બનાવે છે અને ભોગીને પણ તું જોગી બનાવે છે. ત્હારી શકતી અલૌકિક છે. કોઇ કહે છે કે પ્રેમ આંધળો છે, કોઈ કહે છે કે જ્યારે બધાંને બે આંખ છે ત્યારે તને તો ચાર હોય તેમ ભાસે છે. કોઇ મોટરમાં બેસી, કોઇ ઝડપથી પગે ચાલી, કોઈ ગાડીમાં બેસી, કોઇ વિકટોરીયામાં બેસી, કોઇ રેલ્વેમાં બેસી, કોઇ મોટરસાઇકલ પર બેસી, અગે કોઇ

હવાઇ બલુનમાં બેસી, અરે કોઇ સ્ટીમરમાં બેસી, અરે કોઇ પાણીમાં આવેલા પુરમાં જીવના જોખમે ઉતરી, અરે કોઈ હાથમાં બળતા અંગારા પકડી, તારા માટે ઝોંપલાય છે, ભુખે તરસો મરે છે, ને પથ્થરની પથારીઓને મખમલનાં બીછાનાં સમજી એક વખત તારા માટે ભુખ કરે છે કે સાચા પ્રેમના માર્ગનો રસ્તો પકડે છે?

જ્યારે આવી હકીકત છે ત્યારે તેમાં આજનાં બે સુંદર કોમળ ખીલતી જુવાનીના મદમાં ઝીલતાં પ્રેમીઓની શી ભુલ?

હશે, વાંચનાર દરેકનો અભિપ્રાય કદાચ જુદો હશે કે નહી હોય, પણ મારો અભીપ્રાય તો તેમાં તેઓને જય મળે એમજ ઇચ્છુ છું.

બાબુસાહેબે આમતેમ થોડી વાતચીત કરી ઝડપથી તે મોતીનીમાળાનો આપેલો રૂમાલ પોતાના હાફકોટની અંદર જાકીટના ખીસ્સામાં મુકી દીધો. મોતીનીમાળા તો તે જોતીજ રહી હતી આ વખતે તેણીની કંઇ રૂમાલ પાછો લેવાની ઇચ્છા બીલકુલ ન્હોતી પણ તેનાથી હસી પડાયું.

મી. બાબુસાહેબ—

કેમ તમને હસવું શાથી આવ્યુ?

મોતીનીમાળા—

એતો મને જરા દીલમાં આનંદ થયો તેથી.

મી. બાબુસાહેબ—

બાબુસાહેબ મનમાં તો સમજી ગયા કે આ મૂર્તી કંઇ આપણાથી ઉતરે તેવી નથી, માટે હવેથી એની સાથે સાચા સ્નેહથી અને ખુલ્લા દીલથી વર્તન રાખવા માંજ ફાયદો છે.

મોતીનીમાળા—

(બાબુ સાહેબને વિચારમાં પડેલા જોઇ) કેમ વળી તમે શું વીચારમા પડયા? મ્હારા જવાબથી તમને કંઇ ખોટું તો નથી લાગ્યુંને? તમેતો સ્હેજ સ્હેજમાં આમ રીસાઓ છો ત્યારે શું મારે તમારી સાથે વાત પણ ન કરવી એમ જો ઠીક લાગતું હોય તો મને જરા જણાવશો એટલે તમારા બોલાવ્યા શીવાય નહી બોલું. કેમ હવે તો ખુશી થયાને?

મી. બાબુસાહેબ તો મોતીનીમાળાની વાત કરવાની ચતુરાઇ અને વીવેકથી છક થઇ ગયો. પોતાની પાસે આજ બપોરના ફરવા જતાં પહેલાં સેલમાંથી નવો રેશમી ફેન્સી શફેદ રૂમાલ ખરીદેલો હતો તે હવે બહાર કાઢી જોવા લાગ્યો, અને તેનાથી પવન ખાવો શરૂ કર્યો; કે તરતજ મોતીનીમાળા બોલી કે લાવો, હું જરા જોઉં, એમ કહી બાબુસાહેબના હાથમાંથી ઝડપથી લઇ, જોવાનો ઢોંગ કરતી, આસ્તેથી પોતાના ખીસામાંથી સેંટની નાજુક

શીશી કાઢી રૂમાલપર રેડી છાંટયું. અને રૂમાલ પાછો આપવાની તો વાતજ શી.

બાબુસાહેબ રહ્યા કે. નીતોના પાણી ઉતરે તેમ ન્હોતા તે પણ છુપી રીતે બેઠી રહ્યા. ગામ વાળાનાં મનમાં કલાક થવા આવ્યો, અને સૌને પેટે આકૂ ખલાસ થવા આવ્યો. દશ મીનીટ પહેલાં, રવાનાને પીંગે નીલેમેટોઆરૂમાં રાખવામાં આવેલી ઈનામ. ચીઠી નીકળી, જેના નશીબમાં હોય, અને જેનો નંબર નીકળે, તેને મેનેજર પોતાને હાથે ઈનામ વ્હેંચે.

તરતજ પ્રાઈવેટ રૂમી કે રીઝર્વડ, જ્યાં મી. બાબુ સાહેબ અને મોતીનીમાળા બેઠાં હતા ત્યાં, તો રીઝર્વડ રૂમની ફેમીલી ટીકીટ એક હતી કે જે પહેલા ઈનામની નીકળી, તરતજ મેનેજર નંબર બોલ્યા કે મી. બાબુ સાહેબ અત્યાર સૂધીતો નંબર ન્હોતો જોયો ને પોતે પાસે રાખેલું અડધીયું કાઢી જોયો, તો પોતે લીધેલી ફેમીલી ટીકીટનોજ હતો, તરતજ નીચે ઉતરી થીએટરના સ્ટેજપર જઈ, ઈનામ લઈ સાહેબ સાથે શેકહેન્ડ કરી, ઉપર આવ્યો. વાંચનાર આ ઈનામ લગભગ રૂપીઆ સોની કીમતનું સોનાનું ફેન્સી ખીસ્સામાં રાખવાનું ઘડીઆળ, અછોડા સાથે હતું, તે મળ્યું, કે તરતજ પોતે તે જોઈને મોતીનીમાળાને જોવા આપ્યું, મોતીનીમાળાએ તે જોઈને

વખાણ્યું, અને પાછું આપવા માંડયું, એટલે મી. બાબુસાહેબે કહ્યું કે એ તો તમારા ભાગ્યના પ્રભાવથી મળ્યું માટે તમે ખુશીથી તમારી પાસે રાખો, એવી મ્હારી ઇચ્છા છે, અને તેથી મને આનંદ થશે, મોતીનીમાળાએ તો ખુશીથી પોતાના ગુલાબી રેશમી પોલકાના ખીસ્સામાં મુકી દીધું.

થોડી વારમાંજ પ્રોગ્રામ પુરો થયો, અને જોવા આવેલા પ્રેક્ષકો તાળીઓ પાડતા ખુશી થતા થતા ગપ-ગોળા મારતા, સૌસૌને મૂકામે જવા રસ્તો લીધો, અને આપણી વાર્તાના નાયક મી. ઓલરાઈટ અને મોતીનીમાળા પાસે આવેલા ગોખલે 'હીન્દુ હોટલમાં' ખાનગી રૂમમાં બેસી, નાસ્તો કરી, બીલ ચુકવી, પોતપોતાને બંગલે જવા વિકટોરીયામાં બેસી, મઝાહ ઉડાવતા રવાના થયા. તરતજ રસ્તામાં પહેલો બંગલો મોતીનીમાળાએ પોતાનો આવતો જોઇ, દુર વિક્ટોરિયા ઉભી રખાવી, પોતે મી. બાબુસાહેબની યોગ્ય પ્રસંગે મુલાકાત રાખી, નીચી નમી, હસ્તે વદને મી. બાબુસાહેબને હસાવી, મલકાવી, ગાડીવાનને તેઓ જયાં કહે ત્યાં, બંગલે બરાબર સાચવીને મુકી આવવા, હુકમ કર્યો, તરતજ ગાડીવાને હાથમાં ચાબુક પકડી સટાકો બોલાવ્યો અને વિક્ટોરીયા ત્યાંથી પાછી ફેરવી, બીજે રસ્તેથી મી. બાબુસાહેબે બતાવેલા ઠેકાણે લાવી, વીક્ટોરીયા ઉભી

રાખી, [illegible] ઉતરી; પોકેટમાંથી એક પાંચનું નોટ કાઢી, [illegible] હોતો લેતો, છતાં સમજાવીને આપી; તેને [illegible] રવાના કરી દીધો.

[illegible] ત્યાંથી છુટી થઈ મનમાં હુંકારો [illegible] બાબુશેઠ [illegible] આવી, વિકટોરીયા ઉભી રાખી, [illegible] ઉતરી [illegible] અને તેમ [illegible] સુધી [illegible] વિકટોરીયા ઘોડા સાથે [illegible] ઉતાવળા પગે ચાલતો જરા મનને [illegible] પડયો.

જેવી મોતીની [illegible] તો જોવા લાયક સારી બેઠક ગોઠવેલી તે આ સાહેબ મોતીનીમાળાને માટે અગાઉથી કરી રાખવામાં આવી હતી, જે આગળ વાંચતાં આપણને માલુમ પડશે. બાબુસાહેબની મંજોડ પણ મોતીનીમાળાથી ઉતરે તેવી જોવા લાયક થઈ હોતી.

હવે આપણે, આ બે કોમળ, ન્હાની અને ખીલતી જુવાનીના મદમાં ડોલતાં બાળકો કોણ હતાં; અને આટલી સ્વતંત્રતા બંન્નેને લેવાનો પ્રસંગ ક્યાંથી પડયો, તે ખાસ જોવું જોઈએ, માટે ચાલો હવે વિલંબ નહી કરતાં તે તરફ આપણે લક્ષ આપી વાંચીએ.

મોતીનીમાળાના બંગલે જતા પહેલાં તો તેની સર્વે સાહેલીઓ અગાઉથી જમી પરવારી પોતપોતાની નોકરી ઉપર હાજર થઈ ગઈ હતી, એકે બાસાહેબ મોતીની-માળા માટે સુવાના પલંગપર પથારી સાફ કરી તૈયાર કરી, બીજીએ ઠંડા પાણીનો બંદોબસ્ત કરી દીધો, ત્રીજીએ ફુલોના હાર તથા ગજરા ગુંથી તૈયાર રાખ્યા, ચોથીએ સેંટ તથા લવેન્ડર; એક કાચની રકાબીમાં નાની નાની ચીનાઈ પ્યાલીઓમાં કાઢી, ઉપરથી ઢાંકણાં બંધ કરી સાચવીને રાખ્યું. પાંચમી સાહેલી, હારમોનીયમ શીખવવા ઉપર હતી, તે પણ હાજર થઇ ગઇ હતી. આ બધો બંદોબસ્ત થઈ રહયો, તેટલામાંજ મોતીનીમાળા ગુસ્સામાં આવી એકદમ કોઈની સાથે વધારે વાતચીત નહી કરતાં મીજાજમાં પોતાની મખમલની ખુરશીપર બેઠક લીધી. થોડીવાર થઇ એટલે તરતજ તે નાની બટુકડી દાસીને નીંદાખોર વિષે ગઝલ ગાવા કહ્યું, કારણ કે તે ગઝલ નાની સાહેલી ઘણીવાર ગાતી હતી જે મોતીનીમાળાને તે બટુકડી સાહેલી પોતાના કાલાકાલા શબ્દોમાં ધીમા રાગે ગાતી હતી તે ગાવાનો મોતીનીમાળાનો જેવો હુકમ થયો કે તરતજ તે બટુકડી સાહેલીએ સુંદર રાગથી ગાવાનુ સરૂ કરયું, સાથે હારમોનીયમ પણ નીચેની ગઝલના તાલમાં તાલ આપતુ, સુંદર સરોદ કાઢતું, વાગવા લાગ્યુ.

નિંદાખોર સ્ત્રિઓના વાતો.

ફલાણી પોલકુ પહેરી, ફલાણા સાથે જાયે છે;
ફલાણી સાડી તો ઓઢી, ઝપાટાબંધ ચાલે છે. ૧
ફલાણી ગુચ્છા પાડે છે, ફલાણી પાન ખાયે છે;
ફલાણી આવડી મ્હોટી, નિશાળે ભણવા જાયે છે. ૨
ફલાણી બુટસ્ટોકીંગ પહેરીને, વળી શરમાં ચડાવીને,
ચાલતી એ કંથની સાથે, ચોપાટીપર સ્હેલ મારે છે. ૩
વળી કઈ એમ કહેછે કે, ફલાણી જોટવાં ઘાલે;
કરીને ટેસ એ ઝાઝો, અરે ! એ રોફમાં ચાલે. ૪
કરે છે કામ કુથલીનાં, વળી પાંચ એકઠી થઇને;
વદે છે વાત નિંદાની, વળી એ ઘર તણું ખાઇને. ૫

પ્રકરણ ૭ મું

રાજનગરનું જાણીતુ અને માનીતુ—

ગુજરાતનું પાટનગર, ને મુંબઇનું બચ્ચું—

રળીઆમણું શહેર—

અમદાવાદ.

ગઝલ પુરી થઈ કે તરતજ મોતીનીમાળા આનંદમાં આવી, બે સાહેલી શિવાયની તમામ સાહેલીઓને ઘેર જવા રજા આપી પોતે નિદ્રાવશ થઇ ગઇ અને મધુરા સ્વપ્નમાં ફરીવાર મી ઓલરાઇટ સાથેનો પ્રસંગ, તેની ચકોર ચક્ષુથી, આનંદ સાથે નિહાળવા લાગી.

પ્રેમ, પ્રેમ, પ્રેમ, ત્હારી તો જ્યાં જોઇએ ત્યાં હાજરી ખરી, ખરીને ખરી. સ્વપ્નામાં પણ તું મોતીનીમાળાને આનંદના સાગરમાં ઝુલાવા લાગ્યો.

અસલના વખતમાં અહમદશાહ બાદશાહે એક શહેર વસાવી પોતાનું નામ તે સાથે કાયમ રહે તેવા ઇરાદાથી, તે

નદીના કીનારાપર વસેલું છે. જેથી પ્રજાને મીઠા પાણીની તથા નહાવા ધોવાની સગવડો સારી છે. શહેરની ફરતી ગામડાઓની જમીન ખેતીવાડી માટે ઘણી કસવાળી છે. જ્યારે ગુજરાતમાં છપ્પનીઓ કાળ પડ્યો ત્યારે તો ગુજરાતમાં [illegible] જેવું થઇ ગયું હતું. [illegible] હાહાકાર [illegible] હતો. [illegible] સરકારની મદદથી [illegible] બચાવ કર્યો હતો. ([illegible] આ હિન્દ [illegible])

આ શહેરનો; [illegible] બાદશાહોથી, તથા લુંટારાઓની લુંટથી, [illegible], તે ઇરાદાથી, રાજ્યની તીજોરીમાંથી પુષ્કળ દ્રવ્ય ખર્ચી, મજબુત કોટ, બાર દરવાજા રાખી ચણાવ્યો હતો. આ કોટના ચણતર કામમાં માણેકનાથ (ગોદડીઓ બાવો) હરકત કરતો હતો, તેને ઝારીમાં બંધ કર્યો, ત્યારે કોટનું કામ શરૂ થયું હતું શરૂઆતમાં તો કોટ, જેટલો સાંજસુધીમાં ચણાય અને ગોદડીઓવાળો ગોદડીને સાંજસુધી સલગ જાડો દોરો ભરે, ને સાંજે પાછો તે ભરેલો દોરો ગોદડીમાંથી ખેંચે કે ચણેલો હોય, આપોઆપ જમીનદોસ્ત થઇ જાય, આખરે બાદશાહે તેને કચેરીમાં બોલાવી, યુક્તીથી ઝારીમાં પુરી, તેનું

નામ કાયમ રહે, તેની શહેરમાં જગા રાખવાનું વચન આપ્યું કે ગોદડીઓ બાવો મરણ પામ્યો. હાલ તે જગા માણેક ચોકના નામથી ઓળખાય છે. માણેક ચોકથી ભદ્રકાળી માતાના મદીર સુધી દર શુક્રવારે આ શહેરમાં ગુજરી ભરાય છે તેમાં સસ્તી અને સારી જાતજાતની અને ભાત ભાતની ચીજો મળે છે, તે દીવસે ઘણા લોક ચણા ખાય છે. ને ઘરમાં બૈરાઓને સાવરણી જોઇતી હોય તો કહે કે શુક્રવારની ગુજરીમાંથી લાવજો.— જોવા લાયક જગાઓ—

ગુજરાત કોલેજ, પ્રેમચંદ રાયચંદ ટ્રેનીંગ કોલેજ, મ્હાલક્ષ્મી ફીમેલ ટ્રેનીંગ કોલેજ, ગવર્નમેન્ટ હાઇસ્કુલ, ધમધોકાર ચાલતી મીલો, ભાઇશંકર નાનાભાઇ સોલીસીટરની સ્ટેશન શામે નવી બંધાવેલી ધર્મશાળા, મસ્કતી મારકીટ, જુના મસજીદ, શાહ આલમનો રોજો, સરખેજનો રોજો, દરીયાખાનનો ઘુમટ, દાદાહરીની વાવ, ચંડાળાનું તલાવ, કાંકરીયું તલાવ, નગીના-વાડી, કેમ્પ, મણીલાલ-મેન્સન, માધવ બાગ, વિક્ટોરીયા ગારડન, બીડાઠી બાગ, ચીનાઇ બાગ, રાણીનો હજીરો, ત્રણ દરવાજા, એલીસબ્રીજ, ભદ્રનો કિલ્લો, શોસાઇટીનુ મકાન, કેશવ બીલ્ડીંગ લક્ષ્મી વિલાસ હિંદુ હોટલ, સરકારી ન્યાયની કોરટો, ટેલીગ્રાફ ઓફીસ, મ્હોટુ મંદીર, જઇન દહેરાસર, સ્વામિ નારાયણનું મંદીર, હઠીભાઇની વાડી, રેલ્વે સ્ટેશન વિગેરે, વિગેરે.

આ શહેરમાં આપણી વાર્તાના નાયક મી. ઓલરાજટના પીતા કે જેમનું નામ માણુકચંદ શેઠ હતું અને તેમની સ્ત્રીનું નામ માણેક શેઠાણી હતું. શેઠ તો જમાનાના કુટાયલા, એટલે થોડા બોલકણા, અને દાવપેચી હતા, જ્યારે માણેક શેઠાણી સ્વભાવે મમતાળુ અને દયાળુ હતાં. શેઠની ઉમ્મર ચાળીસ વર્ષની અને શેઠાણીની ઉમ્મર ત્રીશ વર્ષની હતી, પણ તેમને એક સંતાન ન્હોતું. માણેકચંદ શેઠ વ્હેપારમાં તો ભલભલાને છક્કડ ખવડાવી નાંખતા અને તે વખતે લોક તો એમજ કહેતા કે નામુ ઠામું ને હીસાબ કિતાબ તો માણેકચંદ શેઠના બાપનોજ. બંન્નેનો એક બીજા ઉપર સાચો અને ગાઢો પ્રેમ હતો. ઘણીક વખત માણેક શેઠાણી સંતાન માટે ચિંતામાં પડતાં પણ પાછા માણેકચંદ શેઠ તેમને મનાવતા, અને રાજી કરતાં કહેતા કે એ બાજી તો મહાકૃપાળુ ઇશ્વરના હાથમાં છે. માટે તેમના ઉપર પુર્ણ વિશ્વાસ રાખી, તેની સેવા કરવાથી, અને દયા-ધર્મમાં હાથ લંબાવતા રહેવાથી, તે મહા કૃપાળુ પ્રભુ કોક વખત દીલમા દયા લાવી, કૃપાદ્રષ્ટી કરી, ત્હારી મનવાંચ્છના પુરી કરશે. માણેક શેઠાણી તો સ્હવાર-સાંજ બે વખત બગીમાં બેસી દર્શનાર્થે મંદીરે જતાં હતાં, અને અપંગને અનાજથી, વસ્ત્રથી ને પૈસાથી હરહમેશ મદદ કરવામાં ઘણોજ ઉમંગ રાખતાં હતાં.

તેઓ જ્ઞાતે વૈશ્નવ હતા. આખરે આ પ્રેમી જોડા ઉપર પ્રભુની અમી દ્રષ્ટી થઈ, અને માણેક શેઠાણીને એક પુત્ર રત્નની પ્રાપ્તી થઈ. તરતજ શેઠને પ્હેલી ખબર આપનારને તથા હુશીયાર નર્સને (સુયાણીને) માણેક શેઠાણી પાસે સુવાવડ વખતે રાખવામાં આવી હતી, તે બંન્નેને સારો શરપાવ આપી ખુશી કરી વીદાય કર્યાં, અને સગાં-વ્હાલામાં સાકરો વ્હેંચી, તથા પોતાના બેન બનેવી કે જે ટ્રાન્સવાલ રહેતાં હતાં, તેમને અરજંટ તાર કરી, જલ્દી આવવા લખ્યુ અને તેમાં પણ પુત્ર રત્નની પ્રાપ્તી થઇ છે તે પણ સાથે જણાવવામાં આવ્યું હતું. તે છોકરાની ફોઈનો જવાબ તારમાં આવ્યો કે 'અમે તમારી તરફ આવવા બનતી ઉતાવળ કરીશું; બાબુને રમાડજો.'

તે બાળક દીવસે દીવસે મ્હોટો થતો ગયો; આડશી પાડોશી ને સગાં વ્હાલાં આ બાળકને 'બાબુભાઇ, બાબુભાઇ' કહીને રમાડવા લાગ્યા. થોડાજ વખતમાં તેની ફોઇ અને ફુઆ ટ્રાન્સવાલથી આવી પ્હોંચ્યા. માણેકચંદ શેઠના આખા ઘરમાં આજે આનંદ, આનંદ છવાઇ રહયો હતો. હવે તે બાળકનું નામ પડાવવા સર્વ ઉતાવળાં થયાં; પોતાની ભોજાઇને મ્હોટી ઉમ્મરે આનંદનો દીવસ આવેલો જોઈ તે બાળકની ફોઇએ છોકરાનું નામ, જયારે બપોરના દિવાનખાનામાં બીલીચ્હા પીવા બેઠાં હતાં, તે વખતે ચ્હા પીતાંપીતાં

તે બોલી ઉઠયાં કે મે તો બાબુભાઇનું નામ 'હીરાનોહાર' પાડયું. કેમ? બોલો હવે ત્હમને બધાંને તે નામ પસંદ છે કે? શેઠ-શેઠાણી આનંદમાં આવી ગયા, અને બીજાને પણ તે નામ સારૂં પસંદ પડવાથી એકી અવાજે હા, હા, કહી તે સુંદર નામને હર્ષથી વધાવા લાગ્યા, તરતજ શેઠ પોતાની બેનને નામ પાડયાના બદલામાં સારાં ઉંચાં કિંમતી ઝીકનાં રેશમી કપડાં, સોનાની અંગુઠીઓ, એક સાચી સાત શેરના મોતીની માળા તથા રોકડ સોનાનાણું આપી ખુશી કર્યાં. શેઠ કરતાં શેઠાણીએ પોતાની નણંદને સવાયું આપી ખુશી કર્યાં ત્યારે ઝપ્યાં, ત્હેમને તો મનમાં આજે હરખ માતો ન્હોતો. હવે મી. હીરાનોહાર તો ખુબ લાડમાં ઉછરવા લાગ્યો. જ્યારે તેની આઠ વરસની ઉમ્મર થઈ કે તેને નિશાળે ખુબ ધામધુમથી બેસાડયો. મહેતાજીને પણ સારી ભારે પાઘડી ઇનામ આપી હતી, અને જોશી મહા-રાજને મહુર્ત જોવા માટે પણ મ્હોટાં કિંમતી શેલાં આપ્યાં હતાં. હવે આપણે બાબુભાઇને 'હીરાનોહાર' એ નામથી ઓળખીશું. હીરાનોહાર તો હવે દિવસે દિવસે જેમ મ્હોટો થતો ગયો તેમ ખુબ મોજમઝાહ કરવા લાગ્યો, અને છુટથી પૈસા વાપરવા લાગ્યો. જાતજાતનાં ને ભાતભાતનાં ભારે કિમતી કપડાં શીવડાવવા લાગ્યો. ને જે ચીજ નવી દેખતો તે પોતે પ્હેલો, મોં માગ્યા દામ આપી લેતો. જે કંઇ

નવું જોવાનું આવતું તે પહેલાં તે જોયા વિના રહેતો નહિ, હવે તે સ્કુલમાં ગુજરાતી ભણી રહી, ઇંગ્લીશ સ્કુલમાં શીખવા લાગ્યો. ઇંગ્રેજી ભણતાં ત્હેની સાથે પોતાનો તમામ ઠાઠમાઠ ઇંગ્લીશ સ્ટાઇલ (ઢબ) મુજબ કરવા લાગ્યો. અને ઉંચો ઇંગ્લીશ ડ્રેસ (પોષાક) પહેરવા લાગ્યો. સ્કુલના સ્કોલરો પણ ત્હેનું નામ હીરાનોહાર હતું તેને બદલે ત્હેને મી. ઓલરાઇટ કહીને બોલાવતા. તે હવે પૈસા ઘેર જઇ, ધમચકડ મચાવી, છુટથી વાપરવા લે, ત્યારે બધાં ઘરનાંને ચેન પડવા દેતો આથી માણેકચંદ શેઠ ઘણીવાર ગુસ્સામાં આવી જતા પણ પાછાં વચ્ચે માણેક શેઠાણી આવી તકરાર પતાવી દેતાં. શેઠ પૈસા ના આપે તો માણેક શેઠાણી પોતાના ખાનગી પૈસા બાબુભાઇ ને આપી, પોતે માતાના લાડમાં ઓછું આવવા દેતાં નહી. માણેકચંદ શેઠ હવે અમદાવાદમાં, પોતાના તમામ ગુમાસ્તા મારફતે, લેવડ-દેવડ પતાવી દઇ, હીસાબ કરી, ખાતાં ચોપડાં કરી નાંખી, ઘરમાં નગદ-નાણું ભેગું કરી લીધું; આથી એમનો મુંબઇ જે શેઠ સાથે લાખો રૂપીઆનો વહીવટ ચાલતો હતો તે બંધ થતો જોઇને મુંબાઇવાળા શેઠ, માણેકચંદ શેઠને, રૂબરૂ મળવા માટે, અમદાવાદ આવ્યા. બંન્ને જણે ઘણીવાર ખાનગી દીવાનખાનામાં બેસી વાતચીત કરી, તેમની વાતમાં એટલું તો સ્પષ્ટ હતું કે

માણેકચંદ શેઠનો વિચાર હવે મુંબાઈમાં એક સારો બંગલો બંધાવી, ત્યાં રહી, ત્યાંની ઇંગ્લીશ સ્કુલમાં બાળકને ભણાવી પોતે મુંબઈ રહી વેપાર કરવો, એ મુદ્દાથી તરત જ તે મુંબાઇથી આવેલા તાર પછી તેજ રાતની મેલ ટ્રેનમાં મુંબાઇ જવા વિચાર કરતા હતા. માણેક શેઠાણીનો તેમાં તમામ મત લીધો હતો, અને જ્યારે તેમાં હા થઈ કે તરતજ શેઠે પોતાની પાસે થોડા વખતની ઉપર એન્જીનેર પાસે તૈયાર કરાવી રાખેલો શું [illegible] બંગલાનો પ્લાન હતો તે સાથે લીધો. રાતનીજ મેલ ટ્રેનમાં મુંબાઈમાં શેઠ અને માણેકચંદ શેઠ બેઉ ફેશનેબલ [illegible], [illegible] સાથે આગન્યનાં કાગળો અને પ્લાન લઈ મુંબાઈ ગયા, ત્યાં માણેકચંદ શેઠ છએક મહીના રહી, વાલકેશ્વર ઉપર હવામાં ને સારા રસ્તામાં વિશાળ જગા લઈ, એક ફેન્સી મજબુત બંગલો બંધાવ્યો. આ બંગલાનું બારણું વાલકેશ્વર Malbar-Hill ના રસ્તાપરના સુંદર બગીચામાં પડતું, જ્યારે દરીઆમાં ભરતી આવે ત્યારે તે છોળોનું પાણી બંગલાના પાછલના ચોકના ભાગમાં પડે, તે મુજબ નરહમ મજબુત પથ્થર અને ફેન્સી રંગીન આરસનાં ચોરસાંથી તે તમામ બંગલો શુશોભિત બંધાવ્યો હતો. આ બંગલાના બગીચામાં હમેશ ચોવીશે કલાક સાતરંગી-ફુવારો ઉડે તેવો બનાવ્યો હતો, તે બંગલામાં તમામ વિજળીની જાતજાતની રંગીન લાઈટ

વિજળીના હાદર, વિજળીની લાંપો, વિજળીની ઘંટડીઓ અને વિજળીના પંખા મુકાવ્યા હતા.

આ બંગલામાં બાબુભાઈ માટે રહેવાને ઘણાક ભાગમાં ઈંગ્લીશ સ્ટાઇલ મુજબનું ફેન્સી કામ કરાવ્યું હતું. અને તેમાં ચીતારા રંગીન-ઝુમરો, અને જાપાનીઝ તથા દેશી અને વિલાયતી નાની મોટી સુંદર ચીત્ર કામ વાળી જોવા લાયક ચીજો જોડી દીધી હતી. મ્હોટા મ્હોટા મોં જોવાના આયનાઓ જોડી દીધા હતા. જાતજાતના મોટા એનલાર્જ કરાવેલા રંગીન ફોટાઓ; અને સુંદર રંગ બે રંગી મ્હોટા તકતાઓ લાઇન બંધ અને ઝુમખડા દીવાલો પર લટકાવી દીધા હતા. ઊંચી જાતની મખમલની ખુરશીઓ ને ટેબલો, સુંદર ફેન્સી બારે [illegible]યાન-ગાલીચાઓ ઉપર ગોઠવી દીધાં હતા, આ બંગલો બંધાવા પાછળ તથા તેના ફરનીચર ને બગીચામાં, પુષ્કળ પૈસો, માણેકચંદ શેઠે છુટે હાથે મન માનતા પૈસા કારીગરો અને ઇજનેરોને આપી પોતાની જાતી દેખરેખ નીચે તૈયાર કરાવ્યો હતો.

આ સુશોભિત બંગલાનું નામ

'માણેક મ્હેલ'

અને બગીચાનું નામ

(બાબુ બગીચો)

આપ્યું હતું. આ નામોને મ્હોટા આરસના થાંભલા પર કાચના લાંબા કબાટમાં જડાવી તે નામના હરેક દસ્કતમાં જાતજાતની રંગીન વિજળીક બત્તીઓ ગોઠવી દીધી હતી, જે રાત્રે એવી તો શોભા આપતી હતી કે બે ઘડી ત્યાંથી ખસવું ગમે નહી. આ બંગલો તૈયાર થયો કે તરતજ શેઠ અમદાવાદ આવી પોતે ફેમીલી સાથે, તે નવો ફેન્સી બંધાવેલો રંગીન આરસનો શુશોભીત બંગલો જોવા માટે મેલમાં ફસ્ટ કલાસ રીઝવર્ડ કરાવી, તેમાં બેઠક લઇ, મુંબઇ જવા નીકળ્યા. જતા પહેલાં મુંબઇવાળા શેઠ કે જેઓ મોતીનીમાળાના પીતાશ્રી થતા હતા ત્હેમના પર પોતે ત્યાં ફેમીલી સાથે આજે રાતની મેલ ટ્રેનમાં બેશી કાલે સ્હવારે ગ્રાંટરોડ સ્ટેશને ઉતરીશુ એવો અગાઉથી તાર કરી દીધો હતો. જેવો મુંબઇવાળા શેઠને તાર મળ્યો કે તેઓએ સ્ટેશનપર સ્હામે જવા માટે અને પોતાને બંગલે શેઠને ઉતારો આપવા સારૂ, સર્વે ગોઠવણો કરી દીધી હતી. બીજે દીવસે સ્હવારે મોતીનીમાળા પોતાની માના કહેવાથી ફેન્સી સોનાના ટાટમાં ગુલાબના તાજા સુગંધીદાર હાર અને ગોટાઓ લઇ, પોતાના પીતા સાથે બગીમાં બેસી સ્ટેશનપર તેઓ સ્હામા શેઠના ફેમીલીને માન આપી લેવા માટે આવ્યા. થોડીજ વારમાં મેલ ટ્રેન આવી પ્હોંચ્યો અને સર્વે જણ ફર્સ્ટ કલાસમાંથી નીચે ઉતર્યાં

કે તરતજ મોતીનીમાળાએ તેઓ, માણેકચંદ શેઠને અને તેમના ફેમીલીને ગુલાબના ફુલના સુગંધીદાર હારતોરા પ્હેરાવી માન આપ્યું કે જે ગુલાબના હારો, માણેકચંદ શેઠ, માણેક શેઠાણી અને મી. ગોલસ્મીટે, સર્વે નીચા નમી ગળામાં પહેર્યા, અને આનંદ સાથે સર્વે મોતીનીમાળાના પિતાને ત્યાં બગીમાં બેસી આવ્યા મોતીનીમાળા, તથા તેણીના માતપિતાએ સર્વે જણે તેમની સારી મેમાનગીરી કરી. બીજેજ દીવસે સર્વેજણે વાલકેશ્વરપર તે નવો સુશોભિત બગલો ઉઘાડી, વિજળીક દાદર, વિજળીક લાઇટ, વિજળીક પંખા, વિજળીક-બેલ, વિજળિક-સ્ટવ, વિજળીક-ચાંપો, વિજળીક ફોનોગ્રાફ વિ. સર્વે ચાલુ કરી તપાસ્યુ ને ફેન્સી ફરનીચર જોઇ ખુશી થયાં, ને બંગલા એક મતે ઘણોજ મન ગમતો પસંદ કર્યો, સાથે તે બાબુ-બગીચાની પણ વાહવાહ થઇ ગઇ. માણેકચદ શેઠે, છુટે હાથે મનમાનતા પૈસા, ઇજનેરો અને કારીગરોને આપી પોતાની જાતી દેખરેખ હેઠળ આ નામાંકિત 'માણેકમહેલ' બધાવ્યો હતો. આખા મુંબઇ બંદરમાં તે બગલો વખણાવા લાગ્યો હવે બધાએ મુંબઇમાં આ નવા માણેક-મહેલમાં રહેવા ઠરાવ કર્યો. ત્યાર પછી થોડા દિવસ માણેકચંદ શેઠ પોતાના ફેમલી (કુટુંબ) સાથે અમદાવાદ આવી રહ્યા, અને ત્યાં તમામ ઘર સંબંધી અને વ્હેપાર સબંધી, બંદોબસ્ત

કરી ગુમાસ્તાઓને અને મ્હોટા મુનીમને ઇનામો આપી ખુશી કરી, પોતાના અમદાવાદ મુકામે ઘરનાં ગાદી-તકીયા સંભાળવા, તથા શેઠપોતે લખે તે મૂજબ વ્હેપાર-રોજગાર કરવા સુચના આપી, નોકરીપર કાયમ રાખ્યા. માણેકચંદ શેઠ ફેમીલી સાથે મુંબઇ આવી માણેક-મહેલમાં રહેવા લાગ્યા અને મી. બાગુભાઇ મુંબઇમાં ઇંગ્લીશ હાઇસ્કુલમાં ભણવા લાગ્યા. હાલ તેમને સ્કુલમાં ભણતાં પાંચ વર્ષ પસાર કર્યાં હતાં. આજે વિક્ટોરિયા ગાર્ડનમાં બેન્ડ છે એવું વિજળિક ટ્રામના પાટીયા ઉપર વાંચી, શેફે મારી ફરવા આવ્યા હતા. ત્હેમનું મોતીનીમાળાને ત્યાં બીલકુલ અત્યાર સુધીમાં કોકજ વખત કદાચ જવું થયું હશે, પણ તે નહિ જેવું અને આજે મોતીનીમાળાને મુંબઇ ગ્રાન્ટરોડ સ્ટેશનપર જોગે લગભગ છએક વર્ષ થયાં હતાં પણ જ્યારે એક બીજાએ વીઝીટીંગ કાર્ડની અદલાબદલી કરી ત્યારે તેઓ મનમાં કદાચ વખતે ઓળખી ગયાં હશે.

ચાલો તે ગમેતેમ હોય પણ તેઓએ હશી ખુશીથી વીઝીટીંગ કાર્ડની એક બીજા સાથે અદલાબદલી કરી, અને વિક્ટોરીયામાં સાથે બેસી, સાંતેક્રુઝ ફરવા ગયાં હતાં, તેમાં તો કોઇજ જાતનો શક ન્હોતો, સાથે ગોખલે હોટલમાં પ્રાઇવેટ રૂમમાં બેસી, ટીફીન પણ કરવા ચુક્યાં ન્હોતાં

અને બાબુ સાહેબને મળેલી ઈનામી ફેન્સી સોનાની ઘડીઆળ પણ મે.તીનીમાળાએ ઘણી ખુશીથી સ્વીકારી હતી.

પ્રકરણ ૮ મું.

મોતીનીમાળાના ઓળખાણ.

ઝવેરચંદ શેઠ અને ઝવેર શેઠાણી.

પ્રેમની પત્રીકાઓની આવજા.

મુંબઇ મ્હારી માવડી,—	રાત પડેને—
	પાવલીની થાય ગાવલી—
રૂપીઆ કમાવડાવે	ને
ને	સ્હવારે શીગલ મ્હાપીવાને
દેખાડે પાવલી	પણ મારામાર.

વાહ! વાહ! મુંબઇ અલબેલી વાહ! વહ!

ત્હારી તો ઘણાજ પુસ્તકોમાં અને નોવેલોમાં નવાઇ વંચાઇ છે. અને તું ઘડીએને પલકે કંઇપણ દુનીયાની નજરમાં—નવું કામકાજ કરોડો રૂપીઆનું ધમધોકાર ચ્હેલું ઉભું કરવા પ્રયત્ન કરતીજ આવી છે.

હિંદુસ્થાનની પ્રજાનું તેમજ દેશવિદેશની, પ્રજાનું મન તને જોવા માટે તલપાપડ કરાવતી આવી છે.

ત્હારી પણ બલીહારી અજબ છે! અને ત્યાં થોડા રહેતા અભણ માણસોને પણ તું ત્હારૂં દરીઆનું દરીયાવ ખારૂં પાણી વખતે પીવડાવી, ભોટ માણસને પણ હુંશિયાર બનાવી દેવાની, કદાચ ત્હારામાં જાદુઇ શક્તી હશે ખરી?

જ્યારે આવી હકીકત છે અને આવી ત્હારામાં જાદુઇ શક્તી ધરાવેછે ત્યારે તો મુંબઇની માનીતી મેનાઓ (પોપટી) વગર પાંખે હવામાં અદ્ધર ઉડે તોપણ તેમાં નવાઈ શી?

હું નથી ધારતો કે હીંદુસ્થાનની કોઈપણ શહેરની કે ગામડાની પ્રજા આ માનીતી મુંબઇને જોવા ઇચ્છા નહિ રાખતી હોય. સર્વ કોઇને એકવાર તો માનીતી મુંબઇને જોવાનો મનમાં વિચાર જરૂર કદાચ થતો હશે, અને તે જોવાનો પ્રસગ ક્યારે જલ્દી આવે એમ ઘણાક તો ઉંઘમાં ઝંખણાઓ પણ કરતા હશે.

આ માનીતી મુંબઇને, ઘણાકતો સાત સાત સલામો પણ કરતા હશે? જ્યારે હજારો ત્હેને કદાચ સાત હાથ જેવડી લાંબી સલામ પણ કરવા ચુકતા નહિ હોય?

આ માનીતી મુંબઇમાં આપણી વાર્તાની નાયિકા મોતીનીમાળાના પિતાશ્રી રહેતા હતા, કે જેમનું નામ ઝવેરચંદ શેઠ હતું અને તેમની સ્ત્રીનું નામ ઝવેર શેઠાણી

હતું, તેઓ જ્ઞાતે વૈશ્નવ હતાં, બન્નેની ઉમ્મર લગભગ પાંત્રીસથી ચાલીસ વર્ષની લાગતી હતી. ઝવેરચંદ શેઠ પોતાની જાત મહેનતથી અને અક્કલ હુશિઆરીથી વ્હેપારમાં લાખો બલ્કે કરોડો રૂપિઓ પેદા કરતા હતા. તેમનો તમામ ધંધો રોજગાર ઝવેરીનોજ હતો તેઓ હિંદુસ્થાનના ઝવેરીઓ સાથે, તથા વીદેશી ઝવેરીઓ સાથે ઝવેરાતની લેવડદેવડ કરતા હતા. ત્હેમની હવે નવી પેઢીઓ, લંડન, પારીસ, કલકત્તા, મુંબઇ, દીલ્હી, સુરત, અમદાવાદ વિગેરે સ્થળોએ ખોલવા વિચાર કરતા હતા. ઝવેરચંદ શેઠ કરોડો રૂપીઆના ઝવેરાતની રેલમછેલમ ધંધામાં જીગરથી કરતા હતા. રાત્રી દીવસ દયાળુ મહા પ્રભુની એક ચિત્તથી સેવા કરતા અને શેઠ શેઠાણી બેઉ જણ જાતે દયાળુ હોવાથી હજારો બલ્કે લાખો રૂપીઆ ધર્માદાના કામમાં છુટે હાથે વાપરતા હતા પણ હજુસુધી ત્હેમને એકે સંતાન ન્હોતું આખરે થોડા સમયમાં તેમની ઉપર ઇશ્વરી કૃપા ઉતરવાથી ઝવેર શેઠાણીને એક પુત્રી રત્ન પ્રાપ્ત થયું: આથી શેઠશેઠાણી ખુબ આનંદમાં આવી ગયા અને બોલતાં કે પુત્રી તો પુત્રી પણ પ્રભુએ હવે સ્હામુ જોયું એટલે બસ; આથી ત્હેમના મનમાં હવે વધારે હિંમત આવી અને, વધારે આનંદમાં રહેવા લાગ્યાં, ચાંદીના દાટ ભરી ભરીને શાકરો વ્હેંચી, અને પોતાની આખી

નાતમાં ચાંદીના રકાબી-પ્યાલાનું લ્હેણું કર્યું, અને બધે વાહ! વાહ! થઇ ગઇ. હજારો ગરીબ ગુરબાં, અને અનાથાશ્રમોના ફંડોમાં રૂપીઆ છુટે હાથે આપવા લાગ્યા.

મોતીનીમાળાની ફોઇનું નામ વિદ્યાલક્ષ્મી હતું, તેપણ શેઠને ત્યાં પારીસથી આવી પ્હોંચ્યાં. આ વખતે આ બાળીકાની ઉમ્મર લગભગ દશ વર્ષની હતી. મોતીનીમાળા બચપણથીજ ઘણી ચકોર દેખાતી હતી; અને તે ભરવા ગુંથવામાં એવી તો કુશળ હતી કે તે બાળીકાના હાથનું મોતીનું ગુંથેલું કામ કદી જોયું હોય તો બેઘડી માણસ તેનાં વખાણ કર્યા વગર રહે નહિ. તે આખો દિવસ મોતીનુજ જયાં ત્યાં ગુંથણ કામ કરતી અને એવાંતો ગોઠવીને ગુંથતી કે આબેહુબ આકાશનું તારામંડળ, જાણે એક દિવાનખાનામાં ના ઝળહળી રહ્યું હોય તેમ દેખાતું હતું, મોતી પર તેહેનું ઘણુંજ વ્હાલ જોઇને તેની ફોઇએ તે બાળીકાનું નામ-

મોતીનીમાળા.

પાડયું હતું કે જે આપણે પહેલા પ્રકરણમાં નવમે પાને વાંચી ગયા છીએ, જયારે તે વિકટોરીયા ગાર્ડનમાં પોતાની સરખી સાહેલીઓ સાથે ફરવા આવી હતી તે

વખતે મોતીનીમાળાની ઉમ્મર લગભગ બારથી ચૌદ વરસની લાગતી હતી, અને સારા પ્રસંગોમાં ઉછરેલી અને ઝવેરી ને ત્યાં જન્મેલી એટલે ત્હેમાં પુછવું શું. ત્હેને શું કમીના હોય, જે જોઈએ તે હાજર થતું અને પોતાના માતપીતાને તે એકનીએક લાડકી દીકરી એટલે તો ખમા, ખમા, થઈ રહી હતી. પીવાનું પાણી માગે તે ઠેકાણે તો કઢેલું મસાલેદાર ગરમ દૂધ હાજર થતું, સારાં સારાં કપડાંલત્તાં અને ઘરેણાંગાંઠાં હોય તેમાં તો નવાઇ શી?

મોતીનીમાળાની સાહેલીઓ અને ત્હેના માતાપિતા મોતીનીમાળાને મોતી બ્હેન, મોતી બ્હેન કહીને બોલાવતા અને બોલાવતી વખતે તેમના મોંમાં પાણી પણ છુટતું હતું. મોતી બ્હેન માટે દિલમાં શેઠ શેઠાણીને ઉગળકા ઉપર ઉમળકા આવતા, અને સાહેલીઓ તો ત્હેનાં ઘડીએ પલકે ઓવારણાં લેતી હતી.

વાહ! વાહ! મોતીનીમાળા વાહ! વાહ!

જેમ સાચાં પાણીદાર મોતી ઝળહળ્યા કરે છે તેમ તું પણ ત્હારૂં મોતીનીમાળાનું નામ દીપાવવાને ચુકશે નહિ. મોતીનીમાળા તેતો મોતીનીમાળાજ રહેવાની અને ઝળકવાની અને ખચીતજ ઝળકાવવાની આશા અત્યારે

આપતી આવીજ છે ને ભવિષ્યમાં પણ તે ઉમદી આશા ફ્ળિભુત કરશેજ.

આજે ઝવેરચંદ શેઠ અને ઝવેર શેઠાણી સાંજે સાડા ચાર વાગે દુધનાં ચ્હાપાણી પી, પાન ખાઇને પોતાના બંગલાના દિવાનખાનામાં ગપાટા સપાટાને થોડી અગત્યની વાતચીત કરવામાં રોકાયાં હતાં.

કે જે વાતચીત્તમાં નીચેની મુદ્દાની વાતચીતનો પણ ત્હેમાં સમાવેશ થતો હતો.

ઝવેરચંદ શેઠ—

કેમ હવે તેં મોતી બ્હેન માટે શું વિચાર કર્યો છે? છે કંઇ ધ્યાનમાં કોઇ સારી જગા? આપણા ઘરની આબરૂ સચવાય તેવી અને વળી જમાઇપણ સારો દેખાવડો અને ભણેલો ગણેલો અને મોતી બ્હેનને હમેશાં ખુશી રાખે તેવો જોઇએ અને સારા લાગવગવાળા મ્હોટા કુટુંબનો અને સાથે બે પૈસે સુખી પણ જોઇએ.

ઝવેર શેઠાણી—

ત્હમારે તો બધુંએ જોઇએ-આમ ખોળતાં ખોળતાં તો મોતી આવડી મ્હોટી પણ થઇ ગઇ, હવે એના કંઇ જલ્દી હાથ લાલ થાય તેમ કરો તો સારૂં, નાત તો ત્હમે જાણો છો, ચુંટીચુંટીને આખાંને આખાં લોકને ખઇ જાય

તેવી છે પણ આતો આપણું ઘર મ્હોટું ને વળી તમે પાછા નાતના શેઠ એટલે કોઇ કંઈ બોલે નહિ. પણ હવે આમ વાતો કર્યા કરતાં કંઈક ચોકઠું ગોઠવો તો તો ઠીક. કેમ બોલોને-હવે બહુ વિચાર કરવાનો નથી. નહીં તો પછી વિચાર કરતાં કરતાં સમુળગી વાત બગડશે, મારૂં જેવી તમારી મરજી.

ઝવેરચંદ શેઠ—

હું જયારે તમને પુછું ત્યારે વળી તમે મ્હારે માથે ભાર નાખો.

ઝવેર શેઠાણી—

ભારતો વળી કેમ તમારે માથે તો પ્હેલો નાંખવાનો, મ્હોટા બાપ થયા, ને વળી નાતમાં શેઠ એટલે મ્હારે તો તમને પ્હેલુ પુછવાનું.

ઝવેરચંદ શેઠ—

સાંજ પડી તોપણ મોતી બ્હેન કેમ ના આવી ?

ઝવેર શેઠાણી—

હુંતો હવે એનાથી થાકી, હમણાં આવવાદો, પછી હું એની હવે બરાબર ખબર લઇ નાખું છું ત્યારે શું? રોજ આટલું સંધ્યાકાળ સુધી એકલા ફરવું શું? ના, હવે તો મ્હારે એને ધમકાવ્યા વિના નહિ ચાલે.

ઝવેરચંદ શેઠ અને ઝવેર શેઠાણી જ્યાં આવી વાતો દિવાનખાનામાં બેશી કરતાં હતાં, એટલામાં તો દાદરમાં મોતીનીમાળાનાં પગલાં ખખડવા લાગ્યા, તરતજ મોતીની માળા બા, બા, કહેતી (વાત ઉડાવતી) દીવાનખાનામાં હુરતી હુરતી દાખલ થઇ ગઈ. (છનામી ઘડીઆળ અને બાણુભાઇનું વીઝટીંગ કાર્ડ એવા તો પોતાકાના ખીસ્સામાં મુક્યાં હતાં કે કોઇને એકદમતો ખબર પડી જાય નહી. મોતીની માળાનાં જેવાં પગલાં ખખડયા કે ઝવેરચંદ શેઠ બીજા હોલમાં જઈ ખુરશી પર વાતચીત સાંભળતા બેઠા.

ઝવેર શેઠાણી—

કેમ મોતી બ્હેન? આજ કંઇ આટલું બધું મોડું? તું ક્યાં ફરે છે, ને ક્યાં જાય છે? કેમ બોલતી નથી? જવાબ આપનો? દીવસે દીવસે મ્હોટી થતી જાય છે કે ન્હાની! મ્હારે હવે ત્હને ઘડીએ ઘડીએ કહેવું પડે તે ઠીક નહી. જો ત્હારા બાપુ પણ ક્યારના મ્હારાપર રહીડાયા છે. જા, જમી લઇને ઝ્હેલી સૂઇ જા. જો હમણાં જાણશે તો તારા ને મારા પાછા ભોગજ મળવાના છે. તારા બાપુ તો જોડે દીવાનખાનામાં કંઇક બેઠાબેઠા વાચે છે. માટે હવે ધમપછાડા કર્યા વગર મેં કહ્યું તેમ તું હવે જલદી જમીને સુઇજા, જા.

તરતજ મોતીનીમાળાએ રસોડામાં જઈ જલ્દી જમી

લઇ એકદમ ગુસ્સામાંને ગુસ્સામાં પોતાના ખાનગી દીવાનખાનામાં જઇ પોતાની જગા એક મખમલની ફેન્સી ખુરશીપર લીધી, ને ગઝલ ગાવા નાની સાહેલીને હુકમ કર્યો હતો કે જે આપણે આગળ વાંચી ગયા છીએ.

મોતીનીમાળા જ્યારે નિંદ્રાવસ્થ થઈ કે તરતજ ઝવેરચંદ શેઠ અને ઝવેર શેઠાણી બેઉ વાતો કરવા લાગ્યાં.

ઝવેરચંદ શેઠ—

(શેઠાણીને) ઠીક કરયુ તેં તો આજ બરાબર મોતી બ્હેનની ઝડતી લીધી.

ઝવેર શેઠાણી—

શું કરૂં ત્યારે એને ધમકાવીએ નહી તો પછી વાત બગડતી જાય.

ઝવેરચંદ શેઠ--

પણ, કયાં સાંભરે છે. જોને, એ ઉંઘે છે કે જાગેછે?

તરતજ ઝવેર શેઠાણીએ ધીમેથી ત્હેના દીવાનખાનામાં જઇ તપાસ કરી, તો ઘસઘસાટ મોતીનીમાળા ઉંઘતી હતી અને કંઇક મનમાં બબડતી હોય તેવું લાગ્યું તરતજ શેઠાણી શેઠ પાસે આવી કહ્યું કે એતો ઉંઘે છે, પણ કંઈ મનમાંને મનમાં બબડે છે ઘડીકમાં હસ્તી હોય એમ કરે છે, ને પાછી બધ રહી જાય છે.

ઝવેરચંદ શેઠ—હોય એતો બાળક છે, પણ જરા તેં એનાં ઘજવાં બજરાં તપાસ્યાં કે નહી ? જો આજે એ ફરવા ગઈ હતી તે એને શું કંઇ ખરચ કર્યું છે કે નહી?

તરતજ શેઠાણીએ તો મોતીનીમાળાનું પોલકુ તપાસવા માડયું, તો મહીંથી, સોનાનું ફેન્સી ઘડીઆળ અને બાબુભાઇના નામનું કયાર્ડ નીકળ્યું. શેઠાણી તો પોલકુ લઇને શેઠ પાસે આવી ખીસ્સાં ખાલી કરવા માંડયાં અને શેઠે ઘડીઆળ, તથા મખમલની ફેન્સી પાકીટ તેમાંનું પરચુરણ તથા ગીનીઓ, અને નોટ. બધી તપાસી પાછી મૂકી દીધી. ઘડીઆળ જોઇને તે પણ પાછુ મુંકયું પણ 'બાબુભાઇ' નું કયાર્ડ જો, જો, કરતા હતા તે આખરે શેઠ બોલી ઉઠયા કે આતો આપણા ભાગીદાર માણેકચંદ શેઠના પુત્રનું કયાર્ડ છે. હા જરૂર નામ, ઠામ, ઠેકાણું બધું બરાબર છે. પણ આ કયાર્ડ એના પોલકાના ખીસ્સામાં કયાંથી આવ્યું ? ઠીક છે બેચાર દીવસ હવે આપણે એનો તાલ બરાબર જુવો, પછી એને વાત પુછીશું, હમણાં ત્હારે પણ એક શબ્દ મોતી બ્હેનને કહેવો નહી ? જોઇએ હવે એશું કરે છે ?

સ્હવાર થઇ કે, એક સાહેલીએ, મોતીનીમાળાને જગાડવા માટે ફોનોગ્રાફપર એક પ્રભાતીયાની પ્લેટ મુકી, વગાડવા માંડયું.

રાગ—પ્રભાતીયું

સમરને શ્રી રામને, વ્હાલી સુતો શું ઓઢ તાણી,
મુઆ પછી કંચન દેહ, તારો થાશે ધુળધાણી,
સંસારના સુખમાં, પતિના લોભમાં, ના ભજ્યા ને શ્રી સીતાપતી-
મુઆ પછી દેહ તારો બળી જશે, નહિ આવે આ મનુષ્ય દેહ ફરી
પ્રિતિના પ્યારમાં, પુત્રના મોહમાં, રામ નામ તું ભજવા ભુલી
નન કર્યા વ્હેપાર તે, ભજ્યા રામનામને તેથી દેવામાંજ ડુબી
—સમરને.

(પંડયા જેઠાલાલ અંબુરભાઈ–અજારમાં–મહેમદાવાદ)

પ્રભાતીયાની છેલ્લી ટુંકનો અવાજ જેવો મોતીનીમાળાને કાને પડયો કે તે નિંદ્રામાંથી જાગૃત થઇ, દાતણપાણી કરી, ન્હાઇ ધોઇ, ચ્હાપી, પછી પોતાના ખાનગી દીવાનખાનામાં જઈને એકલી વીચાર કરતી બેઠી. આજ એને કંઇ પણ સુઝતું ન્હોતુ, તથા પોતાના માતપીતા સાથે કંઇ બોલ્યા ચાલ્યા વગર ચ્હા પી, એકદમ ઉઠીને પોતાના ખાનગી રૂમમાં જઇને બેઠી. તરતજ વીજળીની ઝડપથી મોતીની-માળાએ પોતાના ફેશનેબલ પોલકાના ખીસ્સામાથી મી. હીરાલાલનું એડરેસનું વીઝીટીંગ કાર્ડ કહાડી ટેબલપર મુકી, મોતીનીમાળાએ એક 'ખાનગી નોટ' મી. હીરાના-હાર ઉપર લખવા માંડી.

My dear Mr. Alright, (Private—ખાનગી).

માય ડીયર. મી, ઓલરાઇટ

તારીખ-તમેજ -માહે-મારા વહલા -અને-શિરછત્ર

' આપની સાથે બગીચામાંથી છુટી પડયા પછી, પ્રભુ જાણે કે તમે મારા કોમલ ' મનપર , શું જાદુ કર્યું છે. આપની થોડાજ કલાકની આનંદિત મુલાકાત, અને તમારી સાથેનો ટુંક વાતનો પ્રસંગ ઘડીકમા મ્હને ઉમંગી બનાવે છે, ત્યારે થોડીવાર પછી મ્હારૂં મન શાથી મુન્ઝવણમાં પડે છે, તે હું સમજી શકતી નથી, આથી હું મ્હારો વખત બેચેનમાં ગુજારૂં છુ જેમાંથી જલ્દી મુકત થવા અને તમારી જાદુઈ વિદ્યા શીખવા ઇચ્છુ છું જો આપને આજ બેઘડી ફુરસદ મળે તો આપની મુલાકાતનો ચોકસ ટાઇમ તથા જગા લખી જણાવી ઉપકારી કરશો. વિશેષમાં આપના પવિત્ર મુખનાં દર્શન કરવા તલસી રહી છુ આપનો અમુલ્ય વખત વધારે નહિ ગુમાવવા ઇચ્છા રાખી, મારા મનનો ખુલાશો આપની રૂબરૂમાં કરવા ઇચ્છુ છું.

લી

મ્હારી આ નજીવી નોટ આપની ઉપર પહેલવ્હેલીજ મોકલવાનો પ્રસંગ હોવાથી ભુલચુકની માફી ચાહુંછુ { આપના દર્શનની આજેજ ખાસ આતુરતા ધરાવતી મનમાં મુઝાતી— 'મોતી'

નોટ લખી તરતજ મોતીલીમાળાએ એક ફેન્સી કવરમાં તેને બીડી, કવર પેક કરી સરનામુ લખી પોતાની ખાસ ખાનગી સાહેલી મારફતે, મી. 'હીરાનાહાર' ને હાથોહાથ , આપવા જણાવી, જલ્દી જવાબ લાવવાનું

જણાવી રવાના કરી દીધી. સરનામું વાંચી તે સાહેલીએ 'બાબુ બગીચા' માં જઈ, મી. હીરાનાહારને રૂબરૂમાં મળી હાથમાં કવર આપી ઉભી રહી. તરતજ મી. હીરાનાહારે તે સાહેલીને શેતરંજીપર બેસવાનું કહી, પોતે કવર ફોડી, નોટ વાંચી, આનંદિત થઇ, હસ્તે ચ્હેરે જવાબ લખવો શરૂ કર્યો.

[Private] (બાબુ બગીચો)

My dear Motinmala, *Babu Bagicho,*

માય ડીયર 'મોતીનોમાળા'

તમારી નોટ, કે જે મોતીનીમાળાનાજ ખાસ હસ્તકે મોતી જેવા દસ્કતથી લખેલી, તેમાં તો મ્હારે કહેવુંજ શું? ઘણા પ્રેમથી વાંચી સ્વીકારૂં છું. જવાબમા આજ સાંજે પાંચ વાગે એકઝીબીશન (પ્રદર્શન) ના દરવાજા પાસે થોડેક દુર, હું મ્હારી વીક્ટોરીયામાં બેસી, તમારી આનંદીત મુલાકાતની રાહ જોઇશ. યોગ્ય લાગે તો પધારશો તમારા દર્શન થયા પછી મ્હને પણ તમે જેમ લખો છો તેવીજ તમારી પાસે પણ વિજળિક વિદ્યા છે. જો મન ચ્હાય તો મને પણ તે થોડીક શીખવાડવા તસ્દી લેશો કે જેથી હું તે શીખીને, વીજળીની ઝડપે તમારી આનંદીત મુલાકાત લેવા ભાગ્યશાળી થઉં. મનનો ખુલસો મળવાથીજ થશે.

લી.

તારીખ- તુંજ
માહે- મ્હારી વ્હાલી
સને- શીરમણિ.

વિજળિક વિદ્યા શીખવાની આશા રાખનાર
વ્હાલો બનેલો 'બાબુ'

તરતજ મી. હીરાનાહારે નોટ લખી, તે ઉપર બ્લોટીંગ ડાબી, કવરમાં બીડી શીલ કરી, તે આવેલી મોતીનીમાળાની ચતુર સાહેલીના હાથમાં આપી વધારેમાં એક દશનું નોટ તે સાહેલીને ઇનામ આપી 'જલ્દી જવાબ પહોચાડવાનું' કહ્યું. તરતજ તે સાહેલી થોડીવારમાં મોતીનીમાળા પાસે જવાબ લઇ હાજર થઇ, ને ઇનામની પણ વાત કહેવા ભુલી ન્હોતી. ઝડપથી મોતીનીમાળાએ સરનામું વાંચી કવર ફોડી સાચવીને નોટ કહાડી વાંચી, બીજી વખત વાંચી, ફરીથી ત્રીજી વખત વાંચી, પછી તે નોટને ચુમી, કવરમાં બીડી પોતાના પોલકાના ખીસ્સામાં મુકી દીધી.

મોતીનીમાળાએ આજે પોતાનો સાદો, સુંદર રેશમી પોપટી રંગનો બારીક પોશાક પહેરી, ગળામા સાત શેરોની મોતીની માળા, હાથે બન્ને મોતીની બંગડીઓ, કાને ચળકતાં મોતીનાં એરીંગ, ને બાલમાં ગુંથેલી મોતીની લટો તેના તેજસ્વી લલાટપર લટકી રહી હતી, તથા પોલકાને સાચાં મોતીનાં પાણીદાર બટન ઘાલી તેમાં વીજળીક ઉડી રોશનીની બત્તી ચાલુ રાખી હતી જેનું તેજ તેના શોભી રહેલા હસમુખા ચ્હેરામાં વધારે ચળકાટ મારી રહ્યુ હતુ પોતે નાની બટુકડી સાહેલીને સાથે લઇ, કોચમેનને

વિકટોરીયા, બોરીબંદર સ્ટેશન સ્હામે પ્રદર્શન તરફ, ચલાવવા હુકમ કર્યો. ઘેર પેટમાં દુઃખે છે માટે સાંજે નહિ જમું એવું કહયું હતું. જોતજોતામાં તો વિકટોરિયા પ્રદર્શન પાસે આવી પ્હોંચી. તરતજ બટુકડી સાહેલીને મી. 'હીરાનાહારની' વિકટોરીયા શોધી કહાડી, મી હીરાનાહાર કયાં છે તે જોવા મોકલી દીધી. મી. હીરાનાહાર કયારનાએ ચોગરદમ આંખોપર દુરબીન ચડાવી મોતીની-માળાની રાહ જોતા હતા. મોતીનીમાળાની વિકટોરીયા દુરથી આવતી જોઇ, હીરાનાહારે પ્રદર્શનમાં દાખલ થવાની ટીકીટો લઈ લીધી હતી. તે બટુકડી સાહેલીએ પોતાની બા સાહેબ મોતીનીમાળાને મી. હીરાનાહારની વીકટોરીયા બતલાવી; તરતજ સર્વે સાથે મળી ગયાં, અને પ્રદર્શનમાં રૂવાબથી દાખલ થઇ ગયાં.

પ્રકરણ ૯ મું

મોતીનીમાળા અને હીરાનાહારની બીજી મુલાકાત.

શુશોભિત સોનેરી પ્રદર્શન.

હિમાલીયન માઉન્ટન રેલ્વે—

મણીધર નાગને માથે જે મણી હોય છે, અને લોકો કહે છે કે, તે મણી, પોતાનો પ્રકાશ, અંધાર જંગલમાં કાળી અંધારી રાત્રીમાં બાર ગજ સુધી, ફેંકવામાં પંકાયેલી છે તેવુંજ આ સુંદર મનને આકર્ષણ કરતું સુશોભિત સોનેરી પ્રદર્શન આ દુનીયામા વૈકુંઠનો દેખાવ આબેહુબ બતલાવતું મુબઇના મેદાનમાં ભરાયેલુ સોનેરી પ્રદર્શન, આખા હીંદુસ્થાનમાં પણ પ્રકાશી રહેલું છે. કે જે પ્રદર્શનમાં, તે પ્રદર્શનના, મેનેજીંગ માસ્તરોએ, પોતાથી બનતી કોશીશે ભેગી કરેલી દુનીયાની તમામ જુની અને નવી, જાણીતી અને વખણાતી, રંગીન ચીત્ર કામ વાળી અને તરેહ તરેહના હુન્નરની, વિધવિધ ચીજોનો સંગ્રહ કરવામાં આવેલો દેખાતો હતો. આ જાણીતા થયેલા પ્રકાશીત પ્રદર્શનમાં નીચે જણાવેલી ચીજો ખાસ ધ્યાન ખેંચી લોકોમાં વખાણ કરી રહી.

૧ પ્રદર્શનના શોભીતા, રંગીન વિજળીક બત્તીના, મ્હોટા ભભકદાર, સોનેરી અક્ષર સાથેના વિશાળ દરવાજા, અને

૨ ભાતભાતના રંગીન ઉડતા ફુવારા મનને ઘણો આનંદ આપતા હતા.

૩ વિશાળ મ્હોટી સુંદર હોટલો કે જેમાં ગરીબ અને તવંગર લોકને પણ ઘણી વિશ્રાંતિ લેવા માટેની જોઈતી ગોઠવણો રાખવામાં આવી હતી, અને તે સઘે,

૪ વિધવિધ પ્રકારનાં સુંદર સરોવર ફાઉન્ટનો બેન્ડ વાગી રહ્યાં હતાં.

૫ સિંગાપુરના તરેહતરેહનાં ન્યાતુ રચીનીના ગણેશ રાખવાના સ્થાનો અને

૬ ચારૂગાર હજારની એકએક નાની ખોરાકના નમુનાની ફેન્સી ઘડીઆળો તથા—

૭ સઘળો ગીરદું હુશીઆર કારીગરોના હાથે તૈયાર કરેલું ફેન્સી જાત કામ શોભી રહ્યું હતું.

૮ કુદરત કરતાં લાકડાના લાંબા નકશીદાર કોતરણી સાથેના ચડ ઉતર પાટીઆં.

૯ સુંદર જાળીઝરીવાળી મનને આનંદ પમાડતા બગીચા—

૧૦ હવામાં અદ્ધર ઝુલતું જાડા તારથી બાંધી રાખેલું બલુન—

૧૧ હોમાલ્યન મઉન્ટન રેલ્વે—

૧૨ કાચની લાઈટીંગ ગેલેરીઓ—

૧૩ દરીઆઈમાં ઉતરવાની ઈનામી જગાઓ—

૧૪ સ્કેટીંગ રીન્ક—

૧૫ ગોળ ફરતું સ્ટીમનું વાજા સાથેનું ચકડોળ અને—

૧૬ ઝળઝળતું આકાશમાં રંગીન તારા મંડળ કરી રહેલું અવાજ સાથેનું દારૂખાનું જોનારનાં મન હરણ કરી રહ્યું હતું.

જોડે જણુ: વેલી અને બીજી ધણીક નવાઇની ચીજો બતાવતું આ પ્રદર્શન દીપી રહ્યું હતું. જેમાં એક છેડે હીમાલીયન માઉન્ટન રેલ્વેમાં મોતીનીમાળા, મી. હીરામોહાર ને બદુકડી સાહેલી આ ત્રણે જણુ બેસી હાથમાં છુટા રૂમાલ હવામાં લહેરાવી રહી, આનંદીત મ્હેરે (Go on please) 'ગો ઓન પ્લીઝ' મહેરબાની કરી જલ્દી ચલાવોની બુમો પાડતા, ખુશી થતાં તે રેલ્વેમાં મુસાફરી કરી નીચે ઉતર્યાં, આટલાથી પણુ નહિ ધરાતાં, 'સ્કેટીંગરીન્ક' જોઇ ત્યાંથી પાછાં હવામાં ઉડતા બલુનમાં ત્રણે જણુ બેઠાં અને ઉંચે હવામાં તે બલુનમાંથી મુંબઇની ચોગરદમ ફરતો સાંજનો રમણિય દેખાવ જોઇ આનંદ પામી નીચે ઉતરી પાછાં 'લાઇફ બોટમાં' બેઠાં, તે બોટ ઝપાટામાં નીચેના બનાવટી પાણીના હોજમાં છુટી પડતી, કે જેને બહાદુર ખલાસીઓ તે બોટને ઉંધી વળતાં, હાથમાં લાંબા અણીદાર વાંસના ટેકાથી બચાવી લેતા આ દેખાવ મનને ઘણોજ આકર્ષણ કરતો હતો. ત્યાંથી ગોળ ફરતા વાજીંત્ર વાળા ચકડોળમાં બેસી તથા તમામ જાતની હરીફાઇઓ અજમાવી ટાઇમ પસાર કરી, હસતાં હસતાં પ્રદર્શનને વખાણતા તે ત્રણે જણુ પ્રદર્શન બ્હાર આવી, વિક્ટોરીયામાં બેસી, ત્યાંથી બેન્ડસ્ટેન્ડ તરફ ફરવા નીકળી પડયાં.

આ વખતે સાંજ પડી ગઇ હતી, બંન્ને જણે એક બીજાને ઘેર મળેલા ઠપકાની વાત કહી સંભળાવી, અને ફરી મુલાકાત બુધવારને દીવસે સાંજના 'બાબુલનાથ' પર રાખી પોતપોતાને બંગલે દરતે મ્હેરે પસાર થઇ ગયાં. હવે આ પ્રેમી જોડાની એક ઉપર બીજી ને બીજી ઉપર ત્રીજી મુલાકાતો થવા લાગી, અને વધારે છુટથી ફરવા

લાગ્યાં. જાતજાતની એક બીજા ઉપર ભેટ સોગાદ મોકલવા લાગ્યાં અને પુષ્કળ પૈસા છુટે હાથે વાપરવા માંડયા, આ તમામ ધમચકડ તે બેઉના માતપિતા બરાબર ચોકકસ રીતે જાણતા હતા હવે તેઓ માણેકચંદ અને ઝવેરચંદ શેઠીઆઓ, આ કુમળાં બાળકોના ઉમંગ પુરા કરવા માટે કેવી બાજી ગોઠવી હતી તે ચાલો આપણે વાંચીએ.

મી. હીરાનાહારના પિતા, માણેકચંદ શેઠ, હીરાનાહારની તમામ છાની ધમચકડથી રજેરજ જાણીતા હતા, કારણ કે હમેશા રાત્રે જયારે મી. હીરાનોહાર નીંદ્રાવસ્ત થતો ત્યારે માણેકચંદ શેઠ અને માણેક શેઠાણી, તેનાં ખીસ્સાં તથા પાકીટ, ચોપડીઓ, કબાટ, ટેબલ વિગેરે તમામ બારીકાઈથી તપાસતાં હતાં. મોતીનીમાળાના એડરેસનું કાર્ડ બાબુભાઈએ પોતાની ચોપડીના પાનામાં રાખ્યુ હતું, જે માણેકચંદ શેઠે જયારે બુક તપાસી ત્યારે તેમણે તે જોયું અને સરનામું વાંચી પાછું હતુ તેમ ગોઠવીને મુકીદીધું, પછીથી ખાનગી રીતે તપાસ કરવા માંડી તો તે તમામ વાતથી વાકેફગાર થયા હતા.

મોતીનીમાળા વીશે તો આપણે આગળ વાંચી ગયા છીએ અને તેમાં પણ મોતીમાળાની તમામ ધમચકડથી તેણીના માતપીતા જાણીતા થયા હતા. માણેકચંદ શેઠ અને ઝવેરચંદ શેઠ હમેશાં બનતા સુધી ચોપાટીપર ફરવાને બ્હાને રબર ટાયરની ઉંચી ફેન્સી વિકટોરીયામાં આવી, વાતચીત ભેગા બેસી કરતા અને મોતીનીમાળા ને હીરાનાહારની હવે થી રીતે ગોઠવણ કરવી અને તેમનેજ સ્વ હાથે એવાતો એક બીજાના પ્રેમ પ્રસંગમાં પડે કે જીંદગી જતાં સુધી પણ છુટા થવાની ઇચ્છા કરે નહિ. આ મુદ્દાની ખટપટ માટે તેઓ હવે બનતા ઉપાયો જલ્દી યોજવા લાગ્યા.

મોતીનીમાળા ને હીરાનાહારના જન્મમાં પણ બન્ને શેઠીઆઓનો એકજ મત હતો અને આ ખટપટમાં ઘણોજ આનંદ લેતા અને એક જીંદગીનું સાફલ્ય થયું માનતા હતા બન્ને શેઠાણીઓને પણ ઘણોજ આનંદ આથી થતો હતો અને ઉમંગથી પોતાનાં લાડકાં બાળકને જોઇતી સ્વતંત્રતા આપી અંદર ખાનેથી ત્હેમને પૂરેપુરી મદદ કરવા ઉત્સુક હતાં.

માણેકચંદ શેઠ પોતાના મ્હોટા મુનીમને માણેક શેઠાણી સાથે થોડી છાની મસલત કરી બંગલે આજ રાતના રહેવા કહ્યુ મ્હોટા મુનીમે ત્યાં શેઠના બંગલે પોતાની ઘણી રાજી ખુશીથી રહ્યા. તે વખતે માણેકચંદ શેઠ સૌના સુઇ રહ્યા પછી રાતે મ્હોટા મુનીમને હીરાના હાર વીશેની તમામ રીતભાતથી વાકેફ કરી દીધા, અને કહ્યું કે આવતી કાલથી તમારા પુત્ર મારફતે આ રૂપીઆ ચારસે એવી યુકતીથી 'હીરાનાહાર'ને પ્હોંચે કે તેનાથી તે બીન વાકેફગાર રહે એવી રીતે આપવા સુચના કરી અને મ્હોટા મુનીમને પણ કહ્યું કે તમારે પણ હીરાનાહારને રૂપીઆ ખરચવા માટે મને એકાંતમાં પુછી જોઇએ તેટલા આપવા કહ્યું આ મ્હોટા મુનીમનો પૂત્ર કે જેનું નામ મી ચીમનલાલ હતું તે હીરાનાહારની સાથે એકજ સ્ટાન્ડર્ડમાં (વર્ગમાં) ભણતો હતો તેને મ્હોટા મુનીમે પોતાને ઘેર જઇ પોતાના ડાહ્યા પુત્ર ચીમનલાલને સ્કુલમાં હીરાનાહારને ખબર ન પડે તેવી કોઇ યુકતી શોધી તારે આ રૂપીઆ ચારસેની ૨૬ ગીની અને એક દશનું નોટ તેને વાપરવા માટે બહુજ ચાલાકીથી આપવાનું કહ્યું. બીજેજ દીવસે મી. ચીમનલાલ સ્કુલમાં મી હીરાનાહારને એક વાગે રીસેસ (રજા) માં મળ્યા અને કહ્યું કે,

મી. ચીમનલાલ—કેમ મી. ઓલરાઇટ ? તમે શું અમારાથી રીસાયા છો કે શું ?

મી. ઓલરાઇટ (હીરાનોહાર)—

તારા સાથે વળી રીસાવાનું શું, ચાલ આપણે હોટલમાં ટીફીન કરી આવીએ એમ કહી બન્ને જણ ગોખલે હોટલમાં એક રૂમમાં ભેરી પાસેર પરોરા દૂધની ચ્હાના બે કપ મી. હીરાનોહારે મંગાવ્યા અને સાથે બે કેક પણ મંગાવ્યાં, તરતજ તે ચીજો હાજર થઇ, બન્ને જણ દુધના ચાહપાણી પી રહ્યા પછી મી ઓલરાઇટે એક દશનું નોટ મી. ચીમનલાલ પાસે હાથ ઉછીનું ખરચવા લીધું. બીજે દીવસે વળી એક ગીની લીધી. પાંચમે દીવસે બે ગીની લીધી આમ ઉછીતા લેતાં લેતાં ચારસો રૂપીઆ મી. હીરાનાહારને પહોંચ્યા. અને આજ આપીશું, મીસ્ટર કાલે આપીશું, મીસ્ટર આજતો ગુડ ફ્રાઇડે છે, આજતો સેટરડે છે અને આજતો સનડે છે ને આજતો હોલીડે છે કહી વાયદાપર વાયદા કરવા લાગ્યા, જો કે મી. ચીમનલાલને તો તે આપવાનાજ હતા, પણ મી. ઓલરાઇટ ચેતી ન જાય તેટલા માટે ઘણીક વખત દબીને પણ માગતા હતા આ ચારસેં રૂપીઆ હીરાનાહારે ઝપાટાબંધ તેમાંથી થોડા હાથખરચીમાં, થોડા મોતીનીમાળા પર મોકલેલી ભેટ-સોગાદોમાં, અને બાકીના નોકર ચાકરોને ઇનામ આપી પુરા કરી દીધા મુનીમ પણ પાછળથી બાબુભાઇને રૂપીઆ ઘણી યુકતીથી છુટે હાથે આપવા લાગ્યા અને કહેતા કે જૂઓ હવે તમે સાચવીને વાપરો, તમે મોટા થયા, તે શેઠ જાણશે તોપછી મને ઠપકો આપશે અને આમ ઉડાવૃ જશો તો આખરે તેનું પરીણામ તમારા લાભમાં સારૂં નહિ આવે એ ચોકકસ ધ્યાનમાં રાખવા જેવુ છે,

હવે મી. હીરાનાહારનો હાથ વધારે છુટો રહેવા લાગ્યો ને બસ ઉડાઓ બીજી વાત નહિ, કોણ પુછે છે. અરે આગળ પર વળી સો થઇ પડશે, કોણ જીવ્યું ને કોણ મર્યું, દિવસે દિવસે મોત તો કુતરાના જેવું આવે છે આ જરાક આમ થયું ને તેમ થયું કરતાંમાં તો ૮૫ દહાને સારા સારા માણસો જોતજોતામાં કંઇક મરી ગયા ને મરી જાય છે, અરે આપણે તો વાપરેજ બસ પાર, બસ વાપરેજ પાર, ભલેને જે થવાનું હશે તે થશે, અરે વળી થવાનું તે શું હતું, ક્યાં આપણા બાપની મીલકત કમી છે, બધી આપણાજ માટેજ છેને, અને વળી તે મ્હારા શીવાય બીજો ભોગવનાર પણ કોણ છે. હવે તો મી. હીરાનાહારે દરરોજ ખરચની સરેરાસ એકથી બે ગીનીની લાવી મુકી. આખરે શેઠનો મીજાજ હાથના રહ્યો કે તરતજ માણેકચંદ શેઠે માણેક શેઠાણી સાથે ખાનગી મસલત કરી અને કહ્યું કે હવે આ મી. બાબુભાઇ બડેજાઓ મહેરબાનના જેવો ઠાઠમાઠને પૈસા છુટે હાથે વાપરવા લાગ્યો છે, અને આમ વધારે વખત થશે તો મીલકત પુરી કરશે તો કરશે પણ એની જાતે પણ હેરાણ થશે અને આ લાડમાં ઉછરેલા લાડકા દીકરાને ચણા ફાકવાના પણ ફાંફાં મારવાં પડશે. માટે હવે એને સુધારવાની મારે અત્યારથીજ તજવીજ કરવી પડશે. તરતજ શેઠે કહ્યું કે હજુ બાબુ કેમ ના આવ્યો. આજ બંગલાના બાગના બધા દરવાજા બંધ રાખો ને નોકરને કહી રાખો કે જ્યારે બાબુભાઇ ચાર પાંચ બુમો જોરથી પાડે ત્યારે તે ઉઘાડે, ને કહે કે શેઠ આજ તમારા પર બહુજ ચ્હીડાયા છે, માટે જાવ બોલાવે છે. એમ નોકર પાસે પણ કહેવડાવી મુક્યું. માણેક શેઠાણીને પણ કહ્યું હતું કે આજ તારે બાબુને ખુબ ધમકાવી, મારી બ્હીક બતલાવી

બારોબાર ચુપચુપ સુઇ રહે, પછી સ્હવારે હું એની બરાબર ક્‌તી લઇશ. જોત જોતામાં તો હીરાનોહાર વિક્ટોરીઆમાંથી નીચે ઉતરી કોચમેનને રવાને કરી બંગલાના બાગના દરવાજા ઠોકતો થાકી, મ્હોડેથી બુમો પાડવા લાગ્યો. આખરે થોડીવાર પછી નોકરે જેવા દરવાજા ઉઘાડયા કે મી ઓલરાઇટની (હીરાનોહાર) આંખ તો લાલ પીળી થઇ ગઇ અને બેચાર ઠોકી પણ દેવાની તૈયારીમાં હતો, તેટલામાંજ તો નોકરે શેઠની કહેલી તમામ હકીકતથી બાણુભાઇને વાકેફ કરી દીધા. બંગલામાં દાખલ થતાંજ માણેક શેઠાણીએ મી બાણુભાઇને ખખડાવી નાંખ્યા ને ઉપરથી શેઠની પણ ધાક આપવા ભુલ્યાં નહોતાં. બાણુભાઇતો સજડ થઇ ગયા ને ચુપચુપ પોતાના ખાનગી હોલમાં જઇ સુઇ રહયા.

સ્હવાર થતાંજ જયારે માણેકચંદ શેઠનું કુટુંબ લીલી ચા પી રહયું કે તરતજ બાણુભાઇને એકાંતમા બોલાવી કહયું કે—

માણેકચંદ શેઠ–કેમ બાણુ હવે તો કઇ ખુબ રાતના રખડવા માંડયુંછે? કાલ રાતના કયાં ગયો હતો, હું સુઇ ગયો ત્યાં સુધી તો તું આવ્યોજ નહોતો ? શું હતું, બોલ, બેવકુફ ?

બીચારા બાણુભાઇનું પાટલુન ઢીલુઢબ થઇ ગયું પણ બાણુભાઇની શુ તાકાત કે આ વખતે એક અક્ષર પણ માણેકચંદ શેઠ આગળ બોલી શકે પણ Silence is great virtue (સબસે બડી ચુપ) આ કહેવત પ્રમાણે બીચારો ચુપચુપ ઉભો રહયો, તરતજ બાણુભાઇને કહયું કે જા, તું મારા બંગલામાંથી બહાર નિકળ, તું ત્યારે ફાવે ત્યાં જા, મારા બંગલામાં તું હવે વધારે વખત ના જોઇએ. બાણુભાઇ તો રીસ ચડાવી, પોતાના ખાનગી રૂમમાં મો ઢીલું કરી થોડીવાર બેસી, પછીથી જમ્યા ના જમ્યા જેવું કરી પોતાના ખાનગી રૂમમાં વિચાર કરતા બેઠા.

'થોડીજવાર થઇ નહિ હોય તે દરમ્યાનમાં તો જોત જોતામાં એક મોતીનીમાળાના ચતુર સાહેલી હાથમાં મી હીરાનાહારના સરનામાનું એક કવર લઇ આવી, ને મી હીરાનાહારને તે આપ્યું અને જવાબ લઇ જવાનોછે, એમ કહી ઉભી રહી. તરતજ તે સાહેલીને મી. હીરાનાહારે એક કોચપર બેશવા ઇશારો કરી, પોતે પત્ર વાંચવા માંડયો.'

મ્હારા વહાલા- 'Specially private'

હૈ-યા-ના-હા-ર. મુંબઇ તા. ૧૯-૧૨-૧૨.

આપની પવિત્ર સેવામાં હાજર રહેવાનો પ્રસંગ મ્હને પ્રભુ જલ્દી આપે એજ ઇચ્છું છું. વિશેષમાં તમે આ મ્હારી ખાસ ખાનગી નોટ (તમારાથી ખાસ ખાનગી નહિ તે) વાંચી બનતી ઉતાવળે મ્હને બાબુલનાથમાં મલશો એવી આશા રાખુ છું, ઘણીજ અગત્યની વાતમાં મ્હારે તમારી સલાહના ખાસ જરૂર છે, નહિ આવો તો હવે હું તમને ફરીથી મળી શકીશ નહિ, વધારેમાં તો તમને હાલ હિરાનોહાર નહિ લખતાં હવે હું તમારી આગળ શરમ છેડવાની ઇચ્છા નહિ રાખવા છતાં પણ મ્હારા વહાલા હૈયાનાહાર લખવા પહેલ કરૂં છું યોગ્ય લાગે તો મ્હારી આ રંકની પહેલ માન્ય કરશો એવો આપનો મ્હને પુર્ણ વિશ્વાસ છે. જલ્દી આવશોજી. લી●

મહારા મનથી માની લીધેલા

મહારા 'હૈયાનાહારમાં એક ગુથેલુ

'મોતી.'

આ ખાનગી નોટ વાંચી તરતજ મી. હીરાનાહારે જરાવાર પણુ વીચાર નહિં કરતાં જવાબ લખી દીધો.

Specially private and urgent.

My dear Motinmala, *Babu Bagicho.*

મ્હારી વહાલી ‘મોતીનોમાળા’

તા. ૧૨--૧૨--૧૨.

તમારી લખેલી ખાસ ખાનગી નોટ મને બરાબર મલી છે, જવાબમાં મહાનમાં સંપુર્ણ વિશ્વાસ રાખનારને કોઇ વખત પણુ મને ઇશ્વર એવો વખત ન આપે કે તે અવિશ્વાસી થાય. મારા મનની માળા લખું કે મારી કોટની વહાલી મોતીનીમાળા લખું તો તેમાં મહારી કંઇપણુ ભુલ થતી હોય એમ હું માની શકતો નથી. કિસ્મતમાં મ્હારી જીંદગીના મોતની માળાને મ્હારી વ્હાલી મોતીની માળા ત્હેનાથી બનતા પ્રયત્ને દુર રાખવા માટે પોતાથી બનતી કોશીશ કરવા કદી પણુ ચુકશે નહિ એવી મને પણુ તમારી સંપુર્ણ ખાત્રીજ છે. બસ વધારે વખત લગાડી તમારા જવાબમાં ઢીલ નહીં કરતાં હું કપડાં પ્હેરી મહારી વિકટોરીયામાં બાબુલનાથ પર હવે તમારી રાહ જોતો ત્યાં ઊભો રહેશો મને જોશો, એજ તમારા મલવાથીજ હવે આ મારા મનનો પણ પુરતો ખુલાસો તમારા ખુલાશા સાથેજ થઇ જશે એજ ઇચ્છું છું. પ્રભુ મને મારા આ મનના ધારેલા કામમાં મદદ કરે. બસ. જલદી આવશો, તાપમાં તપેલો છું,

લી૦

ગળે મોતીનીમાળાનો શોખ ધરાવતો

હીરાનાહાર.

તરતજ જવાબ લખી, કવરમાં બીડી, પોતાની વીંટી વડે લાખપર શીલ કરી, મોતીનીમાળાની આવેલી ચતુર દાસીને આપી, સાથે એક ગીની ઈનામ તે ચતુર સાહેલીને આપી, ખુશી કરી, જલદી જવાબ પહોંચાડવા તાકીદ કરી, રવાના કરી દીધી.

એક કલાક પણ પુરો નહિં થયો હશે તે દરમ્યાનમાં તો હીરાનાહારની અને મોતીનીમાળાની ચકોર ચક્ષુઓ બાબુલનાથના દહેરાનાં એક બીજા પ્રેમીને જોઈ ઠંડી થતી હતી અને પતાકાર[illegible] મારી રહી હતી. મોતીનીમાળાએ પોતાનું લગન, તેણીના માતપીતા બીજા કોઈ મુંબઈમાં રહેતા [illegible] પુત્ર સાથે કરવાનું છે તેવુ કહ્યું, અને મી. હીરાનાહારે પણ પોતાનું લગન અમદાવાદમાં રહેતા કોઈ એક શરાફની પુત્રી સાથે કરવાનું, પોતાના માતપીતા તરફથી સાંભળેલું હતું તે કહ્યું. બન્ને જણે એકબીજાની તેમાં ચોખ્ખી ના પસંદગી બતલાવી, અને હવે શું કરવું તે વીચારમાં પડયા.

તરતજ મોતીનીમાળા બોલી ઉઠી કે પ્રેમ બાંધી લગ્નથી જોડાઉં તો બસ આ જીંદગીમાં તમારીજ સાથે, અને જો તેમ નહિં થાય તો આ ફાની દુનીયામાં 'મોતીનીમાળા' છેજ નહિં તે તમારે ચોક્કસ

ખાતરી પુર્વક સમજવું. મ્હારા વ્હાલા હવે હું ઘણી અધીરી થઇછું, તમે મને કેમ કંઇ બોલોને, તમારો શું વિચાર છે? મ્હારા વ્હાલા, મને હવે જલ્દી જણાવી આ ગભરાતી મનમાં મુઝાતી મોતી, મોતના પંઝામાં સપડાયેલી મોતીનીમાળાને આ દુનીયામાં પ્રકાશીત કરવા પ્રયત્ન કરવા ઇચ્છા હોય તો જલ્દી મ્હારા પ્રાણપ્યારા જવાબ આપી મ્હારા આ જતા પ્રાણને બચાવી મને હિંમત આપી હસ્તી કરશો. બોલો વ્હાલા, જલ્દી જવાબ આપો.

મી. હીરાનોહાર—


મ્હારી વ્હાલી 'મોતી' તુ શું આમ ગાંડી થઇ જાય છે, હિંમત રાખ, જો કે હું મગરૂરી ને અભિમાન તો નથી કરતો; પણ જયાં સુધી આ ત્હારા પ્રેમમાં બ્હાવરા બનેલા બાળુમાં જીવમાં જીવ છે ત્યાંસુધી, મ્હારી વ્હાલી પ્યારી, આ ઝગઝગતી જગતમા કોઇ કન્યાનો હાથ ઝાલીશ તો તે ફક્ત ત્હારોજ ઝાલીશ, જેથી મારા તાપમાં તપેલા મનને ઠંડક મલશે. તુ મ્હારી પ્રાણથી પ્યારી, મ્હારી વ્હાલી મોતી તું કોઇપણ રીતે મુઝાઇશ નહિ. બસ પ્રેમથી પરણીશ તો હું તનેજ પરણીશ. અને જો કદાચ મ્હારી આ ઇચ્છામાં મને કોઇ ભુલાવવા પ્રયત્ન કરશે તો આ બહાવરો બનેલો બાળુ એકાંતમાં મોતીનીમાળા હાથમાં

વ્હાલી પ્રેમનો જપ જપી આ બળબળતી દુનીયામાં 'મોતી' 'મોતી' મ્હારી વ્હાલી મોતી, અરે અહા મ્હારૂં અમુલ્ય મોતી કહેતો ત્હારી શોધ કરીશ, દેશોદેશ ભટકીશ, જંગલે જંગલે રખડીશ, પ્રેમનો જોગી બનીશ, અને આખરે જો તેમ કરવા છતાં હું નિષ્ફળ થઇશ તો 'મોતી, મોતી, બસ મોતી' કહેતો મરીશ. બસ હવે ત્હને મ્હારા પ્રાણ સંતોષ થયો કે નહિં તે જવાબ આપ આ વખતે બન્ને જણ એક બીજાના ગળામાં હાથ નાખી ભેટી પડયાં બસ ડ્રોપ સીન!!!

બન્ને જણે પોતપોતાના મનનો ખુલાસો કરી એક બીજાનાં મન જાણી લીધાં, હવે તેઓ બંગલે જવાની તૈયારીમાં હતા, તેટલામાંજ શ્રી હીરાનાહારે મોતીનીમાળાને કહ્યું કે મને મારા પીતા તરફથી ઘણોજ ઠપકો દરરોજ મળતો રહે છે તેથી મને ભય રહે છે કે કોઇ વખત કદાચ તમારી મુલાકાત લેવામાં પણ મને ખલેલ થાય, માટે હવે મ્હારી ઇચ્છા એ છે કે હું કોઇ જુદો બંગલો ભાડે રાખી ત્હેમાં મારી ભણવાની યોજના કરી, સાથે તમારી મુલાકાત પણ ત્યાં નિશ્ચીતે થાય અને જેથી આપણને ઘણોજ આનંદ થાય, પણ તેમ કરતા મને હાલ પઇસા ઘણા જોઇએ, કે જે હાલ મારી પાસે તેમ કરવા મારા મુખત્યારમાં કોઇપણ સાધન નથી, આટલું કહેતાંજ ત્હેનો ચહેરો જરા ઉતરવા લાગ્યો.

તરતજ મોતીનીમાળા હીરાનાહારના ચ્હેરાપરથી ચેતી ગઇ અને બોલી કે તે કામમાં હું મ્હારી બનતી કોશીશ કરીને તમને આ મુશ્કે-

લીમાંથી બચાવવા આજથી હું પ્રયત્ન કરતી રહીશ, ને આવતી કાલે હું તમને પાલવાપર સાંજના પાંચવાગે જરૂર મ્હારી વીકટોરીયામાં આવીને મલીશ માટે તમે બીલકુલ તે માટે ચિંતા નહીં કરતા હશીખુશીથી બોલેલા બોલ પ્રમાણે ચાલશોજી. તરતજ મી૦ હુરાનકારે મેતીમાળાના મોંમાથી જેવા આ શબ્દો સાંભળયા કે તેને હરખમાં આવી, મેતીમાળાની કોટે વળગતાં આસ્તેથી તેણીના ગોરા ગુલાબી ગાલપર એક ધામેથી -ચુ-મી- લીધી તરતજ મોતીમાળા આથી લજ્જીત થતી બન્ને જણ પોતપોતાની બગીમાં બેસી પોતપોતાને બંગલે ગયાં.



પ્રકરણ ૧૦ મું.

હીરાનાહારનું ચોપાટીના બંગલે જુદા રહેવું. મોતીનીમાળાની મી. હીરાનાહારને મદદ. માણેકચંદ શેઠની સાત કળોની તીજોરી. લગનની ધામધુમ. મોતીનીમાળા અને હીરાનાહારનું ગુમ થવું.

મોતીનીમાળા, મી. હીરાનાહારથી બાબુલનાથને રસ્તેથી છુટી પડી બંગલે જઇ, જમીને, ઘરમાં ધમપછાડા કર્યાં વગર સુઇ રહી, પણ તેની ચકોર ચક્ષુઓ જરા પણ મિંચાઇ નહિ. તેને હવે મનથી માની લીધેલા પોતાના હૈયાનાહારને (હીરાના હારને) કેવી રીતે મદદ કરવી અને હવે પૈસા કાલ સાંજ સુધીમાં કયાંથી લાવી તેમને આપવા, તેના વિચારમાં ને વિચારમા તેણે ઘણીક યુકિતઓ પોતાના મનથી રચી, પણ તેમા તેને એક વ્યાજબી લાગી નહિ, અને આખરે તે વિચારમાં ને વિચારમાં પરોઢીયામાંજ તેની આંખ મીચાઇ ના મીચાઇ જેવી થઇ.

ઝવેરચંદ શેઠે મોતીનીમાળાના સુઇ રહયા પછી ઝવેર શેઠાણીને, પોતાના ખાનગી દીવાનખાનામા બોલાવી તીજોરી ઉઘાડી એક **નવલખો હીરાનોહાર** કાઢી, આપ્યો, અને કહ્યું કે આ હાર મ્હારે મોતી બહેનને કાલે બપોરે આપવાનો છે, અને પછી મોતી બહેન તે હારને શું કરેછે, તે મહારે જોવુંછે. આ નવલખો હીરાનોહાર

પહેરાવી, પછી તારે દર્શનનું બહાનું કાઢી બહાર જવું, અને હાર પાછો લેવાનો તુ ભુલી ગઈ છે તેવુ બતલાવવું. આ યુકતી તે ચેતી ન જાય તેવી રીતે કરવી. આવી યુકતી કરવાનું કારણ ગવેન્ચંદ શેઠે ઝવેર શેઠાણીને એવુ કહ્યું હતું કે જેવો આ હાર તું મોતીબહેનને આપીશ કે જરૂર તે હાર તને પાછો આપવા મોતીબહેન જુદુજ બહાનુ બતલાવી તને પાછો નહિં આપે. આ હાર મોતીબહેન હીરાનાહારને મદદ કરવા કદાચ વેચી પણ નાંખશે બીજું કારણ એછે કે આવતી કાલે કે પરમ દીવસે હીરાનાહારને માણેકચંદ શેઠ બંગલા બહાર કાઢવાના છે અને હીરાનોહાર જુદો બંગલો ભાડે રાખી રહે તેવી માણેકચંદ શેઠની મરજી છે માણેકચંદ શેઠ, પોતાનો એક બીજો બંગલો કે જે ચોપાટીપર આવેલો છે તે બંગલો પોતાના મીત્ર મારફતે હીરાનાહારને (બાબુને અથવા મી ઓલરાઈટને) ભાડે આપશે અને તેમ કરવાથી હીરાનોહાર આ બગલો પોતાના પીતાનો છે તેથી અજાણ્યો રહેશે, આ બગલો સસ્તે ભાડે સારા લાયક માણસને ભાડે આપવાનો છે તેવુ એક હેન્ડબીલ હીરાનાહારને સ્કુલમાંથી છુટતાંજ હાથો હાથ મળે તેવી પણ ગોઠવણી કરવામાં આવી છે અને ખાસ આ બગલો હીરાનોહાર પસંદ કરી ભાડે રાખે તેવું તેના મનપર ઠસાવવાનુ કામ માણેકચંદ શેઠે પોતાના મુનીમના પુત્ર મી ચીમનલાલને સોપ્યુ છે. ત્રીજુ કારણ એછે કે હીરાનાહારનો હાથ ઘણો છુટો હોવાથી માણેકચંદ શેઠે લાંબો વિચાર કરી પોતાની મ્હોટી દોલતથી હીરાનો હાર અજાણ્યો રહે અને માલમીલકત ઉડાવી ન નાખે તેવી ગોઠવણી હીરાનોહાર ભાડાના બગલામાં રહેશે, તે દરમ્યાનમાં માણેકચંદ શેઠ પોતાની તમામ માલમીલકતનો યોગ્ય બંદોબસ્ત કરી નાંખશે અને

જયારે આ બંદોબસ્ત બરાબર થઇ રહેશે ત્યાર પછી માણેકચંદ શેઠ હીરાનાહારને મનાવી, પટાવી, પોતાને બંગલે લાવી, પછી તેના લગનની તઇયારી કરશે

ઝવેર શેઠાણી--(ઝવેરચંદ શેઠને) અરે ! હારને કોણ ફવે છે, પણ એ બે જણના હાથ લાલ થાય તો આપણું જેવું જોઈએ તેવું થઇ જાય ને લાયકને લાયક માન મળે, અને આપણી સર્વેની મનવાંચ્છના પુરી થઈ જાય. મોતીબહેન શિવાય આપણને બીજૂ કોણ છે તે કહો ?

ઝવેરચંદ શેઠ-(શેઠાણીને) ખરૂ છે, પણ તમારો આ વાતમાં શું મત છ?

ઝવેર શેઠાણી-પણ તેમકરતાં તે કદાચ હીરાના હાર મુંબઇ જઇ કઇક આડો અવળો રસ્તો લેનો તો તેમના માત પીતાના અને આપણા બધાના ભોગ મળી જાય

ઝવેરચંદ શેઠ-પણ તું કેમ ગભરાય છે. હમે ખબર કહાડતાં રહીશુ.

ઝવેર શેઠાણી-જો, જો, હાં, જરક પણ હીરાનાહાર તમારા બને શેઠીયાઓના આ કામથી જરાક પણ મુંઝાય નહી અને એમની બરાબર તપાસ તથા જાલવણી કરવાની જો તમારી બેજણની પુરેપુરી હીંમત હોય તોજ આ કામ કરજો, નહિતો પછી, તેનુ જોખમ બધું તમારે બેને માથે છે. હજુ એતો બાલક કહેવાય, અને તમે પણ ઝવેર શેઠાણીને એટલું કહેજો કે એ દરરોજ તે જુદા રાખેલા બંગલે સવાર સાંજ ખબર કાઢતા રહે.

ઝવેરચંદ-ઠીક છે, હું આ બાબતનો તમામ બંદોબસ્ત કરૂંછું.

મી. હીરાનાહાર બાબુલનાથના દહેરાપરથી નીચે ઉતરી પોતાની વીકટોરીયામાં બેસી, મોતીનંમાળાથી હરતે વદને છુટા પડી, મોતીનંમાળાની બીજે દીવસે મુલાકાત રાખી, પોતાના ' બાબુબગીચામ

આવ્યા ' રાત્રે જમ્યાના જમ્યા જેવું કરી નિંદ્રાવસ્થ થયા. માણેકચંદ શેઠ અને માણેક શેઠાણી તેની આ તમામ ચાલચલગતથી જાણીતા હતાં અને હવે હીરાનાહારને સુધારવા તેઓ દરરોજ પ્રયત્ન કરતા આવ્યા હતાં, સ્હવાર થઈને જ્યારે સર્વ જણે સાથે બેસી હીલીચા‌હ પી રહયા પછી માણેકચંદ શેઠે બાણુભાઈની ફરી પાછી ઝડતી લેવા માંડી.

માણેકચંદ શેઠ–કેમ બાબુ ? તુ દરરોજ અટલું અટલુ ત્હને કહયા છતાં પણ તુ દરરોજ સંધ્યાકાળ પડી જાય છે ત્યાંસુધી બંગલે આવતો નથી, મ્હને કંઈ હવે તારી સમજ પડતી નથી, બોલ, જવાબ આપ, શું તારા મનમાં છે તે ઝટ કહીદે કે અમને સમજણ પડે, છેક આમ નઠોર કેમ થયો છે. તને ગઈ કાલે તો મે આટલુ આટલુ કહયું હતુ પણ તું હવે નથીજ ગણકારતો, તો ઠીક છે. જેવો મા હીરાનાહારને પાછો આ ઠપકો મળ્યો કે તરતજ મીજાજ તે સાહેબનો ખસ્યો અને મનમાં બબડવા લાગ્યો કે આ બુઢ્ઢાની કઈ દાગરી–માગરી છટકવા માંડી હોય તેમ લાગે છે, દરરોજ આદુ ખાઈને સ્હવારસાંજ ટીટીયારોળ કર્યા કરે છે, હું ત્હારે શી શી રીતે સ્કુલે જઉં છું, સારાં સારાં કપડા પહેરૂ છુ, શરીરે ચોખ્ખો રહુ છું, ફરૂ છું–હરૂ છુ, ને રોફ મારૂ છુ તે આ દોકરાની આખમાં ખુચતું હોય તેમ લાગે છે, હું તે આને શું કરૂ, મુઈ દોકરી પણ હવે મ્હારૂ કંઈ ઉપરાણું લેતી નથી, બેઉ જણ એક થઈ ગયાં છે, હવે મહારે કોઈ રસ્તે આ કંકાસીઆ કુટુંબમાંથી જુદા પડી જુદા બંગલામાં રહ્યા વગર મારો છુટકો થવાનો નથી, જો કદાચ, મ્હારી પ્યારી, વહાલી, રસીલી, છબીલી, મનની માનીની સુંદરી, મોતીનીમાળા, મને આવો ઠપકો મળતો નજરો નજર કદાચ જુવે તો તે પાંચ મીનીટ પણ મ્હારી સાથે વાત પણ

કરવા ઉભી ના રહે. હવે મ્હારે મારો વિચાર જલ્દી પાર ઉતરે તેમ કર્યા વગર છુટકો નથી, તરતજ કપડાં પહેરી વિકટોરીયામાં બેસી, સ્કુલે ગયા. આજે શનીવાર હતો એટલે અડધા દીવસની રજા હતી. છુટીને સ્કુલની બહાર આવ્યા કે તરતજ એક હેન્ડબીલ વહેંચનાર છોકરાએ એક હેન્ડબીલ મી. હીરાનાહારને આપ્યું તેમાં બંગલો સારી હવામાં ને સસ્તે ભાડે કોઇ આબરૂદાર કુટુંબને ભાડે આપવાનો છે તેવી મતલબનું હતું. તરતજ મી હીરાનાહારે તે હેંન્ડબીલ સાચવીને પોતાના હાફકોટના અંદરના ખીસ્સામાં મુકયુ, અને મી. ચીમનલાલે પણ મી. હીરાનાહારને એકાંતમાં ભણવા માટે આ બંગલો ઠીક છે એમ પણ સમજાવ્યું ને બીજી થોડી વાતચીત બે જણે કર્યા પછી થોડા રૂપીઆ મી ચીમનલાલે પણ મદદ કરવા વચન આપ્યું. અને બે સો સોનાં નોટ તેજ વખતે મી હીરાનાહારને આપ્યાં.

તેજ દીવસે બપોરે મી ચીમનલાલ અને મી. હીરાનાહારે જાતે તે હેન્ડબીલમાં લખેલે ઠેકાણે ચોપાટીપર જઇ તે બંગલો ભાડે આપનાર કારકુનને રૂબરૂમાં મળી એક રૂપીઆ સોનું નોટ ભાડા પેટે અગાઉથી આપી પહોંચ લઇ બંગલો દર મહીને રૂપીઆ સોના ભાડે રાખ્યો. તે બંગલામાં નોકરચાકર અને રસોઇઓ પણ મી. હીરાનાહારે મન માનતો પગાર તે નોકરોનો ઠરાવી રાખયા, અને ત્યાં ખાવાપીવાની તથા રહેવાની અને ભણવાની તમામ યેગ્ય વ્યવસ્થા કરી દઇ પોતાના બાગુ-બગીચામાં ગયો, અને મી. ચીમનલાલ પોતાને મકાને ગયો.

હીરાનાહારને 'બાગુ-બગીચા'માં આજે છેલ્લો દિવસ પસાર કરવાનો હતો. તરતજ ફરવા જવાનાં કપડાં પહેરી, વીકટોરીયામાં બેસી પાલવાપર એકલો મોતીનીમાળાની રાહ જોતો બેઠો.

ઝવેર શેઠાણીએ શેઠના કહયા મુજબ બપોરે પોતાના ખાનગી દીવાનખાનામાં જઇ નવલખો હીરાનોહાર ગળામાં પહેરી તે કેવો દેખાય છે તે જોવા મોતીનીમાળાને એક સાહેની મારફતે બોલાવી.

'મોતીનામાળા' તરતજ ત્યા આવીને જુવે છે તો આખા દીવાનખાનામાં અજવાળુ અજવાળુ થઇ રહ્યું છે. તરતજ તે **નવલખો—હીરાનોહાર** ઝવેર શેઠાણીએ પોતાના ગળામાંથી કહાડી મોતીનીમાળાને પહેરાવ્યો, અને બોલી ઉઠયાં કે મોતીબહેન આ હાર તો તને ઘણોજ શોભી ઉઠે છે ! ! !

અહા ! નવલખો હીરાનોહાર કોણુ ના શોભે ! તરતજ મોતીની માળા કબાટના મ્હોટા આયનામાં પોતાનો ખુબસુરત ગોર ગુલાબી ચન્દ્રમુખો મ્હેરો એકી ટશે જોવા લાગી ને વચરેમાં તે ઉપર નવલખો હીરાનોહાર તેણીના પરી સરખા મ્હેરામાં એક આનદીત પ્રકાશ ઝળકાવી રહયો હતો. થોડીજવારમાં ઝવેર શેઠાણીએ મોતીનીમાળાને કહ્યુ કે હું દરશન કરવા જઉં છું એમ કહી બગીમાં બેશી દશનાર્થે ગયા.

હવે પુછવું શું ? મોતીનીમાળાને તો આટલુજ જોઇતું હતુ

તરતજ વીજળીની ઝડપથી મોતીનીમાળા, નવલખો હીરાનોહાર ગળામાં રાખી પાલવાપર મી. હીરાનાહારને મદદ કરવા આવી પહોચી, ત્યા તો મી. હીરાનોહાર તે નવયૌવન બાળાની રાહ જોઇજ રહયા હતા. બન્નેજણુ સાથે પાલવાપર ફરી કોટમા ગેબલ હોટલમાં બગીમાં બેસી આવ્યા ત્યાં પ્રાઇવેટ રૂમમા (જુદી પરદવળી જગા) બેસી કુશનો કોલડરીંક પી રહયા પછી મી હીરાનાહારે મોતીની માળાને કહ્યુ કે મેં ચોપાટીપર બંગલો ભાડે રાખ્યો છે ને પઇસા સબંધી મને મારા પીતાજીના મુનીમના પુત્ર મી. ચીમનલાલે થોડી

મદદ અત્યારેજ કરી છે, ને બીજી વધુ મદદ મને જલ્દી આપવા જણાવ્યું છે, ચતુર મોતીનીમાળા આ વાતપરથી ચેતી ગઇ, ને નવલખો હીરાનોહાર પોતાની કોટમાંથી કહાડી ટેબલપર મી. હીરાનાહારની પવિત્ર સેવામાં રજુ કરી દીધો. આખી હોટલમાં આ વખતે વીજળીનું લાઈટ ઝાંખુ પડી ગયુ. મી. હીરાનાહારે થોડીવાર સુધી તે નવલખો હીરાનોહાર લેવા આનાકાની કરી, પણ મોતીનીમાળાએ તે ન માનતાં કહયું કે તમે મારી કોઇપણ જાતની ફીકર, મને દપકો ઘર મળે તે બાબતની તમે કરશો નહિ તમે તમારે જોયે તો અત્યારેજ આના ખુકદા કરી નાખો, તમારા કરતા કંઇ આ હાર વધારે કીમતી નથી, મી હીરાનાહારે કહ્યુ કે આવતા કાલે જરૂર પડશે તો હું લઇશ કહીને તે વખતે મોતીનીમાળાને પાછો આપ્યો. અને બેઉજણ પોતપોતાને બંગલે ગયાં.

મી. હીરાનોહાર બાગબગીચામાં ગયો કે પાછી માણેકચંદ શેઠ તેમની ઝડતી લેવી શરૂ કરી. આખરે કંટાળી મી. હીરાનોહાર બીજેજ દીવસે માણેકચંદ શેઠ સાથે કજીઓ કરી, તે જુદા રાખેલા ચોપાટીના બંગલે જુદો રહેવા લાગ્યો. આ વખતે માણેકશેઠાણીનો ચ્હેરો ઉતરી ગયો હતો. પણ માણેકચંદ શેઠની બ્હીકથી તેમનાથી કંઇ ચું કે ચાં થયું નહિ, પણ પછી મનમાં નક્કી વિચાર કર્યો કે હવે મારે હીરાનાહારને ખાનગી રીતે મદદ કર્યા વગર મારાથી જીવ રહેવાશે નહિં, અહા! માતાનો પ્રેમ પિતા કરતાં પણ વિશેષ હોય છે, એમ ઘણાંકનું કહેવું છે, અને તેમાં સ્ત્રી જાતિ એટલે તેનું મન જલ્દી પીગળ્યા વગર આ વખતે કેમ રહે. હીરાનોહાર પોતાના ચોપાટીપરના ભાડાના બંગલે બીજેજ દીવસથી રહેવા લાગ્યો.

'આગળ બુધ્ધિ વાણીઆ' એ કહેવત પ્રમાણે હવે માણેકચંદ શેઠ પોતાની કરોડો બલ્કે અબજો રૂપીઆની મીલકતનો વહીવટ અને ખાતાં ચોખ્ખાં કરી બંગલામાં નગદ-નાણું, અતિશે વ્યાજનો લોભ નહિં રાખતાં એકઠું કર્યું, અને એક હુંશીયાર તીજોરી (=ત્રણ જોરો ૧ આગમા એકદમ બરે નહિં ૨. વજનમાં ભારે એટલે સ્હેજમાં ઉંચકાય નહિં, ૩, ખરી ચાવીઓ હોવા છતાં ઉઘડે નહિં.) બનાવનારને બોલાવી નીચે પ્રમાણે તીજોરી બનાવવા ઓર્ડર આપ્યો,

માણેકચંદ શેઠ—(તીજોરીવાળાને)—જુવો આ પહેલા માળઉપર એકની અંદર એક એવા સાત ઓરડા છે તેમાં છેલ્લા સાતમા ઓરડામાં તે ઓરડા જેવડી મ્હોટી મજબુત લોખંડની તીજોરી, સાત સ્પ્રીંન્ગની ચાંપો બટન સાથે અને આગમાં બળે નહિ તેવી બનાવી, સાતમા ઓરડામાં ગોઠવી, તેને એક બાજુ શિવાય તમામ બાજુએ છોબંધ કરી તે સ્પીન્ગની બટનવાળી સાત ચાંપો, એકકને એકેક ઓરડામા ગેબી જગાએ ફીટ કરવી, અને પહેલી ચાંપ દબાવે કે ફક્ત એકજ રૂપીઓ ચાંપના દબાણથી તીજોરીમાંથી નળીવાટે બહાર નીકળી ટપ દઇને આ પહેલા દીવાનખાનામાં ઉપરથી નીચે પડે, બીજી ચાંપ એવી હતી કે ખરી ચાવીઓથી ઉઘાડવા જાય ને બીજુ બટન દબાવે નહિ તો તરત જોરથી એવી ઘંટડી વાગે કે ઉંઘમાંથી જાગી ઉઠે, ત્રીજી ચાંપ એવી હતી કે ત્રીજુ બટન ડબાવ્યા વગર ઉપલી ચાંપો કોઇ જાણતું હોય ને ઉઘાડવા જાય તો તે ઉઘાડનારના હાથનાં કાંડાંપર એક સ્પ્રીંગ વીંટલાય તેમાંથી શેઠ જયારે તેને છુટો કરે ત્યારે થાય, ચોથી ચાપ એવી હતી કે ઉપલી ત્રણથી જાણીતો હોય ને ચોથુ બટન ડબાવ્યા વગર ઉઘાડવા જાય તો જોરથી અવાજ થાય ને જાણ પડે, પાંચમી ચાંપ

એવી હતી કે પાંચમુ બટન ન દબાવે તો ઉપલી ચારે ચાંપો જાણવા છતાં પણ ના ઉઘડે, છઠ્ઠી ચાંપ એવી હતી કે છઠ્ઠુ બટન દબાવે કે વિજળીક અજવાળુ થઇ જાય અને સાતમી ચાંપ એવી હતી કે સાતમુ બટન ન દબાવે તો ઓરડાની બહાર નિકળી શકે નહિ કે છો ચાંપો જાણનાર ઉઘાડવા જેવો ઓરડામાં દાખલ થાય કે ઓરડાનાં બારણાં બંધ થઇ જાય અને જનાર માણસ અંદર પુરાય ને પકડાઇ જાય, બીજા માળ ઉપર પહેલામાળ જેવા સાત ઓરડા હતા જેમાં દરેકમાં જમીનપર એકએક બાકુ ઢાકણાવાળુ રાખવું જે જરૂર પડે ઉઘાડી તેમાથી જોતાં પહેલા માળપરના સાતે ઓરડામાં શું થાયછે તે જોઇ શકાય, તેવી બે બહીને તીજોરીબનાવનારે શેઠના કહયા મુજબ ઉંચી કારીગરીથી તઇયાર કરી ગોઠવી આપી શેઠને ખુશખુશ કરી દીધા.

આ તીજોરીની ચાંપો માણેકચંદ શેઠ અને માણેક શેઠાણી શિવાય બીજો કોઇ ઘરનો પોપટ પણ જાણતો ન્હોતો, ખાસ અણી વખતે અને આબરૂ પર હાથ પડવાને પ્રસંગેજ ઉપયોગ કરવા શેઠે શેઠાણીને કહ્યુ હતુ, તીજોરીના ઉપલા ભાગમાં ગીનીઓ અને રૂપીઆ રાખ્યા અને નીચેના ભાગમાં સોનારૂપાના અને રત્ન જડીત કીમતી દાગીના તથા મોતીની માળા ને હીરાના હાર અને કીમતી અગત્યના દસ્તાવેજ ગોઠવી દીધા હતા, આ તીજોરીથી હીરાનોહાર અજાણ્યો હતો.

હીરાનાહારનુ ચોકસ મન જોવા માટે અને મોતીનીમાળા સાથે પોતાની મેળેજ વિશેષ પ્રેમપાત્ર એકમીજા સાથે થાય ને ઇરાદાથી માણેક ચંદ શેઠે, માણેક શેઠાણી મારફતે હીરાનાહારને એવું કહેવડાવ્યું હતું કે ત્હારૂં લગ્ન ફલાણા દીવસે અમદાવાદમાં ફલાણા માણસની પુત્રી સાથે કરવાનું છે. આ લગન થવાનો હવે એકાદ મહીનો હતો.

મોતીનીમાળા ઘેર જઈ નવલખો હીરાનોહાર પાછો નહિં આપતાં સંતાડી રાખ્યો. ઝવેર શેઠાણીએ તે દીવસે માગ્યો નહિં. બીજે દીવસે તે હીરાનાહારને ચોપાટીપરના બંગલે મલી, અને બન્નેજણ સાથે બજારમાં જઇ, તે નવલખા હીરાનાહારમાંથી ફકત બે નંગ દલાલ મારફતે વટાવી રૂપીઆ પચાસ હજારની, થોડી નોટો અને ગીનીઓ લઇ બંગલે આવ્યાં, હાર જરા મ્હોટો હતો તે સ્હેજ નાનો થયો, અને હીરાનાહારને મોતીનીમાળાએ કહ્યું કે આ હારનો ઉપયોગ જયારે આપણો એક ઇલાજ નહિ પ્હોંચે ત્યાર કરીશું.

આખરે નવલખા હીરાનાહારની પુછપરછ શેઠશેઠાણીએ કરી, ત્યારે મોતીનીમાળાએ કહ્યું કે માગથી ડાબે હાથે કાંઇ જગાએ મુકાયો છે તે જડતો નથી, શેઠે શેઠાણીને કહ્યું કે મેં જેવું તને પહેલાં કહ્યું હતું તેવું થયું ને મોતીનીમાળાના હાથે ખોવાયો.

મોતીનીમાળા ને હિરાનોહાર હવે ખુબ સેલસપાટા કરવા લાગ્યા અને છુટે હાથે પઇસા ઉડવા લાગ્યા

પળ પછી પળ, મીનીટ પછી મીનીટ, કલાક પછી કલાક અને દીવસ પછી દીવસ પસાર થવા લાગ્યા અને હવે તે બેઉનાં લગન જુદે જુદે ઠેકાણે થવામાં ફકત હવે ગણ્યા-ગાંઠયા દીવસજ બાકી હતા મી. ચીમનલાલ પણ હીરાનાહારને રૂપીયા પાંચ હજાર સુધી મદદ કરે જતા હતા મોતીનીમાળાની સખી સાહેલીઓ ચેનમાં વખત પસાર કરતી હતી અને તેઓને મોતીનીમાળા હવે નવ-નવાં ઇનામો તેઓનાં કામની કદર કરી તે સાહેલીઓને આપે જતી હતી

પેલી નાની બટુકડી સાહેલીતો મોતીનીમાળાનીજ સાથેનેસાથેજ રહેવા લાગી, અને મોતીનીમાળાને તો તે સાહેલી સાથેજ હોય ત્યારે

તેને ચેન પડતું, ને પોતે તેને સારીપેઠે મોજમજાહમાં રાખતી હતી.

હવે મી. હીરાનાહારને મણેકચંદ શેઠે કહેવડાવયું કે તારૂં લગન કરવાનું છે માટે તું બાણુગામે ચાલ પણ તેમાં તેને ચોખ્ખી ના કહી અને જયારે તે એમ સમજયો કે મારૂં લગન બીજી કોઇ કન્યા જોડે મારા પીતા કર્યા વગર રહેશે નહિ ત્યારે અને જયારે મોતીની માળા માટે પણ તેણીના ઘર આગળ બીજા સાથે લગ્ન કર્યાં વગર તેણીના માતપીતા છોડવાના નથી ત્યારે મોતીનીમાળા અને હીરાનોહાર બે જણુ ઘણીવાર વિચાર કરવા લાગ્યા કે હવે શું કરવું, આપણા બેજણનાં લગન જુદેજુદે ઠેકાણે હવે થવાની તઇયારીમા છે માટે હવે વખત નહિ ખોતાં આપણે જની કોઇ યોગ્ય રસ્તો લેવો જોઇએ.

હીરાનોહાર—હા ! મારા મનના મોતી ત્હારૂં કહેવું વ્યાજબી છે

હે ! દિનદયાળ પ્રભુ કૃષ્ણ પરમાત્મા,! હું જેવુ ધારતો હતો, તેવુજ આખરે મ્હારા પીતાએ કર્યું

મોતીનીમાળા—પ્રાણ, પ્રાણ, અત્યારે વખત ગુમાવવાનો નથી, જુઓ આપને યોગ્ય લાગે તો આ નવલખા હિરાનોહાર વેચી આપણે અહીથી અગીયારા (બાર નહિં) ગણી જઇએ તો શું ખોટું ?

હીરાનોહાર--જેવી મ્હારા પ્રાણની મરજી, પણ મ્હારી વ્હાલી મોતી આપણી બહાર દેશની મુશાફરીમાં મને તુ મદદ કરવા એક પળ નહિ ગૂમાવતાં અને મ્હારી આ લાલ થયેલી ચક્ષુઓને, જયારે ત્હારી ચકોર ચક્ષુઓને, ચેનમાં ચોવીશે કલાક વખત પસાર કરતી, હસતી અને રમતી આનંદમાં દેખીશ ત્યારેજ તેને ચટક મલશે.

મોતીનીમાળા—મ્હારા પ્રાણાધાર-પ્રાણપ્યારા, મ્હારા વ્હાલા શિરછત્ર, આપની આ દીનદાથી મનમા મુઝાતી મોતી, મોતના પઝામા સપ-

ડાયેલી મોતીનીમાળાને, આપનાં પવિત્ર સ્નેહદર્શનથી એક પળ પણ દૂર નહિ રાખશો એવી આશા રાખું છું.

હીરાનોહાર—કબુલ છે કબુલછે, એક વાર નહિં પણ હજારવાર મ્હારે તે મ્હારા પ્રાણની ખાતર કબુલ છે. અરે આ પ્રાણ પણ મારા 'પ્રાણ' માટે હાજર છે કબુલ છે. હવે—

મોતીનીમાળા—જુવો તેમ કબુલ હોય તો વચ્ચે ચાંદા-સુરજની સાખ રાખી, આપો વચન.

તરતજ બંન્નેજણ બંગલા બહાર ખુલ્લી જગામાં સુર્યના પ્રકાશમાં ઉભા રહી એકબીજા સાથે કોલકરાર કરી, એકબીજાનાં વચન લીધાં અને પ્રેમના આવેશમા આ બન્ને ખીલતી જુવાની મદમાં ડોલતા પ્રેમીઓ તે નવલખા હિરાનાહારમાંથી પાછાં બે નંગ વેચી તેનાં નાણાં લઇ, સર્વે નોકરચાકરનો પગાર ચુકવી, બંગલાનું ભાડું આપી, મારકીટ અને સ્ટોરમાંથી જોઇતો મુશાફરીનો સામાન લઈ, સ્ટેશનપર જઈ, ફર્સ્ટ કલાસનો એક કંપાઉન્ડ રીઝર્વડ કરાવી ટીકીટો લીધી, બટુકડી સાહેલી રસોઈઓ અને એક નોકર સાથે રાખી; જમી પરવારી રાત્રે કામલતાનો નાટક જોઇ આવી, ઉંઘી નહિ જતાં બન્નેજણે પોતપોતાના માતપિતા પર ચીઠીઓ લખી ચોપાટીના બંગલામાં ટેબલપર વચ્ચોવચ દબાવીને મુકી, સહુવારે મળસકામાં દાતણ પાણી કરી ન્હાઇધોઇ સેવાપુજા કરી, દુધનાં ચહાપાણી પી, તેઓ પાંચેજણ રેલ્વેમાં રિઝર્વડ ફર્સ્ટ કલાસમાં બેસી એકદમ

મોતીનીમાળા, હીરાનોહાર, બટુકડી સાહેલી, એક રસોઇઓ ને એક નોકર ગુમ થયાં, અને

તેમનો પતો એકદમ ના લાગ્યો તે નાજ લાગ્યો, ત્યારે આખર અત્યારે આપણે તેમને ગુમ થયેલાં છે, એવું કહીશું, અને છેવટમાં તેમનું શું થયું અને તેમને કેવી મોજમઝાહ અને ચેનમાં અને આનંદમાં આ સોનેરી વખત પસાર કર્યો તે અને તેમના લગ્ન સબંધી તથા માણેકચંદશેઠ અને માણેકશેઠાણિ ઝવેરચંદશેઠ અને ઝવેરશેઠાણિ, તેઓનાં સગાંવહાલા, જરઝવેરાત માણેક-મહેલ ને બાગ-બગીચા તથા **મી. ચીમનલાલ** અને મોતીનીમાળા. સરખી સાહેલીઓ તથા સાત ચાંપની તીજોરી અને નવલખો હીરાનોહાર આ સર્વેનું શું થયું તે આ કલ્પીત નોવેલના બીજા ભાગમાં જો આ નોવેલ લખનારને, શોખીલા વાંચકવર્ગનાથી અને જ્ઞાતિના આગેવાન ગહેરબાન મુરબ્બીઓ તરફથી યોગ્ય ઉત્તેજન મળશે તો લખનાર પોતાની ઘણી ખુશીથી અનુકુળ પ્રસંગે, છપાવી બહાર પાડવા ચુકશે નહિ.

આ કલ્પીત કુમળાં સાચા સ્નેહમાં ઝીલેલાં પ્રેમીઓને અત્યારે પ્રભુ આશરા હેઠળ અને તેમની શીતલ છાયામાં રાખી આ ગુમ થયેલા મોતીનીમાળા ને હીરાનોહારની કલ્પીત વર્તા બંધ કરી તેનો ૧ લો ભાગ પુરો કરૂ છુ અને ભુલ-ચુકની ક્ષમા ચાહું છુ. એજ--

લી०

પરીખ મણીલાલ દ્વારકાંદાસ,

સમાપ્ત.

આશ્રય આપનારનાં મુબારક નામ—

મહેમદાવાદ,

૧૦૧ રા.રા. નાથાલાલ મોહેલાલ કોઠારી
૧૦૧ રા.રા. અચરતલાલ મોગીલાલ કોઠારી
૨૫ પરીખ ભુનાભાઈ પરશોતમદાસ
૫ દેશાઈ જીવનલાલ દામોદરદાસ,
૧ માસ્તર શંકરલાલ છોટાલાલ
૧ ગોવીંદલાલ માણેકલાલ ગાંધી
૧ પરીખ ચીમનલાલ ચુનીલાલ
૧ સાહ મગનલાલ હરીજન
૧ વાડીલાલ ડાહ્યાભાઈ
૧ શંકરલાલ ગોરધન
૧ સાકરલાલ છગનલાલ કાપડીઆ
૧ માસ્તર હીરાલાલ રેવાશંકર
૧ હસન જમાલ વહોરા
૧ ફકીર ઈસ્માઈલ વહોરા
૧ ઈશ્વરભાઈ મગનદાસ
૧ સાહ માણેકલાલ પેચાભાઈ
૧ જીવા ભાઈજી
૧ છોટાલાલ મોહનલાલ
૧ સાહ સાકરલાલ જેઠાલાલ
૧ મનાદજી સામળજી બારોટ
૧ સાહ મોહનલાલ ડાહ્યાભાઈ
૨૫ પંડ્યા જેઠાલાલ મથુરદાસ
૧ શંકરલાલ મનોરદાસ ભાવશાર.
૧ જેઠાલાલ દ્વારકાદાસ ભાવસાર
૧ સાહ નાથાલાલ કીશોરદાસ
૧ દેશાઈ મણીલાલ ભોગીલાલ
૧ નાથાલાલ વી, દેશાઈ 'દરપણ'
૧ પોપટલાલ લાલભાઈ,

અમદાવાદ.

૧ નંદલાલ કેશવલાલ સાહ
૧ સાહ મણીલાલ મગનલાલ
૧ પરીખ શાકરલાલ બાબરભાઈ
૧ ભાઈલાલ હીરાલાલ મહેતા
૧ ગણપત મોતીભાઈ
૧ વ્યાસ જેશંકર ભોળાશંકર
૧ પટેલ ચતુરભાઈ જેશીંગભાઈ
૧ મી. ગોકળદાસ ટી૦
૧ માણેકલાલ મથુરદાસ સાહ
૧ મણીલાલ જેચંદ સાહ.

ખેડા.

૨૫ પરીખ ત્રીકમલાલ અમૃતલાલ
૧ સાહ ભાઈલાલ નાથાલાલ
૧ પરીખ ચકુભાઈ ગોકલદાસ
૧ શેઠ મોહનલાલ અમુલખ
૧ સોમચંદ ઝવેર ભાવસાર

પરિયેજ તાલુકે માતર

૧ શેઠ મોતીભાઈ ફુલચંદ
૧ શેઠ રણછોડભાઈ લલુભાઈ
૧ પરીખ હીરાલાલ શંકરલાલ
૧ શેઠ હરીભાઈ મથુરદાસ-શ્રેષ્ઠી
૧ વીઠલદાસ ખેમચંદ સોની
૧ રા.રા. પ્રભુદાસ બેચર

દાહોદ.

૧ મહેતા મુળજીભાઈ મોતીલાલ
૧ બક્ષી કંચનલાલ પીતાંબરદાસ
૧ બક્ષી ચીમનલાલ પ્રેમાનંદદાસ
૧ બક્ષી મફતલાલ પરસોતમદાસ

નીચેના શીરનામે મોકલી આપનારના નામ વાર્તાની શ. ના પ.. પાનામાં છાપવામાં આવશે.

ચાર ચોપડી સાથે ખરીદનારને એક ચોપડી વધુ આપવામાં આવશે.

ખરીદનારે નીચેની લાઇનોમાં પોતાનું ઠેકાણું ચોખ્ખા દસ્કતે અને સહીથી લખી ટીકીટ ચોડી મોકલવા કૃપા કરવી.

નામ ______

ઠેકાણું. ______

ગામ કે શહેર ______

રેલ્વે સ્ટેશન. ______

નોવેલમાં જાહેરખબરની છપામણીનો ભાવ નીચે પ્રમાણે છે

૧ પેજના	રૂ.	૨–૦–૦
ા ,,	રૂ.	૧–૦–૦
। ,,	રૂ.	૦–૮–૦
ચાર લાઇનના		૦–૪–૦

છપાવી બહાર પાડનાર
પરીખ મણીલાલ દ્વારકાંદાસ
દેશાઇ પોળ.
મહેમદાવાદ.

શ્રી સારદા વિજય પ્રીન્ટીંગ પ્રેસ–મહેમદાવાદ

નૉવેલ

વાંચવાના શોખ ધરાવતા

શોખીનોને

માટેજ અને કથા [illegible] શોખીન

હરેક આગેવાન સ્ત્રી-પુરૂષ અને

યુવકોને માટેજ ખાસ આ નોવેલ

[illegible]

છપાવવામાં આવી છે, તો તે

મહેરબાનો જલ્દી ખરીદી ઉત્તેજન

આપશેજ એવી આશા છે.

[illegible]- આ નોવેલ [illegible]

ઠેકાણું:- પરીખ [illegible]

છપાવી બહાર પાડી છે

[illegible]

સુરત અને આજુબાજુના ફેન્સી છાપકામનું કામ [illegible]

કરી આપવામાં છે. [illegible]